Website : www.rakhewaldaily.com
Email : rakhewal@gmail.com

વર્ષ : 33 ● અંક : ૧૦૩
તા.૧૯-૦૫-૨૦૧૭, શુક્રવાર
સંવત ૨૦૭૩ વૈશાખ વદ - ૦૮
પાના : ૮ ● કિંમત રૂ.૨-૦૦

સૂર્યોદય : ૦૫:૫૮ સૂર્યાસ્ત : ૦૭:૧૫

તાપમાન
ડીસા ૪૧
અમદાવાદ ૪૨.૪
ગાંધીનગર ૪૩.૪
વડોદરા ૪૧.૨
સુરત ૩૪.૨
નલિયા ૩૫.૪

ચાંદી : ૩૯૨૦૦ સોનું : ૨૯૨૦૦

P.R.No. GBK/06/2015-17 RNI No 20508/71
Facebook.com/rakhewal

ઉત્તર ગુજરાતનું પ્રથમ દૈનિક
રખેવાળ

સંવર્ધક તંત્રી : અમૃતભાઈ શેઠ
પો.બો. નં. ૧, માનવ મંદિર - ડીસા, ફોન : ૨૨૦૨૬૪, ૨૨૨૭૬૪ ફેક્સ : (૦૨૭૪૪) ૨૨૦૬૮૪ પાલનપુર ફોન-૨૫૩૦૦૪, અમદાવાદ ફોન. ૨૬૪૦૭૧૪૭
જનસેવાની પરંપરાના ૩૩ વર્ષ...

જાધવની ફાંસીની સજા પર આઈસીજે દ્વારા બ્રેક

ઈન્ટરનેશનલ કોર્ટ ઓફ જસ્ટીસમાં ભારતની તરફેણમાં ચુકાદો : વિયેના સમજૂતિ હેઠળ ભારતની રજુઆતને સ્વીકારવા પાકિસ્તાનને સ્પષ્ટ સૂચના આપી : અંતિમ નિર્ણય સુધી ફાંસી નહીં આપવા પાકિસ્તાનને સૂચના

નવી દિલ્હી

ઈન્ટરનેશનલ કોર્ટ ઓફ જસ્ટીસ (આઈસીજે)માં ભારતને પાકિસ્તાનની સામે મોટી જીત મળી ગઈ છે. આઈસીજે દ્વારા ભારતીય નાગરિક કુળભૂષણ જાધવને પાકિસ્તાનની લશ્કરી કોર્ટ દ્વારા ફટકારવામાં આવેલી ફાંસીની સજા ઉપર અંતિમ ચુકાદો ન આવે ત્યાં સુધી સ્ટે મુકી દીધો છે. જાધવની ફાંસીની સજા ઉપર સ્ટે મુકવામાં આવ્યા બાદ પાકિસ્તાનને પીછેહઠનો સામનો કરવો પડ્યો છે. સાથે સાથે કોર્ટે જાધવને રાજકીય સહાયતા ઉપલબ્ધ કરાવવા માટે પણ આદેશ કર્યો છે. આઈસીજે દ્વારા ભારતની તરફેણમાં આ ચુકાદો આપવામાં આવ્યો છે. પાકિસ્તાને એવી સલાહ પણ આપી છે કે તેને જાધવ સુધી ભારતની રાજકીય ઓળખ અને સહાયતાની માંગ સ્વીકારવી જોઈએ કારણ કે આ બાબત વિયેના સમજૂતિ હેઠળ આવે છે. આઈસીજેના અધ્યક્ષ રોમી અબ્રાહમ દ્વારા આ ચુકાદો આપવામાં આવ્યો હતો. આઈસીજે દ્વારા પોતાના ચુકાદામાં કહેવામાં આવ્યું છે કે ભારત અને પાકિસ્તાન બંને દ્વારા વિયેના સમજૂતિ ઉપર હસ્તાક્ષર કરવામાં આવ્યા છે. જાધવ મામલામાં અંતિમ નિર્ણય ન આવે ત્યાં સુધી જાધવની ફાંસીની સજાને રોકી દેવામાં આવે તે જરૂરી છે. કોઈપણ પ્રકારની દુરભાવના રાખીને જાધવ સામે કાર્યવાહી પાકિસ્તાન ન કરે તે ખૂબ જરૂરી છે. ભારતે વિયેના સમજૂતિ હેઠળ આઈસીજેમાં અપીલ કરી હતી. ભારતની વિયેના સમજૂતિ હેઠળ માંગને યોગ્ય ઠેરવવામાં આવી હતી. આ સમજૂતિ હેઠળ ભારતને પોતાના નાગરિક સુધી પહોંચવાનો અધિકાર છે. પાકિસ્તાન હજુ સુધી જાધવ માટે રાજકીય મદદ આપવાનો ઈનકાર કરી રહી હતી.

પાકિસ્તાન ઉપર આજના ચુકાદા બાદ દબાણ વધી ગયું છે. પ્રાથમિક રીતે જાધવને જાસૂસ તરીકે દર્શાવવાની બાબત અમે નક્કી કરી શકીએ નહીં. આ મામલો નક્કી ન થાય ત્યાં સુધી ફાંસીની સજા રોકી શકાય છે. આઈસીજેને જાધવ મામલામાં દરેક બાબત સાંભળવાનો અધિકાર છે. જાધવને ભારતના જાસૂસ તરીકે દર્શાવવાની પાકિસ્તાનની બાબત પુરવાર થઈ રહી નથી. બીજી બાજુ ભારતની તરફેણમાં ચુકાદો આવતા ખુશીનું મોજુ ફરી વળ્યું હતું. જાધવ માટે રાજકીય સહાયતાની માંગ કરી રહેલા ભારતે ૧૬ વખત આવી રજુઆત કરી છે પરંતુ પાકિસ્તાને ભારતની વાત સ્વીકારી નથી. નેધરલેન્ડના હેગમાં સ્થિત આઈસીજેમાં મામલાની સુનાવણી સોમવારના દિવસે કરવામાં આવી હતી. જેમાં ભારત અને પાકિસ્તાન તરફથી તર્કદાર દલીલો કરવામાં આવી હતી.

રાજ્ય સરકાર દ્વારા મહત્વપૂર્ણ નિર્ણય કરાયો

જમીન મહેસુલ કાયદાના સુધારાના નિયમો અમલમાં

પાંચ લાખ પરિવારોને લાભ : સૂચિત સોસાયટીમાં વસવાટ કરતા રહિશોના નામે ભોગવટો કાયદેસર કરાશે

અમદાવાદ

રાજયના મોટાભાગના ગ્રામ, નગર અને શહેરોની આજુબાજુ સુચિત સોસાયટી કે નોંધાયેલી સોસાયટીઓમાં વસવાટ કરતા લોકોના નામે મકાનો કાયદેસર ન થાય હોય, મહેસુલી ટાઆઈટલ પ્રાપ્ત ન થયું હોય તેઓને મહેસુલી ટાઈટલ પ્રાપ્ત થાય અને સુચિત સોસાયટીઓમાં વસવાટ કરતા રહીશોના નામે તેમનો ભોગવટો કાયદેસર થાય તે માટે મહેસુલ વિભાગે ગુજરાત જમીન મહેસુલ કાયદો ૧૮૭૯માં કરેલા ઐતિહાસિક સુધારાના નિયમો અમલમાં મુક્યા છે. રાજય સરકારના આ નિર્ણયને અતિ મહત્વનો અને ઐતિહાસિક લેખાવતા મહેસુલ મંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ જણાવ્યું હતું કે, નવા અમલી બનનાર આ નિયમો સુચિત સોસાયટીઓમાં વસવાટ કરતા રહીશોને માર્ગદર્શનરૂપ બનશે ઉપરાંત આવા વસવાટ કરનારાઓને તેમના શાંત અને પ્રત્યક્ષ કબજા ભોગવટાની, મકાન હેઠળની જમીનનું મહેસુલી ટાઈટલ પ્રાપ્ત કરવાની તક મળશે તેવી આશા વ્યક્ત કરી છે. આ નિયમો જે સુગઠીત કરવામાં આવ્યા છે તેમાં ગામ, નગર, શહેર તથા પરિવર્તનીય વિસ્તારોની ઘરથારની હદ નક્કી કરવા સંબંધિત કલેકટરે કઈ રીતે દરખાસ્ત કરવી, કઈ કઈ બાબતોનો સમાવેશ કરવો, રાજય સરકાર ધ્વારા દરખાસ્તને અનુમતિ આપ્યા બાદ કલેકટર ધ્વારા પુરક મહેસુલ સેટલમેન્ટ કરવા સારુ જાહેરનામુ પ્રસિધ્ધ કરવું, રાજય સરકાર ધ્વારા પુરક મહેસુલ સેટલમેન્ટની કાર્યવાહી કરવા માટે અધિકૃત મહેસુલી અધિકારીની નિમણુક કરવી, અધિકૃત મહેસુલી અધિકારી ધ્વારા પરિવર્તનીય વિસ્તારમાં પુરક મહેસુલી સેટલમેન્ટની કાર્યવાહીના ભાગરૂપે જાહેર નોટીસ પ્રસિદ્ધ કરવી, વ્યક્તિગત નોટીસ પ્રસિધ્ધ કરવી તેમજ વાંધા મંગાવતી નોટીસ પ્રસિધ્ધ કરી, દાવા હેઠળની જમીનના સમર્થનમાં જે પુરાવા રજુ કરેલ છે તેની યથાર્થતા તપાસી દાવો મંજુર કરવો કે નહી તેનો નિર્ણય કરવા બાબત, દાવો મંજુર કર્યેથી દાવેદારને દાવા પ્રમાણપત્ર ઈસ્યું કરવું વગેરેનો સમાવેશ થાય છે. દાવા પ્રમાણપત્રમાં જણાવેલ માંડવાળ ફી ભરવા માટેની જોગવાઈ, પ્રિમીયમની રકમ અને અન્ય સરકારી લેણાંની રકમ વગેરે જેવી નિયમાનુસાર ભરવાપાત્ર ફીની રકમ સાથે દાવેદારનું નામ રજીસ્ટર ઓફ મ્યુટેશનમાં દાખલ કરવાની કાર્યવાહી, જો દાવેદાર તરફથી ૯૦ દિવસની સમયમર્યાદામાં તમામ સરકારી લેણાં ભરપાઈ કરવામાં આવે તો અધિકૃત મહેસુલી અધિકારી ધ્વારા દાવેદારની તરફેણમાં ના લેણાં પ્રમાણપત્ર ઈસ્યુ કરવાની કાર્યવાહી, તે આધારે દાવેદારનું નામ રજીસ્ટર ઓફ રેકર્ડ ઓફ રાઈટસમાં દાખલ કરવાની કાર્યવાહી વગેરે બાબતોની પધ્ધતિ, કાર્યપધ્ધતિ વગેરે સુચવતા નિયમો નિશ્ચિત કરવામાં આવેલ છે.

ડીસા પાલિકાના ૧૪ બોરમાં નવી પાઈપો ઉતારવાની નોબત

ભૂગર્ભ જળ નીચે જતા પાણીની ગંભીર કટોકટીના એંધાણ

ડીસા

ડીસા પંથકમાં ઉત્તરોત્તર ભૂગર્ભ જળ ચિંતાજનક હદે ઉંડા ઉતરતા જાય છે. જેના કારણે પાલિકા સંચાલિત ૧૪ પાણીના બોરમાં ૩૦ થી ૪૦ ફુટની નવી પાઈપો ઉતારવાની ફરજ પડી છે. જેથી નજીકના વર્ષોમાં પાણીની ગંભીર કટોકટી સર્જાવાના એંધાણા વર્તાવા લાગ્યા છે.

બનાસકાંઠા જિલ્લાના તાલુકા મથક ડીસામાં અગાઉ બનાસ નદી બે કાંઠે વહેતી હતી પરંતુ ડેમ બંધાવાના કારણે નદીનું વહેણ વર્ષોથી સુકાઈ ગયું છે. અધૂરામાં પુરૂ, દર વર્ષે ચોમાસામાં અપૂરતો વરસાદ પડે છે તેમ છતાં બનસા નદીમાં ૨૪ કલાક ધમધમતા બોર મારફત વાવ - થરાદ તાલુકાને પાણી આપવામાં આવી રહ્યું છે. જેના કારણે ભુગર્ભ જળમાં ધરખમ ઘટાડો થયો છે. જેથી બોર અને ટ્યુબવેલ નિષ્ફળ નિવડવા લાગ્યા છે જેના પગલે ખેડૂતોને બોરમાં વધારાની નવી પાઈપો ઉતારવાની નોબત આવી છે ત્યારે શહેરને પાણી પુરૂ પાડવા પાલિકા સંચાલિત ૨૩ બોર પૈકી ૧૪ બોર પાણી ઉલેચવામાં 'ડચકા' ખાવા લાગ્યા હતા. તેથી ભર ઉનાળે પાણીની સમસ્યા સર્જાય તે પૂર્ણ પાલિકાના સત્તાધીશોએ સજાગતા દાખવી ૧૪ બોરમાં ૩૦ થી ૪૦ ફૂટની નવી પાઈપો ઉતારી દીધી છે. જેથી હાલ પૂરતું પાણીનું સંકટ ટળી ગયું છે પરંતુ ભૂગર્ભ જળની આજ સ્થિતિ રહી તો નજીકના વર્ષોમાં પાણીની ગંભીર કટોકટી સર્જાવાની પૂરેપૂરી શક્યતા છે.

ભરત સુંદેશા

પાલિકા પાણીનો સમય ઘટાડશે

સતત ઘટયે જતા ભૂગર્ભ જળથી પાલિકાના પ્રમુખ પ્રવિણભાઈ માળીએ ચિંતા વ્યકત કરી જણાવ્યું હતું કે ભુગર્ભ જળ ઘટતા ૧૪ પાણીના બોરમાં વધારાની ૩૦ થી ૪૦ ફૂટની પાઈપો ઉતારવી પડી છે. પરંતુ આગામી દિવસોમાં ખારૂ પાણી પીવાનો વારો આવે તેમ છે ત્યારે શહેરીજનોને નળની ચકલીઓ ખુલ્લી ન રાખી અમૂલ્ય પાણીનો વેડફાટ ન કરવા અપીલ કરી હાલમાં શહેરમાં પાણીનો સમય ઘટાડવાની વિચારણા ચાલી રહી હોવાનું ઉમેર્યું હતું.

તેજી પર બ્રેક : નિફ્ટી એક ટકા ઘટી ૯૪૫૦થી પણ નીચે રહ્યો

મુંબઈ

શેરબજારમાં છેલ્લા ત્રણ દિવસથી ચાલી રહેલી તેજી પર આજે બ્રેક મુકાઈ હતી. આજે શેરબજારમાં કારોબારના અંતે સેન્સેક્સ અને નિફ્ટી બંને ઘટાડા સાથે બંધ રહ્યા હતા. એકબાજુ સેન્સેક્સમાં ૨૨૩ પોઈન્ટનો ઘટાડો રહેતા તેની સપાટી ૩૦૪૩૪ રહી હતી. જ્યારે બ્રોડર નિફ્ટી ૯૬ પોઈન્ટ ઘટીને ૯૪૨૯ની સપાટીએ રહ્યો હતો. અગાઉના સેશનમાં સેન્સેક્સમાં સુધારો જોવા મળ્યો હતો. આજે કારોબાર દરમ્યાન ઉથલ પાથલનો દોર ચાલ્યો હતો. બીએસઈ મિડકેપ અને સ્મોલકેપ ઈન્ડેક્ષમાં ક્રમશઃ ૨ અને ૧.૩ ટકાનો ઘટાડો રહ્યો હતો. અમેરિકામાં રાજકીય પરિસ્થિતિની સીધી અસર જોવા મળી રહી છે. વ્હાઈટ હાઉસમાં રાજકીય અંધાધૂંધી વચ્ચે વેચવાલીનો દોર ચાલ્યો હતો. અમેરિકાની આર્થિક નીતિઓને લઈને કારોબારીઓમાં ચિંતાનું મોજુ ફરી વળ્યું હતું. જેની અસર જોવા મળી હતી. આજે કારોબાર દરમ્યાન વિપ્રો. ટીસીએસ, ઈન્ફોસીસ અને સનફાર્માંમાં સુધારો રહ્યો હતો.

વિચાર વૈભવ...

મનને માર્યું- તર્યા મનનું માન્યું- મર્યા

બાબાને સખત શરદી હતી, ઘરમાં મમ્મી ગેરહાજર હતી. બાબાને આઈસ્ક્રીમ ખૂબ ભાવતો હતો અને આઈસ્ક્રીમ ફ્રિજમાં હતો. બાબાએ આઈસ્ક્રીમ કાઢી લીધો ફ્રિજમાંથી. મજેથી ખાઈ લીધો. ચાર દિવસ પછી થઈ ગયો ડબલ ન્યુમોનિયા.બાબાને દાખલ કર્યો હોસ્પિટલમાં. શ્રેષ્ઠ ડૉકટરોએ શ્રેષ્ઠતમ સારવાર કરી છતાં બાબો બચી ન શકયો. ઊપડી ગયો પરલોકની વાટે.

યુવક ગયો કૉલેજમાં. શ્રીમંત બાપનો બેટો હતો. તંદુરસ્ત હતો, રૂપવાન હતો, પણ સંસ્કારી હતો. એના મિત્રોએ એને ગુટખાના સેવન માટે અનેકવાર પ્રોત્સાહિત કર્યો, એનું ખુદનું મન પણ એકવાર તો એ માટે તત્પર બની ગયું, પણ પોતાના મનને એણે માર્યું, ગુટખાનું સેવન એણે ન જ કર્યું અને ગુટખાનું સેવન કરી રહેલા એના મિત્રોને એણે કેન્સરના શિકાર બની ગયેલા જોયા ત્યારે એ સ્તબ્ધ થઈ ગયો. 'સારું થયું, મનને આધીન બની જઈને મેં ગુટખા ન ખાઈ લીધા!'

સંદેશ સ્પષ્ટ છે. મન ઢાળપ્રેમી છે અને પ્રલોભનપ્રેમી છે. શરીરને જેમ નીચે ઊતરતાં હળવાશનો અનુભવ થાય છે તેમ મનને પતનની દિશા તરફ ભાગતા આનંદનો જ અનુભવ થાય છે. અલબત્ત, દરેક ઢાળ શરીર માટે જોખમી જ બની રહે છે કે નુકશાનકારક જ બની રહે છે એવું નથી, પણ મનને ગલગલિયાં કરાવતું દરેક પ્રલોભન આત્મા માટે જોખમી અને નુકસાન કારકજ બની રહે છે. અને આમાં ખરી મુશ્કેલી એ છે કે શરીરને ઢાળ સર્વત્ર મળતા નથી અને સતત મળતા નથી, પણ મનને પ્રલોભનો તો કયાં નથી મળતા અને કયારે નથી મળતા એ પ્રશ્ન છે.

આ સ્થિતિમાં આત્માને પતનથી બચાવી લેવાનો એક જ વિકલ્પ છે.પ્રલોભન પાછળ ભાગતા મનને મારતા રહો. પ્રલોભનને આધીન બની જવા તત્પર એવા મનનું દમન કરતા રહો. લાલ સિગ્નલ આગળ પરાણે પણ ગાડીને ઊભી રાખી દેતો ડ્રાઈવર જો અકસ્માતથી ઊગરી જાય છે તો મનને મારીને પણ પ્રલોભનોથી બચતો રહેતો આત્મા પતનથી પોતાની જાતને ઉગારી લેવામાં સફળ બની રહે છે.

શ્રીમદ્ વિજય રત્નસુંદરસૂરીશ્વરજી મહારાજ

સાર સમાચાર...

નવી ટેક્સ વ્યવસ્થા માટેના તમામ નવ નિયમોને મંજુરી

શ્રીનગર

શ્રીનગરમાં અતિ મહત્વપૂર્ણ બે દિવસ બેઠકના પ્રથમ દિવસે ગુડ્સ એન્ડ સર્વિસ ટેકસ કાઉન્સીલે આજે નવા પરોક્ષ કરવેરા સાથે સંબંધિત વ્યવસ્થાને અમલી કરવા માટેના તમામ નવ નિયમોને લીલીઝંડી આપી દીધી હતી. શ્રીનગર બેઠકમાં નવી ટેકસ વ્યવસ્થા માટે તમામ નવ નિયમોને જીએસટી કાઉન્સિલ દ્વારા મંજુર કરવામાં આવતા અનેક અડચણો દુર થઈ છે. કાઉન્સિલ દ્વારા કમ્પોઝીશન, વેલ્યુએશન, ટ્રાન્ઝેકશન, ઈનપુટ ટેકસ ક્રેડિટ, ઈનવોઈસ, પેમેન્ટ, રિફંડ, રજીસ્ટ્રેશન અને રિટર્ન સાથે સંબંધિત બાબતોને અંતિમ ઓપ આપવામાં આવ્યા હતા.

તીવ્ર ગરમી વચ્ચે સમયાંતર ઝાપટા

અમરેલીમાં સતત બીજા દિવસે કમોસમી વરસાદ

રાજુલાના જુદા જુદા ભાગોમાં ભારે પવન સાથે વરસાદ અમદાવાદ-ગાંધીનગર સહિતના વિસ્તારોમાં તીવ્ર ગરમી

અમદાવાદ

સૌરાષ્ટ્રના કેટલાક ભાગોમાં આજે સતત બીજા દિવસે કમોસમી વરસાદ થયો હતો. રાજુલા પંથકમાં તોફાની પવન સાથે વરસાદ થયો હતો. આસપાસના ગામડાઓમાં ભારે પવન સાથે વરસાદ થયો હોવાના અહેવાલ મળ્યા છે. કમોસમી વરસાદના પરિણામ સ્વરૂપે પાકને નુકસાન થઈ શકે છે. ખાસ કરીને ડુંગળી અને કેરીના પાકને નુકસાન થવાની શક્યતા દેખાઈ રહી છે. બીજી બાજુ ગુજરાતના કેટલાક ભાગોમાં ગાજવીજ સાથે વરસાદ પડવાની આગાહી પણ કરવામાં આવી છે. જેમાં ગુજરાત પ્રદેશના વિવિધ જિલ્લાઓનો સમાવેશ થાય છે. આજે સતત બીજા દિવસે અમરેલીમાં વરસાદ પડ્યો હતો. અમદાવાદ માટેની આગાહીમાં જણાવવામાં આવ્યું છે કે તાપમાનમાં કોઈ વધારે ફેરફાર જોવા મળશે નહીં. બીજી બાજુ આજે અમદાવાદમાં મહત્તમ તાપમાન ૪૨.૪ ડિગ્રી નોંધાયું હતું. જ્યારે પાટનગર ગાંધીનગરમાં પારો ૪૩ ઉપર પહોંચ્યો હતો. અમદાવાદ શહેરમાં પણ સાંજે ધૂળ ભરેલી આંધીની સ્થિતિ રહી હતી. ભારે પવન ફૂંકાયા હતા. હવામાનમાં એકાએક પલ્ટો વારંવાર હાલમાં જોવા મળી રહ્યો છે. અમરેલી પંથકના ખેડૂતો કમોસમી વરસાદના કારણે પરેશાન થયેલા છે. તીવ્ર ગરમી પડી રહી છે ત્યારે સમયાંતરે કમોસમી વરસાદ થઈ રહ્યો છે. તીવ્ર ગરમી વચ્ચે અમદાવાદ શહેર માટે હિટવેવ એક્શન પ્લાનની જાહેરાત કરવામાં આવ્યા બાદ આને અમલી રાખવામાં આવ્યો છે. લોકોને હિટવેવ સામે જાગૃત કરવા પણ પગલા લેવાયા છે.

સીબીઆઈ દ્વારા તપાસ શરૂ કરવા તૈયારી

ચિદમ્બરમના પુત્ર કાર્તિ સામે વધુ ચાર કેસોમાં તપાસ થશે

ભ્રષ્ટાચારના એન્ગલથી ઉંડી તપાસ કરવા માટે ઇડી દ્વારા પહેલાથી જ સીબીઆઇને ચાર કેસ સોંપાયેલ

નવી દિલ્હી

ભુતપૂર્વ કેન્દ્રિય નાણાંપ્રધાન પી. ચિદમ્બરમ અને તેમના પુત્ર કાર્તિ સામે હાલમાં વ્યાપક દરોડા પાડવામાં આવ્યા બાદ હજુ સીબીઆઇ કાર્તિ સામે ઓછામાં ઓછા ચાર કેસમાં તપાસ કરવા માટે તૈયારી કરી રહી છે. સુત્રોએ માહિતી આપતા કહ્યુ છે કે તપાસ સંસ્થા એન્ફોર્સમેન્ટ ડિરેકટોરેટ દ્વારા ભ્રષ્ટાચારના એન્ગલથી તપાસ કરવા માટે સીબીઆઇને પહેલાથી જ ચાર કેસો સોંપી દીધા છે. જો કે હજુ સુધી વધારે વિગત મળી શકી નથી. તમામ કેસો આઈએનએક્સ મિડિયા જેના જ હોવાનુ જાણવા મળ્યુ છે. કાર્તિની ભૂમિકામાં તપાસ કરવામાં આવનાર છે. સીબીઆઇ દ્વારા તપાસ કરવા માટે કમર કસી લેવામાં આવ્યા બાદ હવે કાર્તિ પર સકંજો મજબુત કરવામાં આવે તેવી શક્યતા છે. હાલમાં જ વ્યાપક દરોડા પાડવામાં આવ્યા હતા. કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને પૂર્વ કેન્દ્રિય નાણાં પ્રધાન પી. ચિદમ્બરમ અને તેમના પુત્ર કાર્તિના આવાસ પર હાલમાં દરોડાની કાર્યવાહી હાથ ધરવામાં આવતા ભારે ખળભળાટ મચી ગયો હતો. સીબીઆઈએ જુદી જુદી ટીમો બનાવીને આ કાર્યવાહી હાથ ધરી હતી. સુત્રોનું કહેવું છે કે, એરસેલ-મેક્સિસ તપાસના સંબંધમાં આ દરોડા પાડવામાં આવ્યા હતા. એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ દ્વારા ચિદમ્બરમના આવાસ ઉપર તપાસ કરવામાં આવી હતી. આઈએનએક્સ મિડિયાને આપવામાં આવેલી મંજુરીના સંબંધમાં આ કાર્યવાહી શરૂ થઈ હતી. ચિદમ્બરમના કાર્તિના આવાસ ઉપર પણ દરોડા પાડવામાં આવ્યા હતા. દિલ્હીમાં રહેલા સુત્રોએ કહ્યું છે કે, મુંબઈ, દિલ્હી, ચેન્નાઈ, ગુડગાંવમાં એક સાથે આ કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. ચેન્નાઈમાં ચિદમ્બરમના આવાસ ઉપર દરોડા પાડવામાં આવ્યા હતા. પોલીસે માહિતી આપતા કહ્યું છે કે, મોડી સાંજ સુધી તપાસનો દોર જારી રહ્યો હતો. આઈએનએક્સ મિડિયાના ફંડને ફોરેન ઈન્વેસ્ટમેન્ટ પ્રમોશન બોર્ડ દ્વારા મંજુરી આપવામાંઆવી હતી. આ મંજુરી યુપીએ સરકારના ગાળા દરમિયાન આપવામાં આવી હતી તે વખતે ચિદમ્બરમ પાસે આ વિભાગ હતું.

ડીસામાં શંકાસ્પદ ગોળ ભરેલી રીક્ષા પકડાઈ

ગોળનો દારૂ બનાવવા ઉપયોગ થતો હોવાનું અનુમાન

ડીસા

ડીસાના દક્ષિણ પોલીસે મળેલ બાતમીના આધારે શહેરના સુભાષભોક વિસ્તારમાંથી શંકાસ્પદ ગોઈ ભરેલી છોટા હાથી રીક્ષા ઝડપી પાડી હતી.

વેપારી મથક ડીસામાં નકલી અને ભેળસેળયુક્ત ચીજવસ્તુઓનો કાળો કારોબાર ધમધમી રહ્યો છે. જેથી અવારનવાર નકલી ઘી-તેલનો જથ્થો ઝડપાય છે. ત્યારે ગતરોજ મળેલી બાતમીના આધારે દક્ષિણ પોલીસ મથકના પી.આઈ.આર.કે. સોલંકીએ સ્ટાફ સાથે શહેરના સુભાષ ચોક વિસ્તારમાં શંકાસ્પદ ગોળનો જથ્થો ભરેલી છોટા હાથી રીક્ષા ઝડપી પાડી હતી.

બાદમાં રીક્ષાની તલાસી લેતા તેમાં ગોળના ૧૧૫ બોક્ષ (કિંમત રૂ.૩૪,૫૦૦) મળી આવ્યા હતા. જે ગોળનો દારૂ બનાવવામાં ઉપયોગ થતો હોવાનું પ્રથમ નજરે માલુમ પડયું હતું. તેથી પોલીસે રીક્ષા સાથે ગોળ પણ કબ્જે લઈ વધુ તપાસ હાથ ધરી છે.

બેસણું

સ્વ.પ્રદિપજી
ભેમાજી ઠાકોર
સ્વ.તા.૧૭/૫/૨૦૧૭

અમારે પુત્ર
ઠાકોર પ્રદિપજી ભેમાજી ઉ.વ.૨૧ નું તા.૧૭/૫/૨૦૧૭ ના રોજ આકસ્મિક દુઃખદ અવસાન થયેલ છે. સદ્‌ગતનું બેસણું તા.૧૯/૫/૨૦૧૭ ને શુક્રવારના રોજ નીચેના સ્થળે રાખેલ છે.

સ્થળ : નવો ઠાકોર વાસ, બંધવડ, તા.રાધનપુર, જિ.પાટણ

લિ.
રાંમાજી જીવાજી ઠાકોર
સ્વ.ભુરાજી રાંમાજી ઠાકોર
ભેમાજી રાંમાજી ઠાકોર (શિક્ષક કોલ્હાપુર)
ખુમાજી રાંમાજી ઠાકોર (પેરલ ફ્લો સ્કવોડ - પાલનપુર)
મમુજી રાંમાજી ઠાકોર

સૂર્યોદય - ૫.૫૮ સૂર્યાસ્ત - ૭.૧૫

તિથિદર્શન

વૈશાખ વદ-૮ શુક્રવાર ૨૦૭૩



વિક્રમ સંવત : ૨૦૭૩, શા.શકે-૧૯૩૯, નામ સંવત્સર :દુર્મુખ નામ વીર જૈન સંવત ૨૫૪૩ વૈશાખ વદ :આઠમ શુક્રવાર પંચક નક્ષત્ર:ઘનિષ્ઠા સવારે ૧૦.૪૮ પછી શતતારા યોગ: ઐદ્ર કરણ: બાલવ આજે જન્મેલા બાળકની રાશી કુંભ (ગ.શ.ષ.સ.) અક્ષરો ઉપર પાડવું શાસ્ત્રોક્ત છે.

- જયોતીષી બંસીલાલ એચ.લોધા

ચિંતન

- સુરેશ પ્રા.ભટ્ટ

ઉદ્યોગિનં પુરૂષસિંહમુપેતિ લક્ષ્મી દૈંવં દેયમિતિ કાપરૂષા વદન્તિ દેવં નિહત્યકુરુ પોરૂષમાત્મ શક્યતા યત્નેકૃતિ યદિ ન સિધ્યતિ કોઅમ દોષ:

ભાવાર્થ: સિંહ જેવા બહાદુર અને પુરૂષાર્થી મનુષ્યને લક્ષ્મી વરે છે. નસીબથી પ્રાપ્ત થાય છે એમ તો માત્ર કાયરો જ કહે છે. નસીબને ભૂલી જઈ વિસ્તારે પાડીને યથાશક્તિ, વિશ્વાસપૂર્વક પુરુષાર્થ કરો! અને પુરુષાર્થ કરવા છતાંય જો સિદ્ધિ પ્રાપ્ત ન થાય તો એમાં કોનો વાંક?

આળસુ મનુષ્યના મોઢામાં કોઈ કોળિયો મૂકી આપતું નથી, હાથ વડે એટલો તો પુરુષાર્થ કરવો જ પડે, નસીબ આવીને એક કોળિયો પણ કોઈના મુખમાં મૂકી જતું નથી.

પરિશ્રમ દ્વારા જે પ્રસ્વેદ પાડે છે એની પાસે જ આ સાત્વિક સુલક્ષ્મી આવે છે. આવી લક્ષ્મી આવવાથી સત્કાર્યો અને સદ્વિચાર આવે છે, પુણ્યકાર્ય થાય છે, સુખ- શાંતિ રહે છે.

અલક્ષ્મી બે નંબરી, કાળાં નાણાં, જે ટૂંકે રસ્તે પરિશ્રમ વિના, કૌભાંડો - ખાયકી- કમિશન મલાઈથી આવે તેમાં અશાંતિ - ઉપાધિ- કોર્ટ, તિહાર બધું આવે, રોગ, હોસ્પિટલ અને પારિવારિક સમસ્યાઓ બધું જ આવે છે.

નસીબથી કંઈ મળતું નથી. નસીબ માત્ર પુરુષાર્થને સાથ આપે છે, મદદ કરે ટેકો આપે છે. નસીબ આપણા વતી કામ કરવા જતું નથી.

આપની આજ

- કનકચંદ્ર છગનલાલ વ્યાસ

મેષ : (અ.લ.ઈ.) મનમાં અશાંતિ રહે. ગૃહજીવનમાં ચકમક ઝરે..

વૃષભ : (બ.વ.ઉ.) શાંતિ અને ધીરજથી દિવસ પસાર કરો. અપશય ન મળે તેની તકેદારી રાખજો.

મિથુન : (ક.છ.ઘ.) મનમાં દુઃખ વ્યથા અનુભવાય. આરોગ્ય અંગે સાવચેતી રાખવી.

કર્ક : (ડ.હ.) ધીરજના ફળ મીઠા મળે. પરેશાની, તકલીફમાં વધારો થતો જણાય.

સિંહ : (મ.ટ.) મિલન-મુલાકાતમાં સફળતા મળે. લાભની તક સાંપડે.

કન્યા : (પ.ઠ.ણ.) મહેનતનું શુભ ફળ મળે. યાત્રા-પ્રવાસમાં લાભ થાય.

વૃશ્ચિક :(ન.ય.) ધીરજ રાખવી હિતાવહ. નાણાંકીય લાભ થાય.

તુલા : (ર.ત.) વેપાર-વાણિજ્યના કાર્યમાં લાભ થાય.

ધન : (ભ.ફ.ધ.) કાર્યબોજ વિશેષ રહે. મનની મુરાદ બર ન આવે.

મકર : (ખ.જ.) લાભની તક સાંપડે. આર્થિક પ્રગતિજનક દિવસ વ્યતિત થાય.

કુંભ : (ગ.શ.સ.) જીવનસાથીથી વિશેષ સ્નેહ રહે. વ્યર્થ ક્રોધથી દૂર રહેવું.

મીન : (દ.ચ.જ.થ.) મનની મનોકામના પૂર્ણ થાય. નવિન સમાચાર મળે.

આજનો દિન મહાન

- યશવંત કડીકર

ભારતના અદ્યતન ઉદ્યોગના પ્રણેતા દીર્ઘદ્રષ્ટા - સર જમશેદજી તાતાની પુણ્યતિથિ છે.

એમનો જન્મ ઈ.સ. ૧૮૩૯માં નવસારી થયો હતો.

ભારતમાં ટેક્ષટાઈલ ઉદ્યોગનું આધુનીકરણ એ જમશેદજી તાતાને આભારી છે. એ ઉપરાંત મુંબઈનો વિકાસ, ઊંચી ઈમારતો તથા તાજમહાલ હોટલ દ્વારા અનેક રોનક વધારવા માટે એમણે અથાગ પ્રયાસો કર્યા અને મુંબઈને તેમણે વિશ્વપ્રવાસીઓના નકશા પર મૂકી આપ્યું. મૃત્યુ ૧૯/૫/૧૯૦૪.

તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક - તરૂણ એ. શેઠ
માનવમંદિર, ડીસા. ફોન : ૨૨૦૨૬૪/ ૨૨૨૭૬૪
મુદ્રક : રખેવાળ પ્રિન્ટીંગ પ્રેસ, માનવ મંદિર, ડીસા
અમદાવાદ ઓફીસ :- ૧૦૩, અશ્વમેઘ એવન્યુ, મીઠાખળી ફોન ૨૬૪૦૭૧૪૭,મો.૯૪૨૯૧ ૨૨૧૦૫,
પાલનપુર ઓફીસઃ- ૧૧૭, એરોમા આર્કેડ, જીલ્લા પંચાયત સામે, ફોન- ૨૫૩૦૦૪ મો.૯૪૨૬૯૪૮૫૪૬

'રખેવાળ' દૈનિકમાં પ્રસિદ્ધ થતા તમામ સમાચાર, લેખો અથવા પ્રસિદ્ધ થતી કોઈપણ માહિતી કોઈપણ જાતના પૂર્વગ્રહ અથવા દ્વેષભાવ વગર માત્ર જનજાગૃતિના ઉદ્દેશ્યથી પ્રસિદ્ધ કરવામાં આવે છે. તેમ છતાં પ્રસિદ્ધ થયેલ માહિતી કે સમાચાર માટે કોઈને પણ ફરીયાદ હોય તો તે બાબતે આધાર-પુરાવા સાથે ડીસા કાર્યાલયનો સંપર્ક કરવો વાદવિવાદ, કે કાનુની પ્રક્રિયા માટેનું ન્યાયક્ષેત્ર ડીસા રહેશે.

ISO 9001:2008 CERTIFIED
ઈન્વેસ્ટમેન્ટ પોઈન્ટ
Stock Market Trend
RNI No. : GUJGUJ / 2010 / 35414
www.Investmentpoint.in
+91 99793 80808

નિફ્ટી ફ્યુચર ૯૪૯૪ પોઈન્ટ મહત્વની સપાટી...!!!

તા ૧૮.૦૫.૨૦૧૭ ના રોજ નિફ્ટી ફ્યુચર બંધ ભાવ (૯૪૩૬) :- આગામી સંભવિત નિફ્ટી ફ્યુચર ૯૪૭૭ પોઈન્ટના પ્રથમ અને ૯૪૯૪ પોઈન્ટના અતિ મહત્વના સ્ટ્રોંગ સ્ટોપલોસે ટ્રેડીગ સંદર્ભે ૯૪૦૪ પોઈન્ટથી ૯૩૭૩ પોઈન્ટ, ૯૩૬૦ પોઈન્ટની અતિ મહત્વની સપાટીને સ્પર્શી શકે તેવી સંભાવના ધરાવે છે. ૯૪૯૪ પોઈન્ટ આસપાસ સાવધાનીપૂર્વક પોઝિશન બનાવવી...!!

તેજી સંદર્ભે ખરીદવાલાયક સ્ટોક ધ્યાને લઈએ તો...

૧) HDFC બેન્ક (૧૫૫૭) :- HDFC ગ્રુપની અગ્રણી આ કંપનીના શેરનો ભાવ હાલમાં રૂ.૧૫૩૦ આસપાસ પ્રવર્તી રહ્યો છે. રૂ.૧૫૧૭ સ્ટોપલોસથી ખરીદવાલાયક આ સ્ટોક ટૂંકા સમયગાળે રૂ.૧૫૭૩ થી રૂ.૧૫૮૧ નો ભાવ નોંધાવે તેવી શક્યતા છે....!! રૂ.૧૫૮૧ ઉપર તેજી તરફી ધ્યાન...!!!

૨) HDFC લિમિટેડ (૧૫૪૯) :- ટેકનીકલ ચાર્ટ મુજબ રૂ.૧૫૨૭ આસપાસ પોઝીટીવ બ્રેકઆઉટ..!!! રૂ.૧૫૦૩ ના સપોર્ટથી ખરીદવાલાયક આ સ્ટોક રૂ.૧૫૮૧ થી રૂ.૧૫૯૦ નો ભાવ નોંધાવે તેવી સંભાવના છે...!!

૩) લ્યુપિન લિમિટેડ (૧૩૦૫) :- રૂ.૧૨૯૦ પ્રથમ તેમજ રૂ.૧૨૭૩ ના બીજા સપોર્ટથી ફાર્મા સેક્ટરનો રોકાણલક્ષી રોકાણલક્ષી આ સ્ટોક રૂ.૧૩૨૩ થી રૂ.૧૩૩૩ સુધીની તેજી તરફી રુખ નોંધાવશે....!!

૪) ઇન્ફોસિસ (૯૬૨) :- ટેકનોલોજી સેક્ટરના આ સ્ટોક ટૂંકા ગાળે ટ્રેડીંગલક્ષી રૂ.૯૭૭ થી રૂ.૯૮૯ ના ભાવની સંભાવના ધરાવે છે.!! રૂ.૯૪૦ નો સ્ટોપલોસ ધ્યાને લેવો........!!

૫) TCS લિમિટેડ (૨૫૧૭) :- રૂ.૧ ની ફેસવેલ્યુ ધરાવતા ફન્ડામેન્ટલ સ્ટ્રોંગ આ સ્ટોક રૂ.૨૪૮૭ ના સ્ટોપલોસ આસપાસ રોકાણલક્ષી ખરીદવાલાયક ..!! ટેકનોલોજી સેક્ટરના આ સ્ટોકમાં તેજી તરફી રૂ.૨૫૫૭ થી રૂ.૨૫૭૦ આસપાસ નફાલક્ષી ધ્યાન ઉત્તમ......!!

મંદી સંદર્ભે વેચાણલાયક સ્ટોક ધ્યાને લઈએ તો...

૧) ACC લિમિટેડ (૧૬૭૦) :- ટેકનીકલ ચાર્ટ મુજબ સિમેન્ટ સેક્ટરનો આ સ્ટોક રૂ.૧૬૮૮ આસપાસ નફારૂપી વેચવાલી થકી રૂ.૧૬૫૩ થી રૂ.૧૬૪૦ ના ટાર્ગેટ ભાવની શક્યતા ધરાવે છે. ટ્રેડીંગલક્ષી રૂ.૧૬૯૦ સ્ટોપલોસ ધ્યાને લેવો....!!

૨) રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ (૧૩૨૬) :- રૂ.૧૩૪૭ આસપાસ ઓવરબોટ પોઝીશન નોંધાવતા આ સ્ટોક રૂ.૧૩૬૧ ના સ્ટોપલોસે વેચવાલાયક ....!! તબક્કાવાર રૂ.૧૩૦૯ થી રૂ.૧૩૦૩ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે....!! રૂ.૧૩૬૭ ઉપર તેજી તરફી ધ્યાને લેશો...!!

૩) યશ બેન્ક (૧૪૦૨) :- બેન્ક સેક્ટરનો આ સ્ટોક છેતરામણા ઉછાળે રૂ.૧૪૨૪ ના સ્ટોપલોસથી વેચાણ લાયક ...!! પ્રત્યાઘાટી ઘટાડે રૂ.૧૩૯૦ થી રૂ.૧૩૭૬ ના ભાવની આસપાસ નફો બુક કરવો....!!

૪) રિલાયન્સ કેપિટલ (૬૫૫) :- ટેકનીકલ ચાર્ટ મુજબ ફાઇનાન્સ સેક્ટરનો આ સ્ટોક રૂ.૬૭૦ આસપાસ નફારૂપી વેચવાલી થકી રૂ.૬૩૬ થી રૂ. ૬૩૧ ના ટાર્ગેટ ભાવની શક્યતા ધરાવે છે.ટ્રેડીંગલક્ષી રૂ.૬૭૭ સ્ટોપલોસ ધ્યાને લેવો......!!

૫) હિન્દ પેટ્રો (૫૨૯) :- રૂ.૫૪૧ આસપાસ ઓવરબોટ પોઝીશન નોંધાવતા આ સ્ટોક રૂ.૫૪૭ ના સ્ટોપલોસે વેચવાલાયક ....!! તબક્કાવાર રૂ.૫૧૩ થી રૂ.૫૦૭ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે....!! રૂ.૫૫૧ ઉપર તેજી તરફી ધ્યાને લેશો...!!

ખાસ નોંધ : - ડિસ્ક્લેમર / પોલીસી / શરતો WWW.INVESTMENTPOINT.IN ને આધીન...!!

પાલનપુર નગરપાલિકામાં ઘોડો પડતાં કર્મચારી ઘાયલ

પાલનપુર

પાલનપુર નગરપાલીકામાં પ્રોજેકટ વિભાગમાં કામ કરી રહેલા કર્મચારી મુખત્યારભાઈ એમ.કુરેશી, ઉ.૫૦ રહે. ઢાળવાસ, પાલનપુર ઉપર ઘોડો પડતાં ઈજા થઈ હતી. આથી તેમને ગંભીર હાલતમાં સારવાર અર્થે સિવિલમાં ખસેડાયા હતા.

કોંગીમાં કકળાટ ગુજરાતની જનતા જોઈ રહી છે : પંડ્યા

અમદાવાદ

કોંગ્રેસના આંતરિક જૂથબંધી માટે મીડિયા અને ભાજપનો પ્રોપેગેન્ડા છે તેવા આક્ષેપ સામે પ્રત્યાઘાત આપતા ગુજરાત ભાજપ પ્રવક્તા ભરત પંડ્યાએ જણાવ્યું હતું કે, કોંગ્રેસમાં રહેલો ઉકળાટ અને કકળાટ મીડિયા દ્વારા ગુજરાતની જનતા જોઈ રહી છે. કોંગ્રેસમાં જૂથબંધીની પરાકાષ્ટા છે. કોંગ્રેસની દરિયાકિનારા બચાવો યાત્રામાં કોંગ્રેસની નાવ દરિયામાં જ ડુબવા માંડી છે. ગુજરાતમાં ચૂંટણી આવે છે ત્યારે કોંગ્રેસ આવે છે અને ચૂંટણી જાય છે ત્યારે કોંગ્રેસ જાય છે પણ હવે સમાચારો પરથી લાગે છે કે વિધાનસભા ચૂંટણી પહેલા જ કોંગ્રેસ આવે છે, હોર્ડિંગ્સ નહીં પરંતુ કોંગ્રેસે કોંગ્રેસ જાય છે. તેવા હોર્ડિંગ્સ લગાવવા પડશે. પંડ્યાએ વધુમાં જણાવ્યું હતું કે, દેશમાં કોંગ્રેસના ઉપાધ્યક્ષ રાહુલ ગાંદીની આગેવાની ૨૮થી વધુ કોંગ્રેસ ચૂંટણીઓ હારે એટલે સ્વાભાવિક છે કે કોંગ્રેસના કેટલાક નેતાઓ રાહુલ ગાંધીની આગેવાનીમાં ચૂંટણી લડવા માંગતા ન હોય. કોંગ્રેસની હાર નિશ્ચિત હોય ત્યારે આવી માનસિકતા આવતી હોય છે. કોંગ્રેસના ધારાસભ્યો એક જગ્યાએ ભેગા થાય, કોંગ્રેસના કામત તેમને મળવા જાય અને પ્રભારી તરીકે કોંગ્રેસ તેમને કાઢી મુકીને નવા પ્રભારીની નિમણૂંક કરવી પડે. કોંગ્રેસની બેઠકોમાંથી કોઈ નેતા વ્હેલા બહાર નીકળી જાય, રાહુલ ગાંધી સાથે ગ્રુપમાં ફોટો ન પડાવે તેમજ કોંગ્રેસના કોઈઈ નેતા રાહુલ ગાંધીને સોશીયલ મીડિયામાં અનફોલો કરે, આદિવાસીઓની જાહેરસભા વખતે

અનુસંધાન પાના નં.૬

મુંબઈ-કોલકતા વચ્ચે આજે ફાઈટ ટુ ફિનિશ જંગ રહેશે

બેંગલોર

બેંગલોરના મેદાન પર આવતીકાલે બે વખતની ચેમ્પિયન ટીમ કોલકતા નાઈટ રાઈડર્સ અને મુંબઈ ઈન્ડિયન્સ વચ્ચે રોમાંચક જંગ ખેલાનાર છે. આ મેચ સેમી ફાઈનલ સમાન જ બની રહેશે. આ મેચમાં વિજેતા બનનાર ટીમ ફાઈનલમાં પ્રવેશ કરશે. આ મેચને લઈને ભારે ઉત્સુકતા પ્રવર્તી રહી છે. આઈપીએલ ક્લાલિફાયર-૨ ને લઈને બેંગલોરમાં ક્રિકેટ ફિવર છે. કોલકતા નાઈટ રાઈડર્સનો રેકોર્ડ મુંબઈ ઈન્ડિયન્સ સામે હેડ ટુ હેડ ખુબ સારો રહ્યો છે. આ વર્ષે ટુર્નામેન્ટના લીગ તબક્કામાં તેમના હરીફ પર મુંબઈ ઈન્ડિયન્સે બે જીત મેળવી હતી. મુંબઈ ઈન્ડિયન્સે ગયા મહિને વાનખેડે સ્ટેડિયમ ઉપર કેકેઆર સામે સિઝનની પ્રથમ મેચમાં જીત મેળવી હતી. તે વખતે એક બોલ ફેંકવાનો બાકી હતો ત્યારે જીત મેળવી હતી. છેલ્લા ૨૪ બોલમાં ૬૦ રનની જરૂર હતી. હાર્દિક પંડ્યાએ ૧૧ બોલમાં ૨૯ રન ફટકારીને જીત મેળવી લીધી હતી. જ્યારે મુંબઈ ઈન્ડિયન્સે ઈડન ગાર્ડન પર છેલ્લી લીગ મેચમાં પણ નવ રને જીત મેળવી હતી. હવે આવતીકાલે મુંબઈ ઈન્ડિયન્સ અને કોલકતા નાઈટ રાઈડર્સ ફરીવાર આમને સામને આવનાર છે. ક્વાલિફાયર-૧ અને ઈલીમીનેટરની મેચો રમાઈ ચુકી છે. મુંબઈ ઈન્ડિયન્સની રાઈઝીંગ પુણે સામે પ્રથમ ક્વાલિફાયર હાર થઈ હતી. જ્યારે કેકેઆરએ સનરાઈઝ હૈદરાબાદ ઉપર ગઈકાલે મોડી રાત્રે વરસાદગ્રસ્ત ઈલીમીનેટર મેચમાં ડક વર્થ લુઈસ પદ્ધતિના આધારે જીત મેળવી હતી. મુંબઈ ઈન્ડિયન્સ અને કેકેઆર છેલ્લી નવ એડિશનમાં બે બે વખત આઈપીએલ ચેમ્પિયન બની ચુકી છે. એક જીતની સાથે બંને ટીમોને ફાઈનલમાં પહોંચવાની તક છે. ફાઈનલ મેચ રવિવારના દિવસે હૈદરાબાદમાં રાઈઝીંગ પુણે સામે આ બંને ટીમો પૈકી એક ટીમ ટકરાશે. આ સિઝનમાં મુંબઈની બેટીંગ શાનદાર રહી છે.

અનુસંધાન પાના નં.૬

ડીસા માર્કેટયાર્ડ ખાતે "સ્વચ્છતા પખવાડીયા" ની ઉજવણી કરાઈ

ભરત સુંદેશા

ડીસા

ભારત સરકાર દ્વારા તા.૧૬/૫/૨૦૧૭ થી તા.૩૧/૫/૨૦૧૭ સુધી સ્વચ્છતા પખવાડીયાની ઉજવણી કરવામાં આવી રહેલ છે. જે અંતર્ગત કૃષિ અને કિસાન કલ્યાણ મંત્રાલય દ્વારા જૈવિક ખેતીનો મહત્તમ ખેડૂતો ઉપયોગ કરે અને કૃષિ અને શાકભાજીના બિન ઉપયોગી ઘન કચરામાંથી જૈવિક ખાતર સામાન્ય ખેડૂત પણ બનાવી શકે તેની સમજ આપવા બજાર, સમિતિ, ડીસા ખાતે તા.૧૮/૫/૨૦૧૭ ના રોજ ડો.એ.એસ.રાજપુત, રીજી.ડાયરેક્ટર ઓર્ગેનીક ફાર્મિંગ, નાગપુર, અમીત શર્મા, વિપણન અધિકારી કૃષિ મંત્રાલય, ભારત સરકાર ઉપસ્થિત રહેલ અને જૈવિક ખાતર બનાવવાની રીત રસમ અને ઉપયોગી ઉપસ્થિત સૌને માહીતગાર કરેલ. સદર કાર્યક્રમમાં બજાર સમિતિ, ડીસાના ડીરેક્ટર રેવાભાઈ દેસાઈ સહિત અને ખેડૂતો ઉપસ્થિત રહેલ. સદર કાર્યક્રમને સફળ બનાવવા ઈન્ચાર્જ સેક્રેટરી એ.એન.જોષીના માર્ગદર્શન હેઠળ સમસ્ત કર્મચારી ગણે ભારે જહેમત ઉઠાવેલ.

પોલીસ દળમાં છેલ્લા ૧૫ વર્ષથી ભરતી થઈ જ નથી

અમદાવાદ

સરકારની તિજોરીના ૨ કરોડ ૨૭ લાખ જેટલા માતબર ખર્ચ કરીને પોલીસ દળમાં નવનિયુક્તિ પોલીસને નિમણૂંકપત્ર આપવાના તાયફા માત્ર ને માત્ર ચૂંટણીલક્ષી ભાજપના નાટક છે. ગુજરાતમાં ખાનગી સંસ્થાઓના રાફડા, ઉંચા ડોનેશન, ટ્યુશન પ્રથા પરિણામે અતિ મોંઘુ શિક્ષણ પછી પણ ગુજરાતના યુવાનોને નોકરી મેળવવા ફાંફા મારવા પડે. સરકારી નોકરી મળે તો તેમાં પેપર ફુટવું, મેરિટમાં ગેરરીતિ, ૧૫-૧૫ લાખની લેતીદેતી, ફિક્સ પગારની નોકરીમાં કૌભાંડ, પંચાયત પરિષદ ગૌણ સેવા પસંદગીમાં વ્યાપમથી પણ મોટા પાયે વ્યાપક કૌભાંડ અને તેમછતાં નોકરી મળે તો ફિક્સ પગાર દ્વારા ગુજરાતના યુવાનોનું વર્ષોથી આર્થિ,ક શોષણ કરનાર ભાજપ સરકાર જવાબ આપે કે પોલીસ દળમાં ૧૮૦૦૦ નિમણૂંક થનાર મંજુર થયેલ મહેકમની ખાલી જગ્યા પરની નિમણૂંક છે કે પછી વધારાની નવી જગ્યા સરકારે વસ્તીના પ્રમાણમાં પોલીસદળની જરૂરિયાત આધારિત છે તેનો જવાબ માંગતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રવક્તા મનિષ દોશીએ જણાવ્યું હતું કે, ગુજરાતના પોલીસ દળમાં છેલ્લા ૧૫ વર્ષથી ભરતી પ્રક્રિયા હાથ ન ધરવાને કારણે મોટા પાયે જગ્યાઓ ખાલી છે. સરકાર સમક્ષ રાજ્યના યુવાનો અંગે કોંગ્રેસ પક્ષ દ્વારા વિધાનસભા ગૃહ વિભાગની ચર્ચા સમયે વારંવાર માંગણી કરવામાં આવી કે રાજ્યમાં કાયદો વ્યવસ્થાની જાળવણી માટે પોલીસ દળની મોટાપાયે ખાલી જગ્યાઓ તાત્કાલિક ભરવામાં આવે. એક તરફ ૧૫ વર્ષથી ભરતી પ્રક્રિયા ન કરીને ગુજરાતના લાખો યુવાનોને રોજગારી-સરકારી નોકરીના હક્કથી વંચિત રાખવામાં આવ્યા અને બીજી બાજુ પોલીસદળમાં મોટાપાયે ખાલી જગ્યાઓથી કાયદો વ્યવસ્થાની સ્થિતિ ગંભીરપણે કથળી ગઈ. વર્ષોથી મોટાપાયે ખાલી જગ્યાઓના કારણે પોલીસદળમાં કાર્યરત પોલીસ કર્મચારીઓ અસહ્ય કામના દબાણને લીધે માનસિક તણાવના ભોગ બન્યા છે. ભાજપ સરકાર પ્રજાના ટેક્સના નાણા બેફામ દુરુપયોગ ઉત્સવો, તાયફાઓ કરીને ચૂંટણી નજીક આવતા નિમણૂંકપત્રોનો સંમેલનો કરીને યુવાનોને રોજગારી આપવાની ભ્રામકતા ઉભી કરી રહી છે. ભાજપ સરકારથી સરકારી નોકરીના પુરા પગાર સાતે મહેકમ મુજબ ભરતી પ્રક્રિયા હાથ ન થરીને ગુજરાતના લાખો યુવાનોના સરકારી નોકરી રોજગારના હક્ક અને અધિકાર પર તરાપ મારી છે. ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રવક્તા ડો. મનિષ દોશીની માંગ છે કે, ભાજપ સરકાર છેલ્લા ૧૫ વર્ષમાં ગૃહ વિભાગ અન્વયે પોલીસ દળમાં મહેકમ મુજબ હજારો ખાલી જગ્યા પર સમયસર ભરતી પ્રક્રિયા ન કરીને ગુજરાતના છ કરોડ નાગરિકોની સુરક્ષા સલામતીમાં દાખવેલ બેદરકારી અંગે માફી માંગે સાથોસાથ વર્ષ ૨૦૦૧થી ૨૦૧૬ સુધી દર વર્ષે કેટલી જગ્યા પોલીસદળમાં ભરતી કરી તેની વિગતો જાહેર કરે. ભાજપ સરકાર હકીકતમાં ગુજરાતના ૪૦ લાખ યુવાનોના બેરોજગારીના મુદ્દે ગંભીર હોય છે.

ચિંતક, સંગઠક, પર્યાવરણવીદ અને કેન્દ્રીય મંત્રી અનીલ માધવ દવેની ચિર વિદાય

મુળ જુનાગઢના વંથલીના વતની અનીલ દવે મધ્યપ્રદેશમાંથી રાજ્યસભાના સભ્ય તરીકે સતત ૩ ટર્મથી કાર્યરત હતા

ભારત સરકારના કેન્દ્રીય પર્યાવરણ મંત્રી અનિલ માધવ દવેનુ ગુરૂવારના રોજ ૬૧ વર્ષની ઉમરે આકસ્મિક નિધન થયું હતું. ગુરૂવારની વહેલી સવારે જ પોતે બેચેની અનુભવતા હોવાની ફરિયાદ કરતા તેમને દિલ્હી સ્થિત એઈમ્સ હોસ્પિટલ ખાતે લઈ જવામાં આવ્યા હતા. જ્યાં તેમનુ નિધન થયુ હતું. મધ્યપ્રદેશમાંથી સતત ૩ ટર્મથી રાજ્યસભાના સાંસદ તરીકે કાર્યરત અનીલ માધવ દવે એ ગત ૫ જુન, ૨૦૧૬ ના રોજ કેન્દ્રીય પર્યાવરણ મંત્રી તરીકે કાર્યભાર સંભાળ્યો હતો.

મુળ ગુજરાતના જુનાગઢ જિલ્લાના વંથલી ગામના વતની અનીલ માધવ દવેના પિતાજી ખુબ વર્ષો પહેલા વ્યવસાય અર્થે મધ્યપ્રદેશ સ્થાયી થયા હતા. જેથી અનિલ માધવ દવેનો જન્મ પણ ૫ જુલાઈ ૧૯૫૬ ના રોજ મધ્યપ્રદેશના ઉજ્જૈન જિલ્લાના બારાનગર ગામમાં થયો હતો. જો કે તેમનુ પ્રાથમિક શિક્ષણ ગુજરાતમાં જ થયું હતું. માટે જ તેઓ ખુબ સારૂ ગુજરાતી બોલી શકતા હતા. પોતાનો ઉચ્ચ અભ્યાસ ગ્રામ્ય વિકાસ અને વ્યવસ્થાપન વિષય સાથે ઈન્દોરથી જ પૂર્ણ કર્યો. જે દરમ્યાન પોતે કોલેજના મહામંત્ર પણ બન્યા. આ સમય દરમ્યાન જ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સંપર્કમાં આવતા તેઓ સ્વયંસેવક બન્યા અને સમય જતા સંઘના પ્રચારક પણ બન્યા. લાંબો સમય સંઘમાં પ્રચારક તરીકે કામ કર્યા બાદ તેમને નર્મદા નદી પર કામ કરવાનો આરંભ કર્યો હતો. જે કારણે જ તેમનો આત્મીય લગાવ નર્મદા નદી સાથે થઈ ગયો હતો. સમય જતા તેમને 'નર્મદા સમગ્ર' નામના સંગઠનની સ્થાપના કરીને મોટા પાયે નર્મદા અને પર્યાવરણ બચાવવા માટે કાર્ય કર્યું. તેઓ ખુબ સારા પાઈલોટ પણ હતા. જેથી નર્મદાના તટ પરથી સતત ૧૮ કલાક જેટલો સમય સેસ્ના ૧૭૩ નામનુ વિમાન ઉડાડીને સમગ્ર નર્મદા નદનું અવલોકન કર્યુ હતું. તેમને માત્ર ૧૯ દિવસમાં ૧૩૧૨ કિમી. જેટલી પદયાત્રા કરીને પણ નર્મદા પરિક્રમા પૂર્ણ કરી હતી.

આજીવન અપરણિત રહેલા અનિલ માધવ દવેની મુખ્ય ઓળખ તો નર્મદાના સેનાપતિ તરીકે જ હતી અને તેઓ પોતાના જીવનના અંતિમ ક્ષણ સુધી નર્મદા અને પર્યાવરણ વિષય પર એક સેનાપતિની જેમ જ કાર્યરત રહ્યા. આ સિવાય અનિલ માધવ દવે દ્વારા પર્યાવરણ, રાજનીતિ, પ્રશાસન, કલા અને સંસ્કૃતિ, યાત્રા, ઈતિહાસ, પ્રબંધન અને જળવાયુ પરિવર્તન સહિતના વિષયો પર અનેક પુસ્તકો લખ્યા હતા. જેમાં શિવાજી અને સુરજ, સૃજનનું નિર્માણ, એક સભ્યતાના માધ્યમથી યાત્રાઃ એક ભ્રમણ, શતાબ્દીના કાળા પન્ના, મહાનાયક ચંદ્રશેખર આઝાદ, રોટી અને કમળની કહાની, સમગ્ર ગ્રામ વિકાસ મુખ્યત્વે છે.

બોક્ષઃ મૃત્યુના ૫ વર્ષ પહેલા જ પોતાની અંતિમ ઈચ્છા જાહેર કરી હતી

અનિલ માવ દવેએ પોતાના મૃત્યુના એટલે કે તા. ૨૩ જુલાઈ, ૨૦૧૨ ના રોજ પોતાની અંતિમ ઈચ્છા વ્યક્ત કરી હતી. જેમાં તેમને લખ્યુ હતુ કે મારા અંતીમ સંસ્કાર મધ્યપ્રદેશના હોસંગાબાદ જિલ્લાના બાંદ્રારભાદ ગામ નજીક આવેલા માં નર્મદા નદીના તટ પર કરવામાં આવે અને માત્ર વૈદિક મંત્ર દ્વારા જ કરવામાં આવે. તેમાં કોઈ પણ પ્રકારનો આડંબર કરવામાં ન આવે. મારા મૃત્યુ પછી મારી સ્મૃતિમાં કોઈ પણ સ્મારક, પ્રતિયગિતા, પુરસ્કાર, પ્રતિમા સ્થાપન જેવુ કંઈ પણ ન કરવુ. જો મારી સ્મૃતિમાં ખરેખર કોઈ આડંબર કે દેખાવા વગર કોઈ કરવા માંગતુ હોય તો તેમને વૃક્ષો વાવવા, વૃક્ષોનુ સિંચન કરવુ અને વૃક્ષોને ઉછેરીને મોટા કરશો તો મને અત્યંત આનંદ થશે.

- ડૉ.પ્રશાંત જોષી

રાજ્યસભાની ત્રણ બેઠકો માટે ૮મી જુને ચૂંટણી થશે

અમદાવાદ

ગુજરાતમાંથી રાજ્યસભાના સાંસદ બનેલા ત્રણ સભ્યોની મુદ્દત ૧૮મી ઓગસ્ટે પૂર્ણ થઈ રહી છે. ગુજરાતમાંથી કોંગ્રેસ અધ્યક્ષા સોનિયા ગાંધીના રાજકીય સલાહકાર અહેમદ પટેલ, ભાજપના સાંસદ દિલીપ પંડ્યા અને કેન્દ્રીયમંત્રી સ્મૃતિ ઈરાનીની ટર્મ પૂર્ણ થઈ રહી છે. આ ત્રણે બેઠકો માટે ૮મી જૂનના રોજ ચૂંટણી યોજાશે. ચૂંટણી પંચના જણાવ્યા અનુસાર રાજ્યસભાની ચૂંટણીનું જાહેરનામુ ૨૨મી મેના રોજ પ્રસિદ્ધ કરવામાં આવશે. ઉમેદવારી પત્ર ભરવાની છેલ્લી તારીખ ૨૯ મે છે જ્યારે ઉમેદવારીપત્રની ચકાસણી ૩૦મી મેના રોજ કરવામાં આવશે. ઉમેદવારીપત્ર પાછું ખેચવાની છેલ્લી તારીખ ૧ જૂન છે. ચૂંટણી ૮ જૂનના રોજ સવારના નવ વાગેથી ચાર વાગ્યા સુધી યોજાશે.

અનુસંધાન પાના નં.૬

કાણોદર બસસ્ટેન્ડ પર યુવા ભાજપ મોરચા દ્વારા ઠંડી છાશ અને પાણીનું વિતરણ

સુરેશ અગ્રવાલ

પ્રતિનિધિ છાપી

ભારતીય જનતા પાર્ટી યુવા મોરચા કાણોદર દ્વારા ગુરૂવારે બસ સ્ટેન્ડ ઉપર ઠંડી છાશ તથા મીનરલ પાણીનું વિતરણ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. કાણોદર યુવા ભાજપ દ્વારા સેવાકીય પ્રવૃતિઓ સમયાંતર કરવામાં આવે છે. જેમા છાશ અને મિનરલ પાણીનો વિતરણ કાર્યક્રમ દિનેશભાઈ સોની, રાહુલભાઈ પંચાલ તથા ધર્મેન્દ્રભાઈ સોની તેમજ સમસ્ત ટીમે અથાગ પ્રયત્નો તથા મહેનત થકી કાર્યક્રમ સફળ બનાવ્યો હતો.

ડીસાની સરદાર પટેલ હાઈસ્કૂલ દ્વારા જિલ્લાનો હોકી સમર કેમ્પ યોજાયો

ડીસા

સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત દ્વારા ડીસાના ટી.સી.ડી. ફાર્મ મેદાનમાં તા.૧/૫/૨૦૧૭ થી ૧૦/૦૫/૨૦૧૭ રોજ દસ દિવસ હોકી રમતનો સમર કેમ્પ યોજાયો જેમાં એક્ષપર્ટ કોચ દ્વારા દસ દિવસ પ્રશિક્ષણ આપવામાં આવ્યું જેનું સમાપન તા. ૧૦/૫/૨૦૧૭ના રોજ થયું જેમાં જિલ્લા સિનિયર કોચ નિકુંજભાઈ પરમારના હસ્તે બધાજ ખેલાડીઓને પ્રમાણપત્રો અને ઈનામો આપવામાં આવ્યા.

આ સમગ્ર કેમ્પનું આયોજન સરદાર પટેલ હાઈસ્કૂલના વ્યાયામ શિક્ષક રાહુલભાઈ પરમાર દ્વારા કરવામાં આવ્યું હતું. અને ડીસાના પ્રતિષ્ઠિ આગેવાનોની હાજરીમાં ઈનામ વિતરણ કાર્યક્રમ પણ યોજાયો હતો.

રૈયા સ્થિત મહાદેવના મંદિરમાં રાજ્ય મંત્રીનો સાકરતુલા કાર્યક્રમ યોજાયો

ચેતન કોઠારી

પ્રતિનિધિ રૈયા

રૈયા ગામના શ્રી કમલેશ્વર મહાદેવના દેવાલયમાં રૈયા ગામના વતની પંચાલ કરશનભાઈ શિવરામભાઈ દ્વારા દિયોદર વિધાનસભા મતવિસ્તારના ધારાસભ્ય અને ગુજરાત સરકારના રા.ક.મંત્રી કેશાજી ચૌહાણનો સાકરતુલા કાર્યક્રમ આજરોજ તા.૧૬/૫/૨૦૧૭ ના રોજ દેવાલયના પ્રાંગણમાં સવારે ૮:૩૦ કલાકે યોજવામાં આવ્યો.પ્રસંગે રૈયા ગામના અગ્રણી વડીલો અને ભાજપના કાર્યકરો તથા પંચાલ સમાજના ભાઈઓ ઉપસ્થિત રહ્યા હતા.

કાંકરેજ તાલુકા પંચાયતના પૂર્વ સદસ્યનું દુઃખદ અવસાન

તાલુકા પ્રતિનિધિ થરા

કાંકરેજ તાલુકાના કૃષ્ણનગર (અધગામ) ના પ્રગતિશીલ ખેડૂત કાનજીભાઈ નાથાભાઈ ચૌધરીના ધર્મપત્નિ અને કાંકરેજ તાલુકા પંચાયતના પૂર્વ સદસ્ય વક્તુબેન કાનજીભાઈ ચૌધરીનું તા. ૧૬/૫/૨૦૧૭ ને મંગળવારના રોજ કૃષ્ણનગર (અધગામ) ખાતે દુઃખદ અવસાન થતાં સ્વર્ગસ્થની સ્મશાન યાત્રામાં સગાં- સંબંધી- મિત્રવૃંદ રાજકીય- સહકારી આગેવાનો જોડાઈ શ્રદ્ધાસુમન અર્પણ કર્યા હતા. સ્વ.વક્તુબેન ચૌધરી તાલુકા પંચાયતના સદસ્ય તરીકે ઉમદા સેવા આપી હતી. તેઓ માયાળુ જીવદયા પ્રેમી- ભાવનાશીલ સ્વભાવના હોવાથી સમાજ તથા ગામમાં આગવી છાપ ધરાવતા હતા. સ્વ.નું બેસણું તા. ૨૦/૫/૨૦૧૭ ને શનિવારે સમાજના રીત રિવાજ મુજબ કૃષ્ણનગર (અધગામ) તા. કાંકરેજ ખાતે રાખેલ છે.

દુઃખદ અવસાન

તાલુકા પ્રતિનિધિ દીઓદર

દીઓદરના પત્રકાર નટુભાઈ પેઈન્ટરના માતૃશ્રી સજુમાનું ૯૬ વર્ષની વયે તા.૧૫/૫/૨૦૧૭ના રોજ થરા મુકામે દુઃખદ અવસાન થયેલ. સુજુમા છેલ્લા ઘણા સમય થી આ પંથકની સગર્ભા મહીલાઓને ડીલેવરીમાં મદદરૂપ બનતાં તેમજ બાળકોને અન્ય નાના-મોટા આરોગ્યના પ્રશ્નો હલ કરી આપી ઉમદા સેવાનું કાર્ય કરતા હતા.

ડીસા એરપોર્ટના તંબુ ફાટી જતા હોમગાર્ડ જવાનોની કફોડી હાલત

ભરત સુંદેશા

ડીસા

બનાસકાંઠા જિલ્લાના વેપારી મથક ડીસામાં અંગ્રેજોએ બનાવેલ એરપોર્ટમાં આઝાદી અગાઉ અને બાદમાં હવાઈ સેવા ચાલુ હતી પરંતુ એ પછી છેલ્લા ઘણાં વર્ષોથી એરપોર્ટ બિન ઉપયોગી પડ્યું છે. એટલું જ નહીં, એરપોર્ટનું વિશાળ મેદાન અસામાજીક પ્રવૃતિઓનો અડ્ડો બની જવા સાથે ચોમેર દબાણો પણ થવા લાગ્યા હતા. તેથી ચોકી ઉઠેલા તંત્રે એરપોર્ટની સુરક્ષાની જવાબદારી હોમગાર્ડ જવાનોને સોંપી છે. જે હોમગાર્ડ જવાનો ૨૪ કલાક રાત - દિવસ ફરજ બજાવે છે પરંતુ એરપોર્ટની રખેવાળી માટે તેમને ફાળવેલ 'ટેન્ટ' (તંબુ) ફાટી ગયો છે. તેથી હાલમાં ૪૨ થી ૪૩ ડીગ્રીની ગરમીમાં હોમગાર્ડ જવાનો તડકામાં ફરજ બજાવે છે કારણ એરપોર્ટમાં ક્યાંય છાંયડાની સગવડ નથી. ત્યારે જિલ્લા પોલીસ વડા અંગત રસ દાખવી હોમગાર્ડ જવાનોને સત્વરે નવું ટેન્ટ ફાળવે તે જારૂરી છે.

કુંભલમેર ચાર રસ્તા પાસેથી એકટીવા ઉપર વિદેશી દારૂ સાથે બે ઈસમો ઝડપાયા

સંજય જોષી

પાલનપુર

જિલ્લા પોલીસ અધીક્ષક નીરજકુમાર બડગુજર ની સૂચના મુજબ એલ.સી.બી.ના પો.ઈન્સ.જે એચ સિંધવ તથા એલસીબી સ્ટાફના ગણપતલાલ,બળવંતસિંહ,ભગાભાઈ, મહિપાલસિંહની ટીમે ગઢ પોસ્ટેના કુંભલમેર ચાર રસ્તા પાસે નાકાબંધી કરી હતી. જે દરમિયાન એકટીવા નં જીજે-૮-બીડી-૪૨૭૪ માંથી વિદેશી દારૂ તથા બિયર બોટલ કુલ ૭૭કી. રૂ.૯૩૫૦/- તેમજ એકટીવા કી.રૂ.૨૦,૦૦૦/- તથા ત્રણ મોબાઈલ કિ. રૂ.૨૦૦૦/-મળી કુલ રૂ.૩૧,૩૫૦/-નો મુદામાલ ઝડપી લીધો હતો. પોલીસે રાહુલજી જવાનજી ઠાકોર તથા નટવરજી ઘેમરજી ઠાકોર બંને રહે ચંડીસર વાળાઓને પકડી બંને વિરુદ્ધ ગઢ પોસ્ટેમાં પ્રોહી એકટ મુજબ કાયદેસર કાર્યવાહી હાથ ધરી હતી.

નાના ભુલકાઓની સહજ ચિત્રકલા...

કહેવાય છે કે ભગવાને દરેક વ્યક્તિને આગવી કલા આપેલી છે. તેમાંય નાના નાના ભૂલકાઓમાં વિશિષ્ટ કલાનો ભંડાર ભરેલો હોય છે. પણ આ કલાનો યોગ્ય વળાંક આપવામાં આવે તો તે ધારે તેવું કામ કરે છે. ત્યારે નાના નાના ભૂલકાઓ એવા કાલિશ મોદી- આલોક પંચાલ, જીગર પંચાલ તથા પૂનમ પંચાલ જેઓને તેમની માગણી મુજબ વિવિધ રંગના ચોક આપવામાં આવ્યા જેથી તેમની કલા અને શક્તિો મુજબ આ બાળકોએ મોટ-રકાર- ઢીંગલી- મા- માછલી- પાણી જેવા ચિત્રો તૈયાર કરી એકબીજા સાથે આનંદની અનુભૂતિ કરે છે. આ કાર્યને જોઈને ચંદુભાઈ એ.ટી.ડી. (કલાસૃષ્ટિ ફાઉન્ડેશન ડીસા)એ બાળકોને પ્રોત્સાહિત કર્યા હતા.

થરાદમાં ઠંડી છાશ અને પાણીનું વિતરણ

થરાદ

ઉનાળાના ધોમધખતા તાપમાં આમ જનતાને ઠંડુ પાણી અને ઠંડી છાશ પીવરાવી સેવા પરમો ધરમ્ની ભાવના સાર્થક કરવાના હેતુના ભાગરૂપે થરાદ તાલુકા અને થરાદ શહેર યુવા ભાજપ દ્વારા હનુમાન મંદિરની સામે ઠંડુ મિનરલ પાણી અને ઠંડી છાશનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે થરાદ શહેર ભાજપના પ્રમુખ વસંતભાઈ ત્રિવેદી, થરાદ તાલુકા યુવા ભાજપના પ્રમુખ પ્રવિણભાઈ માળી, થરાદ તાલુકા યુવા ભાજપના મહામંત્રી હીરાભાઈ રાજપુત, થરાદ શહેર યુવા ભાજપના પ્રમુખ પ્રકાશભાઈ સોની તેમજ ભરતભાઈ દવે, પરબતભાઈ દેસાઈ, કરશનભાઈ મોદી સહિત મોટી સંખ્યામાં ભાજપના યુવા કાર્યકર્તાઓ હાજર રહ્યા હતા.

એરંડાના ભાવમાં માર્જીન કાઢી નાંખવા કૃષિ રાજ્યમંત્રીને રજૂઆત

પાલનપુર

બનાસકાંઠા જિલ્લા ભારતીય કિસાન સંઘના પ્રમુખ ભીખાભાઈ ભુટકા સહિત અગ્રણીઓએ ખેડૂતોને એરંડાના ભાવમાં માર્જીન દુર કરી પોષણ ક્ષમ ભાવ આપવા માટે ગાંધીનગર ખાતે રાજ્યના કૃષિ મંત્રી ચિમનભાઈ સાપરીયાને રજૂઆત કરી હતી. આ બાબતે ભારતીય કિસાન સંઘના જિલ્લા પ્રમુખ ભીખાભાઈ ભુટકા જણાવ્યું હતું કે એરંડાનાં ઉત્પાદનમાં પાછોતરા વરસાદની કમીથી તેમજ વાતાવરણ માફક ન આવવાથી ઉત્પાદનમાં ૩૦ ટકાનો ઘટાડો થયેલ છે અને વાવેતર પણ ૫૦ ટકા જેટલું હતું. જેને લીધે એરંડાની બજાર જે સીઝન પહેલા એટલે જાન્યુઆરી માસમાં રૂ.૭૫૦/- થી રૂ.૭૭૦/- જેવા ભાવ ચાલુ હતા. તે ભાવો ઓછા ઉતપાદનને કારણે ધીરે ધીરે માર્ચ માસની ૨૦ થી ૨૫ તારીખ સુધીમાં રૂ.૧૦૦૦/- નો ભાવ થયો હતો. ખેડૂતને ચાલુ સાલે હેક્ટરે ૮૦ મણ જેટલો ઉતારો મળ્યો છે અને ખર્ચ હેક્ટરે ૭૨૦૦૦ (બોતેર હજાર) જેટલુ થાય છે, જે ખેડૂતને રૂ.૯૦૦/- નો ભાવ મળે તો ખર્ચ કરેલા રૂપિયા પાછા મળે છે. ૧૦ માસ જેટલી લાંબી મુદતનો પાક છે, પરંતુ એન.સી.ડી.ઈ. એક્ષમાં ચાલતા વાયદામાં લેવાલ સાથે ૩૧ ટકા માર્જીન નાંખીને રૂ.૧૦૦૦/-ની બજારને ધીરે ધીરે આજે રૂ.૮૬૫/- જેવા ભાવ થયા છે, અત્યારે તાજેતરમાં આ નાંખેલું માર્જીન ન ઉઠાવવામાં આવે તો ખેડૂતને ખર્ચ કરેલી રકમમાં પણ કઈક ખોવાનો વારો આવ્યો છે, તો આ માર્જીન કાઢી નાખવા અને ખેડૂતને પોષણક્ષમ ભાવ મળે તે માટે સેબીની ઓફીસ મુંબઈ જઈને માર્જીન પાછુ ખેંચી અને ભાવ ન ઘટે તે માટે રજુઆત કરી હતી. પરંતુ કોઈ નિર્ણય ન લેવાતા રાજ્યના કૃષિ મંત્રી ચીમનભાઈ સાપરીયાને રજૂઆત કરી છે.

આવતીકાલે ડીસામાં મુખ્યથમંત્રીની ઉપસ્થિતીમાં કૃષિ મહોત્સવ કાર્યક્રમ યોજાશે

૧૦,૯૮૩ લાભાર્થીઓને મંજુરીપત્રોનું વિતરણ કરાશે

પાલનપુર

આવતીકાલ તા.૨૦ મે, શનિવારના રોજ સવારે ૯-૦૦ કલાકે બનાસકાંઠા જીલ્લારના ડીસા મુકામે એ.પી.એમ.સી, નવા ગંજ બજાર ખાતે મુખ્ય મંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીની ઉપસ્થિઠતીમાં કૃષિ મહોત્સવ-૨૦૧૭ અંતર્ગત શાનદાર કાર્યક્રમ યોજાશે. આ મેઘા ઈવેન્ટજની જવલંત સફળતા માટે કલેકટરશ્રી દિલીપ રાણાની સુચના અને માર્ગદર્શન અનુસાર જીલ્લાર વહીવટીતંત્ર દ્વારા જરૂરી તમામ વ્યકવસ્થાઆઓ વ્યોપક રીતે ગોઠવવામાં આવી છે. આ પ્રસંગે પાટણ અને બનાસકાંઠા જીલ્લાવના ખેડૂતો અને પશુપાલકો વિશાળ સંખ્યોમાં ઉમટશે.

આ પ્રસંગે મુખ્યંમંત્રીશ્રી અને મહાનુભાવોના હસ્તો બનાસકાંઠા જીલ્લાતના ૯,૧૩૫ અને પાટણ જીલ્લા ના ૧,૮૪૮ મળી કુલ ૧૦,૯૮૩ લાભાર્થીઓને મંજુરીપત્રો વિતરણ કરવામાં આવશે. તેમજ મહિલા મંડળીઓને ગોડાઉન માટેની સહાય રૂ. ૪૪,૩૩,૬૦૦/-નો ચેક મહાનુભાવોના હસ્તે, આપવામાં આવશે. ખેડૂત ખાતેદાર અકસ્માલત વીમા યોજનાના પ્રત્યે ક લાભાર્થીને રૂ. ૧ લાખ પ્રમાણે કુલ ૧૫ લાભાર્થીઓને રૂ. ૧૫ લાખના ચેક મહાનુભાવોના હસ્તેય વિતરણ કરવામાં આવશે. આત્મા બેસ્ટદ ફાર્મર એવોર્ડ અંતર્ગત તાલુકા અને જીલ્લાા કક્ષાના લાભાર્થીઓને ચેક વિતરણ કરવામાં આવશે. સરદાર પટેલ કૃષિ સંશોધન પુરસ્કાતર અન્વાયે પ્રગતિશીલ ખેડુતનું સન્મા?ન કરી રૂ. ૫૧,૦૦૦/- નો ચેક મહાનુભાવોના હસ્તેપ આપવામાં આવશે.

આ પ્રસંગે કુલ ૧૧૩ સ્ટો.લ ધરાવતું કૃષિ, બાગાયત, પશુપાલન અને ડેરીની માહિતી દર્શાવતું અધતન પ્રદર્શન ગોઠવવામાં આવશે. ખેડૂતોને કૃષિ વિષયક મુંઝવતા પ્રશ્નોનું સ્થકળ પર જ માર્ગદર્શન આપવામાં આવશે.કાર્યક્રમ દરમિયાન એક દિવસીય સેમિનાર અને પ્રદર્શન, વિવિધ પરિસંવાદ તથા ખેડૂત-વ-વૈજ્ઞાનિક કૃષિ ગોષ્ઠીવ પણ યોજાશે.પશુપાલન વિભાગ દ્વારા પશુ સંકુલ, દિપક હોટલ સામે ડીસા ખાતે પશુ આરોગ્ય્ મેળાનું આયોજન કરવામાં આવ્યુંય છે.

બનાસકાંઠા અને પાટણ જીલ્લાકના ખેડૂત ભાઈ બહેનો અને પશુપાલકો તથા ગ્રામીણ યુવાનો ખેતી વિશે આધુનિક પધ્ધ તિઓ, વૈજ્ઞાનિક અભિગમ તથા ઉપયોગી માહિતી અને માર્ગદર્શન મેળવી પોતાની આવકમાં વધારો કરી શકે તે હેતુથી કૃષિ, સહકાર અને ખેડૂત કલ્યા ણ વિભાગ ગુજરાત રાજય અને સરદાર કૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી દ્વારા સમગ્ર કાર્યક્રમનું સુદ્દઢ આયોજન કરવામાં આવ્યું છે.

આ પ્રસંગે સર્વેને ઉપસ્થિ.ત રહેવા દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી દ્વારા આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

ડીસા ખાતે દિવંગતોને શ્રધ્ધાંજલિ અર્પવા પ્રાર્થના સભા યોજાઈ

ડીસા

ડીસા જલારામ મંદિરના પાયાના ખૂબ જ નિષ્ઠાવાન કાર્યકર આગેવાન, ટ્રસ્ટી, ડીસા રઘુવંશી લોહાણા સમાજના પણ સન્માનીય અગ્રણી અને થરપારકર ચોવીસના મોભી એવા ડીસા સ્થિત આદરણીય સગાળચંદભાઈ લાલજીભાઈ પૂજારાનું તાજેતરમાં તા.૧૩/૫/૨૦૧૭ ના દિને નિધન થયું હતું. ડીસા જલારામ મંદિરના ખૂબ જ નિષ્ઠાવાન અને વર્ષોથી માનદ્સેવક તરીકે ફરજ બજાવતા કેશવલાલ ચાવડાના ધર્મપત્ની શ્રીમતી હીરાબેન ચાવડાનું પણ તા.૫/૫/૨૦૧૭ ના દિને દુઃખદ નિધન થયું હતું. ડીસા જલારામ મંદિરની સેવા સાથે સંકળાયેલ બેઉ દિવંગત આત્માઓને શ્રધ્ધાંજલિ અર્પવા અને ગુણાનુવાદ કરવા તા.૧૭/૫/૨૦૧૭ ને બુધવારે રાત્રે ૮ વાગે એક પ્રાર્થના સભાનું આયોજન કરાયું હતું. પ્રાર્થના સભાની શરૂઆત ભગવાનભાઈ બંધુએ રામધૂનથી કરાવી બંન્ને દિવંગત મહાનુભાવોનો વિશિષ્ઠ પરિચય આપ્યો હતો.

આ પ્રાર્થના સભામાં ખૂબ જ મોટી સંખ્યામાં ડીસાના નગરજનો ખાસ ઉપસ્થિત રહ્યા હતા. કનુભાઈ આચાર્ય, જયંતીભાઈ ઓઢાવાળા, ધરમપાલભાઈ પૂજારા, ડૉ.પી.પી. ઠક્કર, શાંતિભાઈ વકીલ, શંકરભાઈ કતીરા, લીલાધરભાઈ ડી.આચાર્ય, શીવસેના પ્રમુખ કમલેશભાઈ ઠક્કર, શશીકાંતભાઈ ડી.ઠક્કર, નરેશભાઈ આચાર્ય, આર.ડી.ઠક્કર, ભાઈલાલભાઈ ઠક્કર, કનુભાઈ એમ. હાલાણી, સુરેશરભાઈ દેવવાળા, નટુભાઈ આચાર્ય, નાથાભાઈ ખત્રી, રામજીભાઈ પટેલ, પ્રવિણભાઈ એમ.ઠક્કર, દેવચંદભાઈ એન.ઠક્કર, આર.સી. પૂજારા, લીલાધરભાઈ દલિણી, જગદીશભાઈ પૂજારા, લીલાધરભાઈ ગટ્ટા, ડૉ.અરવિંદભાઈ કતીરા, ઈશ્વરભાઈ રાવલ, ભરતભાઈ એન.ઠક્કર સહિત વિવિધ અગ્રણીઓએ દિવંગત મહાનુભાવોને શાબ્દિક શ્રધાંજલિ આપ્યા

અનુસંધાન પાના નં.૬

૧૮ હજાર નવનિયુક્ત પોલીસ જવાનને નિમણૂંકપત્રો અપાયા

અમદાવાદ

મુખ્યમંત્રી વિજય રૂપાણીએ ગુજરાત પોલીસ દળમાં ઐતિહાસિક અવસરરુપે ૧૮૦૦૦ નવનિયુક્ત પોલીસ યુવાકર્મીઓને નિમણૂંક પત્ર અર્પણ કરતા આહવાન કર્યુ કે, મહાત્મા ગાંધી, સરદાર સાહેબની આ ભૂમિમાં તેઓ ગુજરાતની જનતા જનાર્દનની રક્ષા સુરક્ષાના અંતરનાદનું દાયિત્વ જગાવે. ગુજરાતનું પોલીસદળ રોલ મોડેલ પોલીસ બને, વિશ્વની પુલિસ ગુજરાત પોલીસ પાસે પદાર્થપાઠ શીખવા આવે તેવી શાખ ઉભી કરવા તેમણે પ્રેરક આહવાન કર્યુ હુતં. ગુજરાત પોલીસ યુવાનોથી તરબરતર યુવા પોલીસ છે તેમ સ્પષ્ટપણે જણાવતા વિજય રૂપાણીએ કહ્યું કે છેલ્લા આઠ વર્ષમાં ૫૦ હજારની ભરતી થઇ તેમાંથી ૨૬૦૦૦ની ભરતી માત્ર દોઢ વર્ષમાં કરવામાં આવી છે. આ સંદર્ભમાં તેમણે કહ્યું કે, વિકાસની નવી ક્ષિતિજો આંબવા કાયદો-વ્યવસ્થા, સુરક્ષા સલામતિને પ્રાધાન્ય અમે આપ્યું છે. રાજ્ય સરકારે ગૃહ વિભાગ અને પોલીસ ભરતી બોર્ડને પારદર્શી અને વાદ-વિવાદરહિત ભરતી માટે અભિનંદન પાઠવ્યા હતા. મુખ્યમંત્રીએ ટિપ્પણી કરતા કહ્યું કે, ભૂતકાળમાં ભરતી પ્રક્રિયાઓ વચેટિયા, દલાલો, મિડલમેનથી ખદબદતી હતી. મા-બાપ પેટેપાટા બાંધી દેવું કરી પોતાના સંતાનની નોકરી મેળવતા.

અનુસંધાન પાના નં.૬

કુવાળા નગરે શ્રી સુરેન્દ્રસિધ્ધાચલ તીર્થમાં બિરાજમાન શ્રી આદિનાથ દાદા આદિ જિનબિંબોનો ભવ્ય નગર પ્રવેશ...!!

અંદાજીત ૨૦૦૦ વર્ષથી પણ વધુ પૌરાણિક પ્રતિમાજીના દર્શન કરવા ભકતો ઉમટ્યા

નવિન દોશી

પ્રતિનિધિ મીઠી-પાલડી

ભાભર-દિયોદર પંથકના કુવાળા ગામે ગઈકાલ તા.૧૮/૫/૨૦૧૭ ના રોજ પૂજ્ય જૈનાચાર્યશ્રી પશશોચદ્ર સુરીશ્વરજી મ.સા. (ડહેલાવાળા) આદિઠાણાની પાવન નિશ્રામાં યાદગાર સંભારણાનો ઈતિહાસ સર્જાયો કુવાળા નગરે આકાર લઈ રહેલ નુતન જિનાલયે શ્રી સુરેન્દ્ર સિધ્ધાચલ તીર્થની મુખ્ય ટુંકે બિરાજનાર શ્રી આદિનાથ દાદા તેમજ આદિ જિનબિંબોનો કુવાળા નગરે ધામધૂમ પૂર્વક નગર પ્રવેશ કરાવવામાં આવ્યો તેમજ સાથે સાથે જૈન ધર્મશાળા ભોજનશાળા વિગેરેના ખાતમુહુર્ત ભૂમિપૂજન, માંગલીક પ્રવચન, ચલ પ્રતિષ્ઠાના ચડાવા, બહુમાન, સંઘ જમણ - નવકારશી વિગેરે ભવ્ય કાર્યક્રમોની હારમાળા સર્જાઈ છે.

અત્રે ઉલ્લેખનિય છે કે અપ્રતિમ પ્રતિભાશાળી સત્તરગમ સમાજના પરમ ઉપકારી આચાર્યશ્રી સુરેન્દ્રસુરીશ્વરજી મ.સા.ના સંયમ શતાબ્દિ વર્ષની સ્મૃતિમાં જન્મભૂમિ કુવાળા નગરે શ્રી સુરેન્દ્ર સ્ધ્ધિાચલ તીર્થનું અદ્દ્ભુત અનોખું નિર્માણ થઈ રહેલું છે. અને જે વેગવંતી ગતીએ પૂર્ણતા તરફ જઈ રહેલ છે. તેમજ શ્રી સિધ્ધાચલ તીર્થમાં મુખ્ય ટુંકમાં બિરાજમાન શ્રી ખંભાત તીર્થના આવી પાડાના દિવા જિનાલયમાંથી શ્રી આદિનાથ દાદા આદિ સહ પરિવાર જિનબિંબો કુવાળા નગરે પધાર્યા તેમજ ઉપરોક્ત પ્રતિમાં અતિ પ્રાચીન અંદાજે ૨૦૦૦ વર્ષ પૂર્વની હોવાનું જાણવા મળ્યું છે.

જમીનથી ૭૨ ફૂટ ઉંચે આદિનાથ દાદાનો દરબાર હૂંફનો સંદેશ આપશે

શ્રી શંત્રુજય મહાતીર્થમાં ન જઈ શકનારને કુંવાળામાં ઘર આગણે શ્રી સિધ્ધાંચલ તીર્થની અનુભૂતિ અને પ્રતિતિ થાય એવું આ સુરેન્દ્ર સિધ્ધાચલ તીર્થનું નિર્માણ આબેહૂબ શ્રી સિધ્ધાચલનો અહેસાસ કરાવશે, જમીનથી ૭૨ ફૂટ ઉંચે શ્રી આદિનાથ દાદાના દરબારની ફરકતી ધજા દરેકને હૂફનો સંદેશ આપશે, નવ ટુંકો, ઘેટીની પાય, તળેટી, સૂરજ કુંડ વિગેરે દિવ્ય જિનાલયો, પદ્દમાવતીદેવી, ચકેશ્વરી દેવી, માણીભદ્રવીર વિગેરે દેવદેવીના ચમત્કારી સ્થાનો "અજબ શ્રધ્ધાના કેન્દ્રો" બનશે, તેમજ ધર્મશાળા ભોજન શાળા, આયંબિલશાળા, ઉપાશ્રયો, વિવિધ આરાધના ભવનો અનેક સગવડોથી સજ્જ હશે આ સુરેન્દ્ર સિધ્ધાચલ તીર્થ સંકુલ (કુવાળા) નું શ્રેય પ્રેરણાદાતા શ્રી પ.પૂ.આ.ભ.શ્રી. વિજય યશોભદ્રસુરીશ્વરજી મ.સા(ડહેલાવાળા) તથા પૂજ્ય અ.ભ.શ્રી વિજય પિયૂષભદ્ર સુરીશ્વર મ.સા. (ડહેલાવાળા) આદિઠાણા તથા પૂજ્ય સાદવીશ્રી મૃગલોચના શ્રીજી મ.સા.આદિઠાણાના કુશળ માર્ગદર્શનને છે.

ઢીમામાં દારૂનો વેપલો બંધ કરાવી અસામાજીક તત્વો સામે પગલા ભરવા માંગ

ઢીમા

બનાસકાંઠાના સુપ્રસિધ્ધ યાત્રાધામ ઢીમામાં છેલ્લા એકાદ મહિનાથી વિદેશી દારૂનું મોટાપાયે ધુમ વેચાણ થતું હોવાની ચર્ચા ચકડોળે ચડી છે. જ્યાં ગુજરાત રાજ્યના દારૂબંધીના કાયદાના જાહેરમાં લીરેલીરા ઉડાડી રહ્યા છે. મિનિ અંબાજીથી ઓળખાતા યાત્રાધામ ઢીમામાં હવે ટુંક સમયમાં એટલે કે તા.૩૦/૫/૨૦૧૭ થી ભવ્ય પ્રતિષ્ઠા મહોત્સવ યોજવાનો હોવાથી લાખો લોકોની જનમેદની ઉમટી પડવાની હોવાથી યાત્રાધામ ઢીમાની અંદર સુરક્ષા કવચ મજબુત કરવામાં આવે અને છેલ્લા એકાદ મહિનાથી વિદેશી દારૂનું બેફામ વેચાણ બંધ કરાય તે જરૂરી છે. વધુમાં ઢીમા ના નવા એસ.ટી. બસ સ્ટેશનથી લઈને જુના એસ.ટી. બસસ્ટેશન અને દુધ મંડળી તેમજ પાણી ઘર સુધીના વિસ્તારમાં અસામાજીક તત્વો તેમજ દારૂડીયા તત્વોનો દિવસે ને દિવસે ત્રાસ વધી રહ્યો છે. જેથી સાંજના સમયે કામ તેમજ ડેરીમાં દુધ ભરાવાના સમયે ગામની બહેન દીકરીઓને મુશ્કેલી પડે છે. જ્યારે દિવસના ટાઈમે પાણી ઘર તેમજ પાણી ઘરની બાજુના બાવળોની જાડીવાળા વિસ્તારમાં મોટી મહેફીલો થતી હોવાની ચર્ચાઓ ગામલોકોમાં થઈ રહી છે. જેથી સ્થાનિક પોલીસ તંત્ર તેમજ જિલ્લા પોલીસ વડાએ અંગત વોચ ગોઠવી ને ઢીમાની અંદર થઈ રહેલા બેફામ વિદેશી દારૂના વેચાણનો પર્દાફાશ કરવામાં આવે તેવું ઢીમા ગામની જનતા ઈચ્છી રહી છે.

ગુજરાત ગોસ્વામી સમાજના સમુહલગ્નમાં ૧૧ નવદંપતીઓએ પ્રભુતામાં પગલા પાડ્યા

પુષ્કર ગોસ્વામી

તા.પ્રતિ. વડગામ

ગુજરાત ગોસ્વામી સમાજના ૨૬ માં સમૂહ લગ્નોત્સવમાં અમદાવાદ ખાતે અગિયાર નવદંપતીઓએ પ્રભુતામાં પગલાં પાડ્યા હતા. તાજેતરમાં અમદાવાદ રામોલટોલ ટેક્ષ પાસે મહાદેવ એસ્ટેટ પ્લોટમાં ગુજરાત ગોસ્વામી સમાજ, સમુહલગ્નોત્સવ સમિતિ દ્વારા છવ્વીસમો સમૂહ લગ્નોત્સવ સમારંભનું આયોજન કર્યું હતું. જેમાં રાજગુરૂ સ્વામી વિશોકાનંદભારતીજી (અમદાવાદ) કમાણા મહંત અમરભારતીજી, દિલ્હીમહંત સચ્ચીદાનંદ ગિરીજી, જોધપુર મહંત આનંદપુરીજી, એમ.પી.દેવાસમહંત અશોકગિરિજીએ દિપપ્રાગટ્ય કરી નવદંપતીઓને આશીર્વચન આપ્યા હતા. સમારંભના મુખ્ય અતિથિ તરીકે ગૃહપ્રધાન પ્રદીપસિંહ જાડેજા, ધારાસભ્ય સુરેશભાઈ પટેલ સહિત બિલ્ડરો, રાજકીય આગેવાનો, સમાજના મહાનુભાવો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. મંત્રી અમૃતગીરી કે. ગોસ્વામીએ સ્વાગત પ્રવચન કર્યુ હતું, પ્રમુખ હસમુખપુરી, જગદીશપુરી, મહેન્દ્રભારથી સહિત તમામ પદાધિકારીઓએ કાર્યક્રમ સફળ બનાવવા જેહમત ઉઠાવી હતી.

પાલનપુરની મોદી સ્કૂલમાં દશાબ્દી મહોત્સવ યોજાયો

પાલનપુર

બનાસકાંઠા મોઢ મોદી કેળવણી મંડળ સંચાલિત શેઠશ્રી સંદીપકુમાર રવચંદદાસ મોદી વિદ્યાભવન પાલનપુર અને શ્રીમતી એમ.એન.મોદી બાલમંદિર પાલનપુર તથા શ્રીમતી એમ.એ.મોદી (પ્રગતિ) પ્રાથમિક શાળા તથા મોદી હાઈસ્કૂલ પાલનપુરનો દશાબ્દી મહોત્સવ મોદી સ્કૂલ પાલનપુર પ્રાંગણમાં યોજવામાં આવ્યો હતો.

આ પ્રસંગે કેન્દ્રીય મંત્રી હરીભાઈ ચૌધરી અને સમાજના દાતાઓ તથા મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. કેન્દ્રીય મંત્રી હરીભાઈ ચૌધરીએ શિક્ષણ ઉપર ભાર મુકી સમાજના નબળા બાળકોને સારી ગુણવત્તાવાળુ શિક્ષણ પુરું પાડવા સમાજના આગેવાનોને અનુરોધ કરવામાં આવ્યો. મોદી સ્કૂલના સંચાલક મંડળના હોદ્દેદારો દલપતભાઈ મોદી, જશવંતભાઈ મોદી, છનાલાલ મોદી, સુંદરલાલ મોદી, પ્રવિણભાઈ મોઢ, નટવરલાલ મોદી, વિનોદભાઈ મોદી, રમણભાઈ મોદી તથા સંસ્થાના નિયામક એ.એસ.મોઢ અને તમામ સભ્યઓએ ખૂબજ જેહમત ઉઠાવીને કાર્યક્રમને સફળ બનાવવા અથાગ પ્રયત્ન કરેલ છે.

આ દશાબ્દી મહોત્સવમાં કાર્યક્રમ નિમિત્તે મુખ્ય દાતાઓ પૈકી લક્ષ્મીબેન તથા ચંદ્રીકાબેન રવચંદદાસ મોદી તથા ડૉ.ડી.એસ. સોલંકી તેમજ સમાજના અન્ય દાતાઓ તરફથી માતબર દાનની જાહેરાત કરવામાં આવી.

અનુસંધાન પાના નં.૬

દાંતા તાલુકાના મીડીયા કર્મીએ પોતાના વાહનો ઉપરથી પ્રેસ લખેલ લખાણ દુર કર્યુ

યાત્રાધામ અંબાજી જતા પ્રેસ લખેલા વાહનો ની હવે ખૈર નથી

હિતેન્દ્ર અગ્રવાલ

અંબાજી

ગુજરાતમાં કેટલીક ઉપર પ્રેસ લખેલા વાહનોમાં માદક પદાર્થોની થતી હેરાફેરી તેમજ પ્રેસ લખેલા વાહનોનો અસામાજિક તત્વો દ્વારા થતા દૂર ઉપયોગના પગલે દાંતા તાલુકાના દ્વારા પોતાના વાહનો પર પ્રેસ નહિ લખવાનો નિર્ણય લઈ પોલીસ તંત્રને સહયોગી બન્યું છે જેને લઈ દાંતા તાલુકા તમામ પત્રકારો એકત્રિત થઈ પોલીસના સહકારથી પોતાના વાહનો પર લખેલા લખાણને દૂર કરવાનો એક કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યને પોલીસે પણ બિરદાવ્યું છે અને અંબાજી એક મોટું યાત્રાધામ છે જેને ઝેડ કેટેગરીની સુરક્ષા કવચ અપાયું છે ત્યારે કોઈ અસામાજિક તત્વ પ્રેસ લખેલા વાહનોનો દૂર ઉપયોગ કરી કોઈ ગેરપ્રવૃત્તિ ન કરી જાય તેના માટે રાજત્માં સૌ પ્રથમ અંબાજીને દાંતા વિસ્તારના તમામ પત્રકારોએ પોતાના વાહનો પરથી પ્રેસનું લખાણ દૂર કરી સુરક્ષાને સહભાગી બન્યું હોય ત્યારે પોલીસ વિભાગ દ્વારા પણ આવા મોટા યાત્રાધામોમાં પ્રેસ લખેલા આવતા વાહનો સામે કડક હાથે કામ લે તેવી મીડિયાકર્મીઓ દ્વારા માંગ કરાઈ છે. આ સમગ્ર બાબત નેદાંતા તાલુકા પ્રત્રકાર સંઘ એ પોતાનુ સમર્થન જાહેર કર્યુ હતું.

જોઈએ છે - ઓપન ઈન્ટરવ્યુ

મહાત્મા જ્યોતિરાવ ફુલે એજ્યુકેશન ટ્રસ્ટ, ડીસા સંચાલિત શેઠ શ્રી ડી.એલ.ગેલોત પ્રા.શાળા તથા જી.જી.માળી માધ્ય. અને ઉ.મા. શાળામાં નીચે મુજબના શૈક્ષણિક લાયકાતવાળા શિક્ષકો જોઈએ છે.

૧) B.Sc./M.Sc./B.ed (ગણિત/વિજ્ઞાન) - ૦૧
૨) B.A./M.A./B.ed (અંગ્રેજી/સંસ્કૃત) - ૦૨
૩) B.A./M.A./B.ed (સા.વિ./ગુજરાતી) - ૦૨
૪) B.A./M.A./B.ed (હિન્દી) - ૦૧
૫) M.A./B.ed (તત્વજ્ઞાન) - ૦૧

ઉપર દર્શાવ્યા મુજબની લાયકાત ધરાવતા ઉમેદવારોએ પોતાની શૈક્ષણિક લાયકાત અને અનુભવના અસલ પ્રમાણપત્રોની નકલ સાથે સ્વખર્ચે નીચે મુજબના સમય અને સ્થળે હાજર રહેવુ....

નોંધ : TET/TAT પરીક્ષા પાસ ઉમેદવારોને પ્રથમ પસંદગી આપવામાં આવશે.

સમય : સવારે ૧૦:૦૦ વાગે
ઈન્ટરવ્યુ તા. ૨૬/૦૫/૨૦૧૭, શુક્રવાર
સ્થળ : શ્રી જી.જી. માળી વિદ્યાસંકુલ
કાંટ રોડ, ડીસા

પ્રમુખશ્રી
બાબુલાલ
ગીગાજી માળી
મો. ૯૮૨૪૦૩૮૯૭૫

તંત્રી સ્થાનેથી ...

લોભનો નાશ કરો, ક્ષમા કરો, અભિમાન ત્યજો, પાપ ન કરો, સત્ય બોલો...

ચીનના કોઈપણ પ્રોજેક્ટમાં ભારત ભાગીદારી ઈચ્છતું નથી

ભારત અને ચીન વચ્ચે વર્ષોથી વ્યાપારી સંબંધો હોવા છતાં ચીન પાકિસ્તાનને તમામ સ્તરે મદદ કરી રહ્યું છે, આ બંને રાષ્ટ્રો ભારતને ભીંસમાં લેવા પ્રયાસો કરી રહ્યું છે, પરંતુ આંતરરાષ્ટ્રીય સ્તરે ભારતની નામના પાકિસ્તાન કરતા વિશેષ છે એ બાબત ચીને ભૂલવી જોઈએ નહિં.

હાલ બેજિંગમાં વિવિધ દેશોના પ્રતિનિધિઓ વચ્ચેની બે દિવસીય બેઠક ચાલી રહી છે, ચીને તેનો દબદબો આગળ વધારવા નવી યોજના પ્રસ્તુત કરી છે. બે ડઝનથી પણ વધારે દેશોના વડા, બીજા અધિકારીઓ સાથે ‘રસ્તા અને જળમાર્ગોના જાપાની’ વાતની ચર્ચા ચાલી રહી છે. જો કે ભારત આ પરિષદમાં ભાગ લઈ રહ્યું નથી. ચીન હંમેશા પોતાના પ્રભુત્વને જાળવી રાખવા આવી પરિષદોનું આયોજન કર્યા કરે છે. પણ ભારત આવી બેઠકોમાં માનતું નથી. તે હંમેશા તેના સિધ્ધાંત મુજબ જ ચાલ્યા કરે છે.

ચીન બીજા દેશો પર પ્રભુત્વ જમાવવા પોતાના સૈન્ય બળમાં વધારો કરી રહ્યું છે. તે ભારતના કેટલાક પ્રદેશો કબ્જે કરવા માટેના પ્રયાસો કરી રહ્યું છે. પરંતુ તેમાં ચીનને ફાવટ આવશે નહિં, કેમ કે ભારત તેના પ્રશ્નો આંતરરાષ્ટ્રીય સ્તરે ઉઠાવી રહ્યું છે એટલે બીજા રાષ્ટ્રોના સિધ્ધાંતોને ચીન પડકારી શકે તેમ નથી.

ચૂંટણી પ્રચાર વખતે ચીની માલના બહિષ્કારની શેખી મારનાર ડોનાલ્ડ ટ્રમ્પે ચીન સાથે આર્થિક સમજુતી કરવી પડી. કેમ કે અમેરિકા ચીનમાં લિક્વિફાઈડ નેચરલ ગેસ સહિતની કેટલીક મહત્વની ચીજવસ્તુઓની નિકાસ કરે છે. આથી ચીની બેન્કોને પણ વિપુલ પ્રમાણમાં ફાયદો થઈ રહ્યો છે.

પરંતુ હાલના તબક્કે ચીન કે પાકિસ્તાનની દાનત સારી જણાતી નથી. ભારત અને જાપાન વચ્ચે વર્ષોથી સારા સંબંધો હોવાથી ચીનને આ ગમતું નથી. કેમ કે ચીની બનાવટની કેટલીક ચીજવસ્તુઓ જે ભારતમાં આવતી હતી. તે ભારતીય માર્કેટે બંધ કરી દીધી છે. ભારત સરકાર દ્વારા સ્વદેશી બનાવટની ચીજ વસ્તુઓ ખરીદવા પર ભાર મુકી રહી છે. હમણા જાપાને ભારતને બુલેટ ટ્રેન માટે જે લોન આપી છે તે એક પ્રોજેક્ટ હેઠળ આપવામાં આવી છે. જો કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વિદેશ નીતિના જાપાન વખાણ કરી રહ્યું છે. ભારતે બાંગલાદેશ, શ્રીલંકા, આંગોલિયા અને જાપાન સાથેના સંબંધો વધાર્યા તેનાથી ભારતને કોઈ પણ પ્રકારનું નુકસાન નથી તે બાબત ચીન જાણતું હોવા છતાં અંદર ખાને ચીન ભારે નારાજગી બતાવી રહ્યું છે. ભલે ચીન નારાજ થતું હોય પરંતુ ચીનના વ્યાપારી સંબંધો બાબતે ભારત તેના દ્રષ્ટિકોણને વળગી રહેશે તે વાત ચોક્કસ છે. ભારત માત્ર પોતાના આર્થિક પ્રશ્નો જ હલ કરવા ઈચ્છી રહ્યું છે. પાકિસ્તાનની જેમ ભારત કોઈ રાષ્ટ્ર તરફ લાંબો હાથ કરવા ઈચ્છતું નથી. પાકિસ્તાનના અંકુશ હેઠળના કાશ્મીરમાં ચીન કોઈ નવો પ્રોજેક્ટ કરવા વિચારી રહ્યું છે. પરંતુ બિનઅધિકૃત કોઈપણ જાતનો પ્રોજેક્ટ નાંખવામાં આવશે તો તે કાશ્મીર સરકાર ચલાવી લેશે નહિં. તે વાત ચીને સમજવી જોઈએ. અને પાકિસ્તાને પણ આ બાબત સમજવી જરૂરી છે. ભારત ચીનના કોઈપણ પ્રોજેક્ટમાં જોડાવા ઈચ્છતું નથી. ભૂકંપગ્રસ્ત નેપાળમાં ભારતે કેટલાક પ્રોજેક્ટો માટે નાણાંકીય સહાય કરી છે અને ત્યાં માર્ગોનું નવિનીકરણ ભારત તરફથી થઈ રહ્યું છે. ચીને માત્ર મદદ કરવાની વાત ચલાવી હતી. પરંતુ કોઈપણ જાતની મદદ કરી નથી તે વાત ચોક્કસ છે.

લવ યુ ફેમિલીનું મ્યુઝિક અને ટ્રેલર રિલીઝ

સચિન્દ્ર શર્માની ફિલ્મ લવ યુ ફેમિલીનું મ્યુઝિક અને ટ્રેલર ફિલ્મ ઈન્ડસ્ટ્રીની મહાન હસ્તી ભરત શાહદ્વારા રિલીઝ કરવામાં આવ્યું હતું. જે ઝી મ્યુઝિક કંપની દ્વારા તેને જારી કરવામાં આવશે. વિપુલ દેવાનીઅને ડી. એસ. ભાટિયા આ ફિલ્મના પ્રોડ્યુસર છે અને ભરત શાહ પ્રેઝન્ટર છે. જ્યારે ફિલ્મના સહ-પ્રોડ્યુસર છે. ભાવેન ભટ્ટ અને મયુર પટેલ છે.આ ખાસ પ્રસંગે ફિલ્મ ઈન્ડસ્ટ્રીની અનેક ખાસ હસ્તીઓ હાજર રહી હતી. આ ફિલ્મના મ્યુઝિક ડિરેક્ટરવિષ્ણુ નારાયણ, નરેશ કારવાલ, તન્મય પાહવા, રોબી બાદલ છે. જ્યારે ગાયક સોનુ નિગમ, દિલેરમહેંદી છે. મધુશ્રી, પ્રથમેશ, કલ્પના, જુબિન ગર્ગ અને ગરિમા યાજ્ઞિક ફિલ્મના મુખ્ય કલાકારો છે.જેમની ડાન્સિંગ સ્કીલના લોકો ફેન છે એવા સલમાન યુસુફ ખાન, અક્શા પારદાસની, કશ્યપ, નેશનલએવોર્ડ વિજેતા મનોજ જોશી, નવની પરિહાર, સોનિકા ગિલ, રાજેશ શર્મા, સુનિલ પાલ, આશિષગોખલે, સાગરિકા, હિયા સિંહ, ગાર્ગી સિંહ, સાગરિકા, સરવાણી ગોસ્વામી, આયેશા સિંઘ, રાજશર્મા, સ્વાતિ કુમાર, દેવાંગ રાવલ, ડીએસ ભાટિયા, કુશી દેવાણી, સકલીન ભાટિયા, બિન્દુ દેવાણી,બાળ કલાકાર નમ્ર દેવાણી પણ સામેલ છે. આ ઉપરાંત ફિલ્મમાં શક્તિ કપૂર પણ સામેલ છે. જ્યારે તુર્કીના ઈલકેર કુર્ટે તથા કઝાકિસ્તાનના ફરાદ સામેલ છે.આ ફિલ્મ છે દરેક યુવતીની કથા, દરેક બાપની કથા, દરેક પરિવારની કથા. ફિલ્મના ડિરેક્ટર સચિન્દ્રશર્માના કહેવા પ્રમાણે આ ફિલ્મ ૯ જૂને સમગ્ર ભારતમાં રિલીઝ થશે.

આત્મચિંતન

પાપની અવગણના કરશો નહિં

એવું કાંઈ ના કરશો, જેના કારણે પાછળથી પસ્તાવો કરવો પડે. નકામી વસ્તુઓ મોટા પ્રમાણમાં એકઠી કરી લેવાથી શું લાભ? જે ઉત્તમ છે તેનો થોડોક સંગ્રહ પણ ઉત્તમ છે.

અવ્યવસ્થિત અને અસંયમી બનીને સો વર્ષ જીવવા કરતા જ્ઞાન પ્રાપ્ત કરતા રહીને ધર્મપૂર્વક એક વર્ષ જીવતા રહેવુ વધારે સારુ છે. ધુમાડો પેદા કરીને મોડે સુધી સળગતા રહેતા અને મેંશ પેદા કરતા અગ્નિ કરતાં થોડીવાર ઉજ્જવળ પ્રકાશ આપીને બુઝાઈ જતો અગ્નિ પ્રશંસનીય છે.

જેણે ધર્મનો ત્યાગ કર્યો છે, જે નિરંકુશ સ્વેચ્છાચારીનો જેમ વિચારે એને કરે છે તેનાથી ખરાબ કર્મો જ થશે. તે ખોટા માર્ગે જ ચાલી શકશે. ધર્મના બંધનોથી અનેક સ્થાનેથી બંધાયેલુ મન ઉદ્દંડ ઘોડાની જેમ કાબુમાં રહી શકે છે. ઢાળવાળી જમીન પર ફેલાયેલું પાણી ઉપરની તરફ ચઢતું નથી, તે જ પ્રમાણે સ્વેચ્છાચારી મન ન તો સારી વાતો વિચારે છે અને ન સારા કાર્યો કરે છે મનને ખોટે માર્ગે જતુ રોકવું એ જ સૌથી મોટો પુરુષાર્થ છે. જેને પોતાની ઉપર સંયમ મેળવ્યો હોય તે આ ત્રિલોકનો સ્વામી છે.

પાપની અવગણના ના કરો. તે થોડાક હોવા છતાં પણ મોટુ અનિષ્ટ કરી નાંખે છે. આગની નાની સરખી ચિનગારી પણ કિંમતી વસ્તુઓના ઢગલાને બાળીને ભસ્મ કરી નાંખે છે. ઉછરેલો સાપ ક્યારેય પણ ડંખી શકે છે. મનમાં છુપાયેલુ પાપ ગમે ત્યારે આપણા ઉજ્જવળ જીવનનો નાશ કરી શકે છે.

ગાયત્રી શક્તિપીઠ,ડીસા

‘રખેવાળ’ ના આ પાના ઉપર પ્રસિધ્ધ થતી વિગતો અને લેખો જે તે લેખકના વ્યકિતગત મૌલિક વિચારો ઉપર આધારીત હોય છે. તેની સાથે તંત્રી-સંપાદક સહમત નથી. જે તે વિગતો અને લેખોની સંપૂર્ણ જવાબદારી લેખકોની જ રહેશે.

ફિલ્મ ‘હિન્દી મિડિયમ’ના સ્ટાર કાસ્ટે અમદાવાદની મુલાકાત લીધી

અમદાવાદ

બોલીવુડની અપકમિંગ ફિલ્મ ‘હિન્દી મિડિયમ’ના સ્ટાર કાસ્ટ પોતાની ફિલ્મને પ્રમોટ કરવા માટે ખાસ અમદાવાદના મહેમાન બન્યા હતા. ‘હિન્દી મિડિયમ’ ફિલ્મની સ્ટોરી એ દરેક માતા-પિતાની કહાણી છે જેઓ પોતાના બાળકોને ગુણવત્તાસભર શિક્ષણ આપવા માંગતા હોય છે. રાજ અને મીતાને ત્રણ વર્ષની દિકરી છે, માતા-પિતાતરીકે રાજ અને મીતા પોતાની દિકરીને બેસ્ટ લાઈફ આપવા માંગે છે. તમે સ્ટોરી જેમ જેમ સમજશોતેમ તેમ જાણશો કે રાજ અને મીતા પોતાની દિકરીના એડમિશન માટે કેટલો સંઘર્ષ કરે છે. ફિલ્મમાં એક માતા-પિતાનો પોતાની દિકરીના એડમિશન માટેનો સંઘર્ષ દર્શાવવામાં આવ્યો છે. ફિલ્મમાં કોમેડીની સાથે સાથે એક ખુબ જ સરસ મેસેજ આપવામાં આવ્યો છે. શુક્રવારે તારીખ ૧૯મી મે ના રોજ ફિલ્મ રિલિઝ થવા જઈ રહી છે ત્યારે જોવાનું ચુકતા નહી ફિલ્મ ‘હિન્દી મિડિયમ’.

લીવ લવ લાફ ફાઉન્ડેશનના 'યુ આર નોટ અલોન' દ્વારા અમદાવાદની ૪૫ સ્કૂલોના ૨૫૭૭ વિદ્યાર્થીઓને આવરી લેવાયા

અમદાવાદ

લીવ લવ લાફ ફાઉન્ડેશનના કિશોરોના માનસિક સ્વાસ્થ્ય અંગેના અગ્રણી પ્રોગ્રામ યુ આર નોટ અલોનનું આયોજન દેશભરની સ્કૂલોમાં નિ:શુલ્ક કરાયું હતું જેમાં ગત વર્ષે કર્ણાટક, ઉત્તરાખંડ, મહારાષ્ટ્ર, તામિલનાડુ, ગુજરાત અને દિલ્હી સહિત છ રાજ્યોમાં ૨૭૬ સ્કૂલોમાં ૬૪૮૦ શિક્ષકો અને ૩૪૦૨૩ વિદ્યાર્થીઓને આવરી લેવાયા હતા.યુ આર નોટ અલોન કિશોરો અને શિક્ષકોને તણાવ, ચિંતા અને ડિપ્રેશન અંગે કિશોરો અને શિક્ષકોને માનસિક આરોગ્ય પરના દબાણને ઘટાડવાના હેતથી શિક્ષિત કરે છે. આ પ્રોગ્રામ જૂન ૨૦૧૫માં એક્ટર દીપિકા પાદુકોણ દ્વારા સ્થાપિત એનજીઓ લીવ લાફ ફાઉનશન (ટીએલએલએલએફ) દ્વારા ડિઝાઈન તથા આયોજિત કરાયો હતો જેનો હેતુ આ મામલે એક સામાજિક લાંછન દૂર કરવા અને ઉત્તમ માનસિર આરોગ્ય અંગે જાગૃતિ માટેની આવશ્યકતા પર લક્ષ આપવાનો છે.

યુ આર નોટ અલોનની રજૂઆત બેંગલુરુની સોફિયાઝ હાઈસ્કૂલમાં પાદુકોણની માતૃસંસ્થા દ્વારા માર્ચ ૨૦૧૬માં થઈ હતી. ત્યારથી આ પ્રોગ્રામનું આયોજન ૧૦૦થી વધુ નોન ઈંગ્લિશ મીડિયમ સ્કૂલ્સ સહિત ૨૭૬ સ્કૂલ્સમાં થઈ ચુક્યું છે અને તેનું ઈંગ્લિશ, હિન્દી, તામિળ અને ગુજરાતીમાં આયોજન થયું છે.આ પ્રોગ્રામ અંતર્ગત ફાઉન્ડેશનના જ સ્ટાફ દ્વારા કે પાર્ટનર સંસ્થાઓનાં સ્ટાફ દ્વારા વિદ્યાર્થીઓ અને શિક્ષકો માટે અલગ અલગ સેશન્સનું આયોજન કરાયું હતું.જ્યારે શિક્ષકો માટેની તથા સ્કુલ સત્તાધીશો માટેની સેશનમાં સામેલ લોકોને ડિ"શન અને ચિંતાના લક્ષણો અંગે જાણકારી આપવામાં આવી હતી કે જેથી આવી સમસ્યાથી ગ્રસ્ત બાળકોને સહયોગ કે કોઈ પ્રોફેશનલ મદદ આપી શકે. માનસિક આરોગ્ય અંગેના વિવિધ પાઓને દર્શાવતી એક બુકલેટ પણ તમામ સામેલ લોકોને આપવામાં આવી હતી અને તે સેશન્સમાં સ્થાનિક ભાષામાં ઉપલબ્ધ હતી.’આગામી ૧૨ મહિનામાં, ટીએલએલએલએફને યુ આર નોટ અલોન પ્રોગ્રામનો વ્યાપ વધારીને વિદ્યાર્થીઓ અને વાલીઓને સામેલ કરાય એવી અપેક્ષા છે. પ્રોગ્રામમાં કન્ટેન્ટના લોકલાઈઝેશન પર પણ લક્ષ આપવામાં આવ્યું હતું અને આ પ્રોગ્રામ નાના શહેરો અને નગરોમાં લઈ જવામાં આવશે જેમાં વાલીઓ અને સ્વયંસેવકોની મદદ લેવાશે. ટીએલએલએલએફને પોતાના વિદ્યાર્થીઓ માટે પ્રોગ્રામનું આયોજન ઈચ્છતી શાળાઓ info@thelivelovelaugfoundation.com પર જણાવી શકે છે.

ડીએચએફએલે ચીફ બિઝનેસ ઓફિસર તરીકે સંતો"ા નાયરને રોકીને લીડરશિપ ટીમને મજબૂત બનાવી

ખાનગી ક્ષેત્રમાં ભારતની અગ્રણી હાઉસિંગ ફાઈનાન્સ કંપનીમાંથી એક ડીએચએફએલે ચીફ બિઝનેસ ઓફિસર તરીકે સંતોષ નાયરને રોકીને તેમની લીડરશિપ ટીમને વધુ મજબૂત બનાવી છે. નવી ભૂમિકામાં સંતોષ બધા રિટેઈલ એસેટ પ્રોડક્ટ વર્ટિકલ્સમાં ડીએચએફએલના વેપાર વિચરણ ચેનલોની આગેવાની કરશે અને સંસ્થાની મહેસૂલી ઊપજ પ્રક્રિયાની અસરકારકતાને વધુ મજબૂત બનાવવા પર ધ્યાન કેન્દ્રિત કરશે. સંતોષ નેશનલ ઓફિસ, મુંબઈની બહાર સ્થિત હશે.સંતોષને સેલ્સ એન્ડ ડિસ્ટ્રિબ્યુશન, પી એન્ડ એલ મેનેજમેન્ટ, ઓપરેશન્સ માનવબળ અને ટીમ લીડરશિપમાં નિપુણતા સાથે બેક્કિંગ ઉદ્યોગમાં બે દાયકાનો બહુમુખી અનુભવ છે. તેમનો સંસાધનોના મહત્તમ ઉપયોગમાં મજબૂત ટ્રેક રેકોર્ડ છે, જેના થકી નફાશક્તિ વધી છે, તેમને ઉદ્યોગમાં ઊંડાણથી મૂલ્યવાન અનુભવ છે અને વેપાર ઉત્કૃષ્ટતા હાંસલ કરવા માટે શ્રેષ્ઠ વ્યવહારોનો અમલ કરવાની નિપુણતા સાથે ઉત્કૃષ્ટ ટીમ ખેલાડી છે. ડીએચએફએલરોમાંચક અને ગતિશીલ વૃદ્ધિના તબામાં છે, કારણ કે સંસ્થાએ ભારતમાં ઝડપી વિસ્તરણ હાથમાં લીધું છે અને નાણાકીય યોજનાઓની વિસ્તૃત શ્રેણી થકી એલએમઆઈ સેગમેન્ટને સેવા આપવા માટે પહોંચ વધારી છે. ભારતની અગ્રણી હાઉસિંગ ફાઈનાન્સ કંપનીમાંથી એક ડીએચએફએલ એફોર્ડેબલ હાઉસિંગ ફાઈનાન્સ ઉદ્યોગની ઉચ્ચ વૃદ્ધિની સંભાવનાનો લાભ લેવા માટે સુસજ્જ છે.

ડીએચએફએલમાં જોડાવા પૂર્વે સંતોષ એચડીએફસી બેક્ર લિ.માં હોમ લોન્સ અને અસંરક્ષિત લોન્સના બિઝનેસ હેડ, એક્ઝિક્યુટિવ વાઈસ પ્રેસિડેન્ટ તરીકે સેવા આપી છે.

બબ્બલ સોની સબ પર ઈચ્છાપ્યારી નાગીનમાં ઈચ્છાધારી નાગમાં ફેરવાશે

સોની સબ પર ઈચ્છાપ્યારી નાગીનમાં આગામી વારતામાં નવો વળાંક આવી રહ્યો છે. આ વળાંકમાં બબ્બલ (મિશ્કતવર્મા) નાગમાં ફેરવાશે. પહેલવાન પરિવાર બબ્બલની નાગ તરીકે નવી ઓળખથી બિલકુલ વાકેફ નથી, જેથી બબ્બલ તેમને સચ્ચાઈથીપરિચિત કરવા માગે છે. જોકે અહીં ઈચ્છા (પ્રિયલ ગોર) સચ્ચાઈ કહેવાથીતેનો રોકવાનો પ્રયાસ કરે છે, જેને લીધેબંને વચ્ચે દલીલબાજી થાય છે. આંગણમાં જતી વખતે તેઓ જુએ છે કે આખો પરિવાર ગુંડાઓથી ઘેરાયેલો છે. બબ્બલ ઈચ્છાને ગુંડાઓથી છુટકારો કઈ રીતે મેળવવો અને પરિવારને કઈ રીતે બચાવવો એવું પૂછે છે. ઈચ્છાબબ્બલને નાગમાં ફેરવાઈને પરિવારને બચાવવા કહે છે. બબ્બલ આંખો બંધ કરીને હું નાગ છું એવું રટણ કરે છે અને નાગ બનતાં જ ગુંડાઓની પાછળ પડી જાય છે. બબ્બલને ખ્યાલ નથી કે શરીરથી ‘તે નાગમાં ફેરવાઈ ચૂક્યો છે અને ગુંડાઓની સામે વિચિત્ર હરકતો કરી રહ્યો છે. ગુંડાઓ આ જોઈને ક્રોધિત થાય છે અને રસપ્રદ રીતે તેના ભાઈ પ્રબલ (પ્રવીણ સિરોહી)નું અપહરણ કરે છે. આ જોઈને ઈચ્છા લાભ લે છે અને ઘરની બહાર નીકળે છે. પરિવાર પ્રબલના અપહરણ વિશે પોલીસને જાણ કરે છે ત્યારે ઈચ્છા ગુંડાઓની જીપનો નંબર પણ આપે છે. જોકે પોલીસ ‘તેમને મદદ કરતી ન હોવાથી ઈચ્છા અને બબ્બલ જાતે પ્રબલને શોધી કાઢવાનું નક્કી કરે છે. ઈચ્છા અને બબ્બલ આરટીઓ કાર્યાલયમાં જાય છે અને જીપનું સરનામું અને વિગતો મેળવે છે. બબ્બલ સરનામું શોધવા જાય છે, જ્યારે ઈચ્છા પાછી ઘેર આવે છે. ઈચ્છા પરિવાર જોડે વાતો કરતી હોય છે ત્યારે બબ્બલ તેને કોલ કરીને કહે છે કે સરનામું ખોટું છે અને હવે ભગવાન શિવજી જ તેમની મદદ કરી શકે છે. શું ઈચ્છા અને બબ્બલ ગુંડાઓના છટકામાંથી પ્રબલને છોડાવશે? બબ્બલ હવે નાગમાં ફેરવાઈ ગયો હોવાથી તે પરિવાર સામે ખરી ઓળખ જાહેર કરવાનું નક્કી કરે છે. જોકે પ્રબલનું અપહરણ થવાથી તે અને ઈચ્છા હવે ગુંડાઓના છટકામાંથી તેને છોડાવવાના મિશન પર નીકળે છે. વધુ જાણકારી માટે જોતા રહો ઈચ્છાપ્યારી નાગીન, સોમવારથી શુક્રવાર, રાત્રે ૮, ફક્ત સોની સબ પર!

સુપર ડાન્સર યોગેશ સબસે બડા કલાકારમાં ’ગોવિંદા’ બન્યો

સોની એન્ટરટેઈનમેન્ટ ટેલિવિઝન ઉપર સબસે બડા કલાકારનો સેટ સુપર ડાન્સર બાળકોના સંકલનથી આગ લગાડનારો બની ગયો હતો. યોગેશ દ્વિંતીયા, દિપાલી અને માસૂમ શો માં આવ્યા હતા અને સબસે બડા કલાકારનાબાળકો સાથે પર્ફોમ કર્યં.સુપર ડાન્સર્સમાં યોગેશ તેની મિમીકિંગ માટે જાર્ણીતો છે. તે બોલિવુડની ખુબ જ જાર્ણીતી વ્યક્તિઓના મિમીકસ કરે છે, જેમાંથી એક છે ગોવિંદા. રવિના અને ગોવિંદા ‘તે સ્ક્રિન ઉપરના પ્રેમી પંખીડાઓમાંનુ એક છે, યોગેશ તેમને વિર્નંતી કરી હતી કે દુલ્હે રાજા મુવી માંથી તેમનુ પ્રખ્યાત ગીત ’ કયા લર્ગતી હૈ’ માંતેની સાથે ડાન્સ કરે. રવિનાએ દરેકને આશ્ચર્ય પમાડિને ડાન્સ કર્યો હતો.

સબસે બડા કલાકારને માત્ર સોની એન્ટરટેઈનમેન્ટ ટેલિવિઝન ઉપર દર શનિવાર અને રવિવારે રાત્રે ૮:૦૦ કલાકેનિહાળો!

નોકિયા ૩૩૧૦ નો પુનઃ પ્રારંભ

I'm back!
Talk all day & night
1 month stand by
Play Snake
Ringtone

નોકિયા ફોન્સના હોમ, એચએમડી ગ્લોબલે ભારતમાં નોકિયા ૩૩૧૦ નું વેચાણ શરૂ કરવાની ઘોષણા કરી.આ ક્લાસિક ફોન પુનઃ પ્રારંભ થઈ ગયો છે, જેને કોઈ ઓળખની જરૂર નથી. નોકિયા ૩૩૧૦ ભારતમાં ૧૮ મે ૨૦૧૭થી સર્વોચ્ચ મોબાઈલ સ્ટોર્સ પર ઉપલબ્ધ રહેશે. નોકિયા ૩૩૧૦ ચાર વિશેષ રંગો – વાર્મ રેડ તથા યલો, બંને ગ્લૉસ ફિનિશની સાથે, ડાર્ક બ્લૂ તથા ગ્રે, બંને મૈટ ફિનિશની સાથે મળશે. આનું રિટેલ મૂલ્ય ૩૩૧૦ રૂ. હશે.અજય મહેતા, વીપી – ઈન્ડિયા, એચએમડી, ગ્લોબલે કહ્યું કહે, એક વાર ચાર્જ કર્યા બાદ પૂરો દિવસ વાચ કરો, સંદેશામોકલો, પિક્ચર્સ લો અને બિલ્ટ-ઈન એફએમ રેડિયો તથા એમપી૩ પ્લેયરની સાથે પૉકેટ જ્યૂકબૉક્સ્નો આનંદ લો. આક્લાસિક ડિઝાઈનના અમારા દ્વારા પુર્નનિર્માણ તમને ખુશીથી સ્તબ્ધ કરી દેશે. આમાં જૂની દરેક ચીજ એક મૉડર્નટ્વિસ્ટની સાથે રજૂ કરવામાં આવી છ. આ માટે જો તમે ફીચર ફોન લેવા, ભલે શ્રેષ્ઠ બેટરી લાઈફ આપે કે પછી એક કંપેનિયન ફોન, નોકિયા ૩૩૧૦ દરેક રૂપમાં તમારો સાથ આપશે.

સ્માઈલ ફાઉન્ડેશન અને વાઈલ્ડ ગેનજેને જમીની સ્તરે એનજીઓ અને સીબીઓ માટે ઈ-લર્નિંગ પ્લેટફોર્મ લોન્ચ કર્યુ

સ્માઈલ ફાઉન્ડેશને ભારતમાં આંતરરાષ્ટ્રીય ક્ષમતા નિર્માણ પહલ ‘ચેન્જ ધ ગેમ એકેડમી’ (સીટીઝએકેડમી) લોન્ચ કરવા માટે ડચના વિકાસ સંગઠન વાઈલ્ડ ગેનજેનની સાથે પોતાની ભાગીદારીની ઘોષણા કરી છે. ચેન્જ ધ ગેમ એકેડમી ખાસ કરીને જમીની સ્તરની એનજીઓ અને સીબીઓની ક્ષમતાઓના નિર્માણ માટે ગઠિત અનેસમર્પિત પોતાની રીતનું પહેલુ ઈ-લર્નિંગ પોર્ટલ છે.ભારતની એક ઉભરતી અર્થવ્યવસ્થા રૂપે ઉભરવાથી વિકસિત દેશોના વિદેશી કોષ ઘટી રહ્યા છે જે હવે

નબળા દેશોના સશક્તિકરણ પર કેન્દ્રિત છે. આ ઉપરાંત જ્યાં ભારતની દરેક વ્યક્તિ આવકમાં તેજી થવાને કારણે હાલના સમયમાં દાનદાતાઓની સંખ્યા વધી છે ત્યાં જ આમના સુધી માત્ર મોટા સંગઠનો કે આઈએનજીઓની જ પહોંચ ઉપલબ્ધ છે. આદર્શ રીતે જમીની એનજીઓ અનેસીબીઓએ સમુદાય અને સરકાર વચ્ચે ઈન્ટરફેસ બનવું જોઈએ અને તે યોજનાઓ તથા નીતિઓના ક્રિયાન્વનમાંમદદ કરવી જોઈએ જે સમુદાયને મદદકાર બનીને તેમની રાહમાં આવનારી ખામીઓને દૂર કરવી જોઈએ. પરંતુ આને સંભવ બનાવવા માટે જમીની સ્તરની એનજીઓના નિર્માણ તથા તેમનું માર્ગદર્શન કરવાની સખત જરૂરિયાત છે.

ચેન્જ ધ ગેમ એકેડમી બ્લેંડેડ લર્નિંગ અપ્રોચ, કમ્બાઈનિંગ ફેસ-ટુ-ફેસ કોર્સ, સંપૂર્ણ ઈ-લર્નિંગ કોર્સ, અલગ ઈ-લર્નિંગમૉડ્યૂલર અને ટૂલકિટ તથા સામૂહિક તથા વ્યક્તિગત કોચિંગનો ઉપયોગ કરે છે. ઈ-લર્નિંગ પ્લેટફોર્મ આવા સરળમૉડ્યૂલથી સંપન્ન છે જે આંતરરાષ્ટ્રીય નિષ્ણાંતો દ્વારા તૈયાર કરવામાં આવ્યું છે અને આના ભારતના સંદર્ભમાં સ્માઈલફાઉન્ડેશન દ્વારા અપનાવવામાં આવ્યું છે. સીબીઓ અને જમીની સ્તરની એનજીઓથી પ્રતિનિધિ પોતાની સ્વયંનીમરજી અને સુવિધાના આધારે આ કોર્ષ શીખી શકે છે.ભારત ઉપરાંત આ પ્રોગ્રામને બ્રાઝીલ, ઈથોપિયા, કેન્યા, યુગાંડા અને દક્ષિણ આફ્રિકામાં પણ શરૂ કરવામાં આવશે.

એમિરેટસ સ્કાયકાર્ગો ફાર્મા ક્ષેત્રના ગ્રાહકો માટે તેની ઓફર્સ વિસ્તારે છે

મુંબઈ

એમિરેટસનું ફ્રેઈટસ ડિવિઝન એમિરેટસ સ્કાયકાર્ગો દ્વારા તેના હાલના એન્વીરોટેઈનર સાથેના સહયોગ ઉપરાંત બજારની બે અગ્રણી કંપનીઓ સ્કાયસેલ અને વા-ક્યુ-ટેક સાથે ગ્લોબલ કન્ટેઈનર રેન્ટલ સર્વિસીસ માટે કરાર કરીને તેના ફાર્મા ગ્રાહકો માટે ઉપલબ્ધ ઉપાયોની રેન્જને વિસ્તારી છે. આ કરારોને કારણે એમિરેટસ સ્કાયકાર્ગો તેના ગ્રાહકોને ફાર્માસ્યુટિકલ અથવા તો લાઈફ સાયન્સ પ્રોડકટસ માટે વિવિધ પ્રકારના સ્પેશ્યાલાઈઝડ ટેમ્પરેચર કન્ટ્રોલ્ડ કન્ટેઈનર્સ પૂરાં પાડશે. ૧૫૫ સ્થળોને આવરી લેતુ એમિરેટસ સ્કાયકાર્ગો ગ્લોબલ નેટવર્ક હવે વા-ક્યુ-ટેક કન્ટેઈનર્સ-એડવાન્સડ પેસીવ કન્ટેઈનર્સ મારફતે ઉષ્ણતામાન અંગે સંવેદનશીલ શિપમેન્ટને -૭૦ સેન્ટીગ્રેડથી માંડીને +૨૫ અંશ સેન્ટીગ્રેડ સુધીની ૬ ટેમ્પરેચર રેન્જ પૂરી પાડીને અત્યંત વિપરીત હવામાન વચ્ચે પણ શિપમેન્ટનું પરિવહન કરી શકશે. ’વા-ક્યુ-ટેઈનર’ રેન્ટલ કન્ટેઈનર ૫ અલગ અલગ કદમાં ઉપલબ્ધ છે અને તેની અંદર બે યુએસ પેલેટસને સમાવી શકાય છે અને વિચલીત થાય નહીં તે રીતે બહારના ઉર્જા સ્રોતોનો ઉપયોગ કર્યા સિવાય કેટલાક દિવસ સુધી સતત ઉષ્ણતામાન નિયંત્રણ પૂરૂ પાડે છે.

સ્કાલ સેલ અને વા-ક્યુ-ટેક સાથેના એમિરેટસ સ્કાય કાર્ગોના કરારો તેની વર્તમાન ઈન-હાઉસ ફાર્મા ઓફરોને પૂરક બને છે, જેમાં એમિરેટસ સ્કાય ફાર્મા કુલ ડોલીનો સમાવેશ કરાયો છે, જે કાર્ગોનું -૨૦ અંશ સેન્ટીગ્રેડ જેટલું ઓછું ઉષ્ણતામાન જાળવીને દુબઈમાં એરક્રાફ્ટથી સ્ટોરેજ વિસ્તાર સુધી પરિવહન કરે છે અને ઈન્સ્યુલેટર્સ વડે કોટીંગ કરાયેલા સ્પેશ્યલ કન્ટેઈનર- ’વ્હાઈટ કન્ટેઈનર’ બહારના અત્યંત વિપરીત ઉષ્ણતામાનનો પ્રતિકાર કરે છે અને ગ્રાહકોને તેમના ફાર્મા શીપમેન્ટસ માટે વ્યાપક વિવિધતા ધરાવતા પરિવહનના વિકલ્પો પૂરાં પાડે છે.

ગરમીની આ મોસમમાં તમારા કેશની સંભાળ માટે આવશ્યક ૫ બાબતો

જ્યારે ગરમીનો પારો ઉંચો જાય ત્યારે માત્ર તમારી ત્વચા માટે જ પ્રેમપૂર્વકની સંભાળ પૂરતી નથી. તમારે તમારા વાળની પણ યોગ્ય સંભાળ લેતાં શિખવું જોઈએ અને તેને સૂરજની આકરી ગરમીની કપરી અસરથી બચાવવા જોઈએ. ભારે ઉંચા ઉષ્ણતામાનને કારણે તમારા વાળને સતત ત્રાસ ભોગવવો પડે છે. ચીકણો પરસેવો વાળના મૂળમાં થાય છે અને તે શુષ્ક અને નિસ્તેજ બની જાય છે. તમારે સૂર્યના તડકાનો સામનો કરવાનો હોય ત્યારે સૂકા વાળ એ અત્યંત સામાન્ય સમસ્યા બની રહે છે, પરંતુ તમારે ચિંતા કરવાની જરૂર નથી, કારણ કે કેશની કાળજીની સરળ ટીપ્સ તમારા વાળને નુકશાન થતું રોકી શકશે.

ઢાંકી રાખોઃ હા, આ બાબત સરળ છે. માત્ર ઘરની બહાર નિકળો ત્યારે તમારા વાળને ઢાંકવા માટે સ્કાર્ફનો ઉપયોગ કરવો જોઈએ, જેનાથી બહારની રજ અને પ્રદુષણથી વાળ નિસ્તેજ બનવાની સમસ્યા ઘટશે.

વાળને વધુ પડતા ધૂઓ નહીઃ આપણે આપણાં વાળને ચીકાશ થવાના કારણે તથા ખંજવાળને કારણે વારંવાર ધોવાનું પસંદ કરીએ છીએ. આમ છતાં વાળને વારંવાર ધોવા જોઈએ નહીં, કારણ કે તેને કારણે સૂકો ખોડો થાય છે અને તમારા વાળ તેનું કુદરતી ઓઈલ અને ભેજ ગૂમાવે છે.

એર ડ્રાયઃ

ઉનાળા દરમ્યાન ડ્રાયર્સ અથવા તો સ્ટાઈલીંગ પ્રોડક્ટસનો ઉપયોગ કરવાનું ટાળો, કારણ કે હવામાનને કારણે તમારા વાળ સૂકા પડવાનું અને ગૂંચળા પડવાનું બનતું હોય છે. તમારા વાળને આ સ્થિતિમાં કુદરતી રીતે સૂકાવા દઈને તંદુરસ્ત અને ચમકતા રાખો.

અલ્ટ્રાવાયોલેટ કિરણોથી સુરક્ષા માટે કંડીશનરની મદદઃ

આકરી ગરમી તમારા વાળને સૂકા અને નિસ્તેજ બનાવે છે, પરંતુ તાજેતરમાં રજૂ કરાયેલી હેર સ્ટાઈલીંગ અને હેર કેરની કાર્લ હોવેલ રેન્જ પ્રોડક્ટસ દ્વારા તમે વાળને ફરીથી જીવંત બનાવી શકો છો. આ રેન્જમાં નીચેની પ્રોડક્ટસનો સમાવેશ થાય છે.

- રીસ્ટ્રક્ચર બી ફાઈલ:વાપરવામાં આસાન આ પ્રોડક્ટસ સ્પ્રે કરવાની રહે છે. તેનું ઓછુ વજન ધરાવતું મોઈશ્ચરાઈઝીંગ કંડીશનર ડી-પેન્થેહોલ ધરાવે છે. તેમાં એડવાન્સ્ડ રિવાઈટલાઈઝીંગ કોમ્પલેક્સ હોય છે, જેનાથી આ પ્રોડક્ટ સીએચ રેન્જમાં ખૂબ જ લોકપ્રિય બની છે. તેનું એ રીતે નિર્માણ કરવામાં આવ્યું છે કે વાળની અંદર જઈને તેનું પુનઃગઠન કરી મજબૂત બનાવે છે અને તેને કુદરતી તંદુરસ્ત ચમક બક્ષે છે. તેમાં સનસ્ક્રીનનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે, જે તમારા વાળના રંગને અલ્ટ્રાવાયોલેટ કિરણોથી સુરક્ષા આપે છે.
- જેલ સ્પ્રે-એઃ આ એક નોન-એરોસોલ હોલ્ડીંગ અને સ્ટાઈલીંગ સ્પ્રે છે, જેનાથી કુદરતી દેખાવ મળે છે. સ્ટાઈલીંગ પછી ઉપયોગમાં લેવામાં આવે ત્યારે નરમથી માંડીને મિડિયમ વાળનું સ્ટાઈલીંગ કરી શકાય છે. તે ચોંટતું નથી કે વાળને અક્કડ બનાવતું નથી. તેનાથી હેરસ્ટાઈલીંગ પહેલાં ભીના વાળને જરૂરિયાત મુજબ નિયંત્રિત કરી શકાય છે. તેમાં ડી-પેન્થેનોલનો સમાવેશ કરાયેલો હોવાથી વાળ કંડીશન થાય છે અને વાળના રંગને સનસ્કીન દ્વાર સુરક્ષા મળે છે.
- યોગ્ય આહાર લો અને ભેજ જાળવોઃ તંદરસ્ત શરીર અને માનસ માટે યોગ્ય આહાર જરૂરી છે. તે જ રીતે આપણાં વાળ માટે ઉનાળામાં યોગ્ય આહાર જરૂરી છે. ઉનાળામાં પાણીનું વધુ પ્રમાણ ધરાવતા તથા ફાઈબર ધરાવતા તરબૂચ, ગાજર અને પાલક જેવા ફળ અને શાકભાજીનો ઉપયોગ કરવો જોઈએ. ખૂબ પાણી પીવું જોઈએ, જેથી તમારા શરીરનો ભેજ જળવાઈ રહે અને મૂળમાંથી જ વાળ ચમકતા રહે.આ ઉનાળામાં તમારા વાળની યોગ્ય કાળજી લેવા માટે એડવાન્સ્ડ હેર સ્ટુડિયોના નિષ્ણાંતોએ આપેલી ટીપ્સનો ઉપયોગ કરો અને ચિંતા વગર ગરમીને માણો.

પોતાની ભાવી વૃદ્ધિના તબક્કાને મજબુત બનાવવા વાયકોમ ૧૮ નેતૃત્વ ટુકડીનું પુનઃ ગઠન કરે છે

પોતાના અસ્તિત્વમાં આવવાના ૧૦ માવર્ષમાં પ્રવેશ કરતા ભારતની સૌથી ઝડપથી વિકાસ પામતી મીડીયા અને મનોરંજન કંપનીએ એક ઓર્ગનાઈઝેશનલ રીજીગની ઘોષણા કરી છે જેનોહેતુ આખા મલ્ટી પ્લેટફોર્મ નેટવર્કમાં સીનર્જીઝ ડાયલ કરવાનો છે જે આઈકોનીક બ્રાન્ડસનું મુકામ છે. રાજ નાયકને ચીફ ઓફિસર બનાવવાથી શરૂ થતી કવાયતનો હેતુ ઓર્ગેનાઈઝેશનના ભવિષ્યને તેના ભાવી વૃદ્ધિ તબક્કામાં પ્રવેશ કરવા તૈયાર રાખવાનો છે. આ ફેરફાર સાથે વાયકોમ ૧૮ રાજના નેતૃત્વ હેઠળની યુવાન અનેપુક્ષ દર્શકો માટેની પોતાની નેશનલ બ્રાન્ડસ હીંદી, યુથ, મ્યુઝિક અને ઈંગ્લીશ એન્ટરટેનમેન્ટ પ્રસ્તુતીઓને મજબુત બનાવે છે.

પોતાની ગ્રામીણ ઉપસ્થિતી પર સ્પષ્ટ બયાન સાથે વાયકોમ ૧૮ અનુજુ પોદ્દારને પણ એમની કલર્સ મરાઠી અને કલર્સ ગુજરાતી પરની વર્તમાન ભૂમિકા પરથી ગ્રામીણ વિસ્તારણ હેતુ રીશ્તે સીનેપ્લેકસ સહીત રૂરલ બિઝનેસ હેડ પર લઈ જાય છે..વાયકોમ ૧૮ કન્ઝયુમર પ્રોડકટસ એન્ડ ઈન્ટીગ્રેટે નેટવર્ક સોલ્યુશન્સ હેડ સૌગાતો ભૌમિક હોમગ્રોન એકસપરીમેન્ટલય નિર્માણ અને રોબસ્ટ કન્ઝયુમર પ્રોડકટસ માટેના પ્રયાસોને વેગ આપવાનું ચાલુ રાખશે. ફેરઝાદ અનુજુ અને સૌગાતો રાજ નાયક હેઠળ હશે.

મનોરંજનનો રસ થાળ લાવે છે

સિને-સરિતા

ફિલ્મો અને ટીવી જગતના નવીનતમ નજરાણાં...

હિરાની સાથેની ફિલ્મમાં કામ કરીને સોનમ ખુશ છે

બોલિવુડમાં લોકપ્રિય સ્ટાર તરીકે ઉભરી રહેલી અભિનેત્રી સોનમ કપુર રાજકુમાર હિરાની સાથે ફિલ્મમાં કામ કરીને ભારે ખુશ છે. આ ફિલ્મ વિતેલા વર્ષોના સ્ટાર અભિનેતા સંજય દત્તની લાઈફ પર આધારિત ફિલ્મ છે. જેમાં તે સંજય દત્તની પ્રેમિકાના રોલમાં નજરે પડનાર છે. ફિલ્મમાં તેના રોલ અંગે પુછવામાં આવતા સોનમ કપુરે માહિતી આપવાનો ઈન્કાર કર્યોહતો અને કહ્યુ હતુ કે આ તબક્કે રોલ અંગે વાત કરવી યોગ્ય રહેશે નહી. નિરજાની અભિનેત્રીએ એમ પણ કહ્યુ છે કે તે બોલિવુડમાં કેટલીક ફિલ્મોમાં કામ કરી રહી છે. તેનુ કહેવુ છે કે રાજકુમાર હિરાની સાથે તમામ કલાકારો કામ કરવા માટે હમેંશા ઉત્સુક રહે છે. સોનમ કપૂરનું કહેવું છે કે તે પોતે પણ રાજકુમાર હિરાનીની મોટી ચાહક તરીકે છે. રાજકુમાર હિરાની કોઈપણ ફિલ્મને ખૂબ જ શાનદાર રીતે રજુ કરવા માટે જાણીતા છે. નવી ફિલ્મ સંજય દત્તની લાઈફ ઉપર આધારીત છે. **અનુસંધાન પાના નં.૬ ઉપર**

સ્ટાર રિતિક સાથે કામ કરી યામી ગૌતમ ભારે પ્રભાવિત

ઓન ધ સ્કીન

આગામી ફિલ્મ કાબિલમાં બોલિવુડના સુપરસ્ટાર અભિનેતા પૈકી એક રિતિક રોશન સાથે કામ કર્યા બાદ ખુબસુરત અભિનેત્રી યામી ગૌતમ ખુબ જ ખુશ છે. યામી ગૌતમે રિતિક રોશનની પ્રશંસા કરતા કહ્યુ છે કે તે બોલિવુડમાં સૌથી હાર્ડ વર્કિંગ સ્ટાર પૈકી એક તરીકે છે. તે ફિલ્મમાં જોરદાર દેખાવ કરવા માટે હમેંશા ઉત્સુક રહે છે. રિતિક રોશન સાથે કામ કર્યા બાદ પોતાના અનુભવ અંગે વાત કરતા યામીએ કહ્યુ હતુ કે રિતિક ખુબ કટિબદ્ધ સ્ટાર પૈકી એક છે. તે સારા પરફોર્મ માટે હમેંશામહેનત કરે છે. યામીએ કહ્યુ છે કે કેટલાક સીન ફિલ્મમાં બિલકુલ પરફેક્ટ હોવા છતાં રિટેક કરવામાં આવ્યા હતા. યામીના કહેવા મુજબ પોતાની ખુબસુરતીના કારણે વધારે જાણીતા રહેલા રિતિક ખુબ શાનદાર વ્યક્તિ તરીકે છે. પંજાબી, કન્નડ અને તેલુગુ ફિલ્મ ઈન્ડસ્ટ્રીઝમાં કામ કર્યા બાદ યામી હવે બોલિવુડમાં મોટી ફિલ્મમાં કામ કરી રહી છે. યામીએ વર્ષ ૨૦૧૨માં આયુષ્માન ખુરાના સાથે સુજીત સરકારની ફિલ્મમાં પ્રથમ વખત ભૂમિકા અદા કરી હતી. તે કેટલીક અન્ય ફિલ્મમાં કામ કરી ચુકી છે. જેમાં ટોટલ સિયાપા, બદલાપુર અને અન્ય ફિલ્મનો સમાવેશ થાય છે.

યામી ગૌતમ હાલમાં કેટલીક અન્ય ફિલ્મોમા ંપણ કામ કરી રહી છે. સંજય ગુપ્તા દ્વારા નિર્દેશિત ફિલ્મ કાબિલ ૨૫મી જાન્યુઆરીના દિવસે રજૂ કરવામાં આવી હતી. હવે યામી ગૌતમ સરકાર-૩ ફિલ્મ માટે કામ કરી રહી છે. આ ફિલ્મમાં અમિતાભ બચ્ચન પણ કામ કરી રહ્યા છે. બચ્ચનની આ ફિલ્મની ચાહકો રાહ જોઈ રહ્યા છે.

હાફ ગર્લફ્રેન્ડ ફિલ્મને લઈને ચાહકો ભારે ઉત્સુક : રિપોર્ટ

LYRICSMINT.com
half girlfriend

ફિલ્મી સિતારા

હાફ ગર્લફ્રેન્ડ ફિલ્મને લઈને ચાહકો ભારે ઉત્સુક છે. આ ફિલ્મ ૧૯મી મેના દિવસે દેશભરમાં રજૂ કરવામાં આવનાર છે. શ્રદ્ધા કપુર અને અર્જૂન કપુરની જોડી જોરદાર રીતે ધુમ મચાવી શકે છે. બન્નેની કેમિસ્ટ્રી પણ જોવા જેવી છે. બાલાજી મોશન દ્વારા ફિલ્મ રજૂ કરવામાં આવનાર છે. અર્જુન કપુર અને શ્રદ્ધા કપુર હાલમાં ફિલ્મને લઈને ભારે ઉત્સુક દેખાઈ રહ્યા છે. ફિલ્મના પ્રમોશનને લઈને જુદા જુદા શોમાં પહોંચી રહ્યા છે. અર્જૂન કપુર અને શ્રદ્ધા કપુર બન્ને બોલિવુડમાં આશાસ્પદ સ્ટાર તરીકે ઉભરી આવ્યા છે. બન્ને પાસે શ્રેણીબદ્ધ ફિલ્મો રહેલી છે. એકબાજુ અર્જુન કપુર અનિલ કપુરની સાથે મુબારકા ફિલ્મમાં પણ કામ કરી રહ્યો છે. જેમાં અથિયા શેટ્ટી અને ઈલિયાના ડી ક્રુઝ પણ નજરે પડનાર છે. બન્ને સ્ટાર પોતાની રીતે તમામ તાકાત ફિલ્મ માટે લગાવી ચુક્યા છે. આ ફિલ્મનુ શુટિંગ અમેરિકાના જુદા જુદા સ્થળો પર કરવામાં આવ્યુ હતુ. ટુ સ્ટેટ ફિલ્મમાં અર્જુન કપુરની ભૂમિકાની ભારે પ્રશંસા થઈ હતી. તે ગુન્ડે ફિલ્મમાં પણ સુપરહિટ રહ્યો હતો. અર્જુન કપુરે પોતાની બોલિવુડ કેરિયરની શરૂઆત ઈશ્કજાદે મારફતે કરી હતી. આ પિલ્મમાં તેની સાથે પરિણિતી ચોપડાની પણ ભૂમિકા હતી. પરિણિતી ચોપડા પણ હવે સફળતા મેળવી લેવાની દિશામાં આગળ વધી રહી છે. હાફ ગર્લફ્રેન્ડ ફિલ્મ ૧૯મી મેના દિવસે દેશના જુદા જુદા ભાગોમાં આ ફિલ્મ રજૂ કરવામાં આવનાર છે. શ્રદ્ધા હાલમાં પોતાના પરિવારની સાથે રજા માણી રહી છે.

અર્જુન કપુરે માહિતી આપતા કહ્યુ છે કે ફિલ્મને લઈને તે પોતે પણ આશાવાદી ફિલ્મ છે. આ ફિલ્મ તમામ લોકોને ખુબ પસંદ પડશે. કારણ કે યુવા પેઢીને ધ્યાનમાં લઈને ફિલ્મ બનાવાઈ છે.

ન્યુઝ સ્ટ્રીપ્સ

★થોડા દિવસ પહેલાં મેલબોર્ન મુંબઈ ફલાઈટ પર કપિલ શર્માએ તેના કોમેડી શોમાં કામ કરતાં સુનીલ ગ્રોવરનું અપમાન કર્યું એ વાત સર્વવિદીત છે. આ વાતે ભારે હોબાળો મચ્યા પછી કપીલે પોતાની પબ્લીક ઈમેજ બચાવવા ટવીટર પર સુનીલની માફી માંગી પરંતુ સુનીલનું દુભાયેલું મન તેનાથી માન્યું નહીં. સુનીલના નીકટના સુત્રોએ જણાવ્યું કે કપીલની માફી માંગવાની રીત પરથી સ્પષ્ટ જણાઈ આવતું હતું કે તેપોતાની છબીને પહોંચેલી હાનિ ભુંસીને લોકોની સહાનુભૂતિ મેળવવા માંગતો હતો. તેણે માફી પણ બે દિવસ રહીને માંગી હતી. તેઓ ઓસ્ટ્રેલિયાથી પાછા ફર્યા પછી તેણે સુનીલ સાથે ટવીટર પર અનફોલો કર્યું હતું. જો તેને ખરેખર માફી માગવી હતી તો તે વ્યક્તિગત રીતે પણ સુનીલની માફી માગી શકયો હોત. તેણે સુનીલ સાથે જે પ્રકારનું વર્તન કર્યું તે ભુલવું સુનીલ માટે શકય નથી. એમ કહેવાય છે કે જે ચેનલ પર કપિલનો શો આવે છે તે ચેનલે જ સુનીલને પોતાનો અલગ શો કરવાની ઓફર આપી છે. કોમેડીયનની આ બાબતે ચેનલ સાથે વાતચીત ચાલી રહી છે. જોકે સુનીલ પુરતો વિચાર કરવા સમય માગી રહ્યો છે. કારણ કે તેને અન્ય ચેનલો તરફથી પણ ઓફરો મળી રહી છે.

★છેલ્લે ધારાવાહીક જમાઈ રાજામાં આવેલી અભિનેત્રી તનાઝ ઈરાની હવે ચુપકે ચુપકે સીરીયલમાં જોવા મળી રહી છે. મોહીત મલ્હોત્રા, પૃથ્વી હટ્ટે, કુણાલ પંડીત, ફરીદા જલાલ જેવા કલાકારોને ચમકાવતી આ સીરીયલમાં જોડાયેલી તનાઝે જણાવ્યું હતું કે, હું આ સીરીયલમાં ખુશમીજાજ કુકુ બાટલીવાળાનું પાત્ર ભજવી રહી છું. હું તેમાં આઈટી પેઢીની માલીકણ છું. મહત્વની વાત એ છે કે આ રોલ માટે ઓડીશન ચાલી રહ્યું હતું ત્યારે સીરીયલ સર્જકોને મારા જેવી આનંદી અને ઘેલી પારસી સ્ત્રી દેખાઈ જ નહીં. તેથી આ ભૂમિકા મારા ફાળે આવી. મેં જ્યારે તેની સ્ક્રીપ્ટ વાંચી ત્યારે મને એમ લાગ્યું જાણે આ પાત્ર મારા માટે જ લખાયું છે. વળી તે વખતે હું નવરી હતી તેથી મને આ રોલ કરવાની તક જ ઝડપવાની હતી અને મેં તે ઝડપી લીધી.

★છેલ્લા ૧૫ વર્ષથી ટચુકડા પડદા સાથે સંકળાયેલી અભિનેત્રી આશકા ગોરાડીયાએ તેની કારકીર્દીનો આરંભ કુસુમ સીરીયલથી કર્યો હતો. ત્યારબાદ તેણે લાગી તુજ સે લગન, ભારત કા વીર પુત્ર મહારાણા પ્રતાપ જેવી સંખ્યાબંધ ધારાવાહીકોમાં કામ કર્યું. આ સિવાય તેણે બાળકો માટેના શોઝે, રીયાલીટી શોઝ, સુપર નેચરલ અને હોરર શો કર્યા હતા. તે કહે છે કે મેં આટલા વર્ષ દરમિયાન જોયું છે કે યુવા પેઢીને ટેલેન્ટ શોઝમાં વધુ રસ પડે છે અને જ્યારે તમે ટચુકડા પડદાથી દુર રહો ત્યારે લોકોને તમારૂં નવું પાસું જોવા મળે છે. જોકે આજની તારીખમાં અદાકારાની મહત્વની વાત એ છે કે તે બ્રેન્ટ ગોબ્લે નામના અમેરીકાના એક વેપન ઈન્સ્ટ્રકટરને પ્રેમ કરે છે.તેકહે છે કે તેણે મારા માટે પોતાનો પરિવાર, બીઝનેસ, મિત્રો બધું જ ત્યાગી દીધું છે. તેં મને એટલો બધો પ્રેમ કરે છે કે અમેરીકાના કલાઈમેટમાં ઉછર્યો હોવા છતાં મારા માટે તે આપણા ગરમ પ્રદેશમાં ખુશી ખુશી રહી રહ્યો છે. મેં કયારેય તેના ચહેરા પર અણગમો નથી જોયો. મને તેનાથી વધુ શું જોઈએ.

સુશાંત અને જેકલીન નવી ફિલ્મ સાથે કરશે

બોલિવુડમાં એક નવી ફ્રેશ જોડી નજરે પડનાર છે. મળેલી માહિતી મુજબ સુશાંતસિંહ રાજપૂત અને જેકલીન પ્રથમ વખત એક સાથે કામ કરવા જઈ રહ્યા છે. આ બંનેએ પોતાની આગામી ફિલ્મ ડ્રાઈવ માટેનું શુટીંગ શરૂ કરી દીધું છે. આ બંનેએ ફિલ્મના શુટીંગમાં સામેલ હોવાની જાહેરાત કરી દીધી છે. ફિલ્મના નિર્માતા કરણ જૌહરે પણ ટ્વીટર ઉપર ફિલ્મના મુહુર્ત શોટને લઈને માહિતી આપી છે. આ ફોટોમાં સુશાંત અને જેકલીન નજરે પડે છે. કરણ જૌહરે ફોટાના કેપ્સનમાં લખ્યું છે કે ફ્રેન્ચાઈસીઝ ફનની શરૂઆત થઈ રહી છે. તરૂણ મનસુખાની દ્વારા નિર્દેશિત અને સુશાંત તથા જેકલીન દ્વારા અભિનેત આ ફિલ્મનું શુટીંગ શરૂ કરી દેવામાં આવ્યું છે. સિરિઝની આ પ્રથમ ફિલ્મ રહેશે. ડ્રાઈવ સિરિઝ હેઠળ કરણ જૌહર ઓછામાં ઓછા ત્રણ ફિલ્મો બનાવવાની યોજના ધરાવે છે.

આ તમામ ફિલ્મો રોમાન્સ સાથે ભરપુર એકશન થ્રિલર ફિલ્મ રહેશે. એમ માનવામાં આવે છે કે હિટ ફ્રેન્ચાઈસીઝ ધૂમને પડકાર ફેંકવાને હેતુસર આ ડ્રાઈવ સિરિઝની શરૂઆત કરવામાં આવી રહી છે. કરણ જૌહર સાથે લાંબા સમય બાદ તરૂણ મનસુખાની કામ કરી રહ્યા છે. ૨૦૦૮માં આવેલી કરણ જૌહરના પ્રોડકશન હાઉસની હીટ ફિલ્મ દોસ્તાનાથી બોલિવુડમાં નિર્દેશક તરીકે પોતાની કેરિયરની શરૂઆત કરનાર તરૂણ મનસુખાની કરણ જોહર સાથે કામ કરવાને લઈને ભારે ઉત્સુક છે. દોસ્તાના ફિલ્મમાં અભિષેક બચ્ચન, જ્હોન અબ્રાહમ અને પ્રિયંકા ચોપરા લીડ રોલમાં નજરે પડ્યા હતા. હવે સુશાંત અને જેકલીનને લઈને નવી ફિલ્મ પર કામ શરૂ કરવામાં આવ્યું છે. ફિલ્મના સેટ ઉપર તરૂણ સાત વર્ષ બાદ તરત પહોંચ્યા છે. ૨૦૦૮માં છેલ્લે કરણ અને મનસુખાનીની જોડી એક સાથે ફિલ્મ નિર્માણમાં સામેલ થઈ હતી. સુશાંતને પ્રથમ વખત એક મોટા બેનરની ફિલ્મ હાથ લાગી છે. જેનાથી તે પણ આશાવાદી છે.

ધુમ-3 બાદ કેટરીના કેફ ફરી આમીર સાથે દેખાશે

ઓન ધ સ્કીન

BOLLYWOODLIFE.COM

બોલિવુડની લોકપ્રિય અભિનેત્રી કેટરીના કેફને હવે એક મોટી ફિલ્મ હાથ લાગી ગઈ છે. પ્રાપ્ત માહિતી મુજબ મોટી ફિલ્મ ઠગ્સ ઓફ હિન્દુસ્તાન માટે આમીર ખાનની સાથે કેટરીના કેફની પસંદગી કરવામાં આવી ચુકી છે. છેલ્લા કેટલાક સમયથી અભિનેત્રીને લઈને ચર્ચા ચાલી રહી હતી. ટોપ ક્લાસ અભિનેત્રીને લઈને આ ફિલ્મ બનાવવામાં આવનાર છે. ફિલ્મમાં અભિનેત્રીના નામને લઈને કેટલાક નામ પર ચર્ચા થઈ હતી. જેમાં આલિયા ભટ્ટ, વાણી કપુર અને દિપિકાનો પણ સમાવેશ થાય છે. આખરે કેટરીના કેફે બાજી મારી લીધી છે. ફિલ્મમાં અમિતાભ બચ્ચનની પણ યાદગાર ભૂમિકા રહેશે. સાથે સાથે ફતિમા સના શેખનો પણ સમાવેશ થાય છે. યશરાજ ફિલ્મ પ્રોડક્શન હોવાના કારણે ફિલ્મને લઈને ભારે ઉત્સુકતા પહેલાથી જ દેખાઈ રહી છે. ધુમ-૩માં આમીર અને કેટરીના કેફની જોડી ચમકી હતી. આ ફિલ્મ રેકોર્ડ સફળતા મેળવી ગઈ હતી. ધુમ-૩ ફિલ્મનુ નિર્દેશન વિજય કૃષ્ણ આચાર્ય દ્વારા કરવામાં આવ્યુ હતુ. કેટરીના કેફ હાલમાં ટાઈગર જિન્દા હેના શુટિંગના ભાગરૂપે અબુ ધાબીમાં છે. તે સલમાન ખાન સાથે આ ફિલ્મમાં કામ કરી રહી છે. કેટરીના કેફની ફિલ્મી કેરિયરને ફરી ટ્રેક પર લાવવાના પ્રયાસ સલમાન ખાન દ્વારા હાથ ધરવામાં આવ્યા છે. પહેલી જુનના દિવસે ફિલ્મનુ શુટિંગ શરૂ કરવામાં આવનાર છે. ફિલ્મને લઈને તમામ પ્રાથમિક તૈયારી કરી લેવામાં આવી છે. આ પિલ્મ દિવાળી ૨૦૧૮ પર રજૂ કરવામાં આવે તેવી શક્યતા દેખાઈ રહી છે. ફિલ્મને રજૂ કરવા માટેની તારીખ હજુ નક્કી કરવામાં આવી નથી. જો કે શુટિંગને ઝડપથી આગળ વધારી દેવામાં આવનાર છે. આમીરની છેલ્લે દંગલ ફિલ્મ બોક્સ ઓફિસ પર રેકોર્ડ સફળતા મેળવી ગઈ હતી. જ્યારે કેટરીના કેફની ફિલ્મો હાલમાં ફલોપ સાબિત થઈ રહી છે. હવે સલમાન અને આમીર ખાનની સાથે તેને ફિલ્મ મળતા કેરિયરમાં તેજી આવશે.

પ્રિયંકા, અનુષ્કાની જેમ ફિલ્મ નિર્માણ ક્ષેત્રે હુમા કુરેશી કુદશે

સીને

બોલિવુડની નવી આશાસ્પદ અભિનેત્રી હુમા કુરેશી પણ પ્રિયંકા ચોપડા અને અનુષ્કા શર્માની જેમ થોડાક સમય બાદ ફિલ્મ નિર્માણ ક્ષેત્રે કુદી જવા ઈચ્છુક છે. તે કહે છે કે તેની ઈચ્છા પહેલાથી જ રહેલી છે.

હોલિવુડની સુપરસ્ટાર અભિનેત્રી એન્જેલિનાની જેમ જ લાઈફમાં આગળ વધવા માંગે છે. હુમા કુરેશી હાલમાં અક્ષય કુમાર સાથે જોલી એલએલબી-૨ ફિલ્મમાં નજરે પડી હતી. આ ફિલ્મ બોક્સ ઓફિસ પર સુપર હિટ સાબિત થઈ હતી. મોટા સ્ટાર સાથે ફિલ્મ મળી ગયા બાદ તેની કેરિયરમાં તેજી આવી છે. આ ઉપરાંત તે સાઉથમાં પણ એન્ટ્રી કરી ચુકી છે. તેની વ્હાઈટ ફિલ્મને પણ સારી સફળતા મળી હતી. જેમાં તેની સાથે મમુટીની ભૂમિકા હતી. તે એન્જેલિનાની જેમ જ મોટી વયે પહોંચી ગયા બાદ ફિલ્મ નિર્માણના ક્ષેત્રમાં કુદી પડશે અને ફિલ્મોમાં ભૂમિકા કરવાના બદલે નિર્માણમાં વધારે ધ્યાન આપશે. ગર્લ, ઈન્ટરપ્ટેડ તેમજ લારા ક્રોફ્ટ જેવી યાદગાર ફિલ્મો બનાવી ચુકેલી એન્જેલીનાથી હુમા કુરેશી ખુબ પ્રભાવિત રહી છે. ૩૯ વર્ષીય જોલી વર્ષ ૨૦૧૧માં ફિલ્મ નિર્દેશનના ક્ષેત્રમાં ઉતરી ગઈ હતી અને વર્ષ ૨૦૧૧માં જોલીએ લેન્ડ ઓફ બ્લડ એન્ડ હની જેવી યાદગાર ફિલ્મ બનાવી હતી. કુરેશી તેનાતી ખુબ પ્રભાવિત રહી છે. તેનુ કહેવુ છે કે હાલમાં તે ફિલ્મોમાં પોતાની ભૂમિકા પર ધ્યાન આપી રહી છે. હુમા કુરેશીએ કહ્યુ છે કે તે ફિલ્મ નિર્દેશનના ક્ષેત્રમા ંતેના ભાઈ સાકિબ સલીમની મદદ લેશે કે કેમ તે અંગે પુછવામાં આવતા હુમાએ કહ્યું હતું કે તેના ભાઈ સાથે ફિલ્મ નિર્દેશન શક્ય નથી. અમે બિલુકલ જુદા જુદા અભિપ્રાય ધરાવીએ છીએ. હુમાએ તેની કેરિયરની શરૂઆત ગેંગ્સ ઓફ વાસેપુર મારફતે કરી હતી. બોલિવુડની આશાસ્પદ અભિનેત્રી હુમા કુરેશીએ તેની ટુંકી કેરિયરમાં જ સારી સફળતા મેળવી લીધી છે. અક્ષય સાથે વધુ ફિલ્મ કરવા પણ તે ઉત્સુક છે.

બીહાઈન્ડ ધ સ્કીન

હવે કલકીને રિમેક ફિલ્મોમાં કામ કરવા માટે ખુબ ઇચ્છા

અભિનેત્રી કલકી પણ બોલિવુડમાં અભિનેત્રીઓ વચ્ચે ચાલી રહેલી તીવ્ર સ્પર્ધા વચ્ચે ટકી રહેવામાં હજુ સુધી નિષ્ફળ રહી છે. બોલ્ડ અને સેક્સી સીન ફિલ્મોમાં કર્યા હોવા છતાં તે પોતાની છાપ ઉભી કરવામાં નિષ્ફળ રહી છે. જો કે તે મોટા બેનરની ફિલ્મ હાંસલ કરી લેશે તેવી આશા ધરાવે છે. હજુ સુધી ફલોપ હોવા છતાં તે આગામી દિવસોમાં વધુ મોટી ફિલ્મોમાં કામ કરવા માટે ઈચ્છુક બનેલી છે. કલ્કીએ કહ્યું છે કે તે ગુરૂદત્ત અને વહીદા રહેમાનની ક્લાસીક ફિલ્મ પ્યાસાની રીમેકમાં કામ કરવાની ઈચ્છા ધરાવે છે. કલ્કીને આ ગાળા દરમિયાન એવી માહિતી આપવામાં આવી હતી કે આમિરખાન પણ પ્યાસાની રીમકે બનાવવા ઈચ્છુક હતા. આમિરખાને આ વર્ષ પહેલા ગુરૂદત્તના અવતારમાં ફિલ્મમાં પોસ્ટરને જારી કરીને ચર્ચા જગાવી હતી. પોસ્ટરમાં વહીદા રહેમાનની જગ્યાએ કેટરીના કૈફને લેવામાં આવી હતી.વીતેલા વર્ષોની ક્લાસીક ફિલ્મ પ્યાસાની રીમેક બનાવવામાં આવે તો કયા ફેરફાર કરવા ઈચ્છુ છે તેવા પ્રશ્નના જવાબમાં કલ્કીએ કહ્યું હતું કે જો આ ફિલ્મની રીમેક બનાવવામાં આવશે તો ફિલ્મમાં કોઈ ફેરફાર કરવાની ઈચ્છા તે રાખતી નથી. ફિલ્મના તમામ ગીતો અગાઉની જેમ જ રાખવા જોઈએ. જો ફેરફાર કરવાની ઈચ્ રાખવામાં આવે તો એટલી બાબતોને ધ્યાનમાં રાખવામાં આવે કે ફિલ્મને આજની પરિસ્થિતિને ધ્યાનમાં લઈને તૈયાર કરવામાં આવે. જોકે કમનસીબ રીતે છેલ્લા ૫૦ વર્ષની સ્થિતિ અને આજની સ્થિતિમાં કોઈ ફેરફાર થયા નથી.

સુશાંત આગામી ફિલ્મમાં ડાકુના પડકારરૂપ રોલમાં

ઈશ્કિયા, ડેઢ ઈશ્કિયા અને ઉડતા પંજાબ જેવી સુપરહિટ ફિલ્મ બનાવનાર નિર્દેશક અભિષેક ચૌબે ટુંક સમયમાં જ પોતાની નવી ફિલ્મ શરૂ કરવાની જાહેરાત કરી શકે છે. લીકથી હટીને પોતાની ફિલ્મો બનાવવા માટે જાણીતા રહેલા અભિષેક ચૌબેની આગામી ફિલ્મ ચંબલના ડાકુ પર આધારિત રહેશે. ૭૦ના દશકમાં ચંબલના ડાકુઓ પર બનનાર આ ફિલ્મ માટે એમએસ ધોની ફેઈમ સુશાંત સિહ રાજપુતની પસંદગી કરી લેવામાં આવીછે.સુત્રોની વાત પર વિશ્વાસ કરવામાં આવે તો ફિલ્મના પ્રોડક્શનની જવાબદારી રોની સ્કુવાળા અદા કરનાર છે. ફિલ્મમાં સુશાંત એક ડાકુની ભૂમિકામાં નજરે પડનાર છે. ફિલ્મના શુટિંગને પણ ચંબલમાં જ હાથ ધરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. દરેક બાબત યોજવા મુજબ આગળ વધશે તો ફિલ્મ વર્ષના અંત સુધી રજૂ કરવામા ંઆવી શકે છે. સુત્રોની વાત પર વિશ્વાસ કરવામાં આવે તો ફિલ્મ માટે પ્રથમ પસંદગી તરીકે રણવીર સિંહ હતો. પરંતુ કેટલાક કારણોસર રણવીરને ફિલ્મ માટે રાજી કરી શકાયો ન હતો. આખરે સુશાંતની પસંદગી કરવામાં આવી હતી. સુશાંત પણ તેની એક્ટિંગ કુશળતા મો જાણીતો રહ્યો છે. ધોનીની ફિલ્મમાં તેની યાદગાર ભૂમિકા હતી. આ ફિલ્મના કારણે તે રાતોરાત સ્ટાર બની ગયો હતો. **અનુસંધાન પાના નં.૬ ઉપર**

મુંબઈ-કોલકતા...

અનુસંધાન ૨ નુ ચાલુ..

લેન્ડલ સિમોન્સ અને પાર્થિવ પટેલની બેટીંગ શાનદાર રહી છે. રોહિત શર્મા, અંબાતી રાયડુ, કિરોન પોલાર્ડનો દેખાવ પણ શાનદાર રહ્યો છે. પંડ્યા બંધુઓ હાર્દિક અને કૃણાલનો દેખાવ પણ અદભૂત રહ્યો છે. બોલીંગમાં લાસિત મલિંગા, મેક વાગન, બુમરાહનો દેખાવ શાનદાર રહ્યો છે. બીજી બાજુ ગઈકાલે મોડી રાત્રે હૈદરાબાદ સામે જીત મેળવી લીધા બાદ શાહરૂખખાનની માલિકીની ટીમ કોલકતા નાઈટ રાઈડર્સ જીતના સીલસીલાને આગળ વધારવા માટે સજ્જ છે. અંતિમ મેચમાં માત્ર છ રન બનાવનાર લીન શાનદાર ફોર્મ મેળવશે તેવી આશા કોલકતાને દેખાઈ રહી છે. લીન શાનદાર શરૂઆત આપતો રહે છે. બીજી બાજુ સનિલ નારને પાસેથી પણ જોરદાર દેખાવની અપેક્ષા છે. રોયલ ચેલેન્જર્સ બેંગલોરની સામે સુનિલ નારેને ધરખમ દેખાવ કર્યો હતો. કેકેઆર તરફથી મનિષ પાંડે, રોબીન ઉથપ્પા પણ શાનદાર ફોર્મમાં છે. આ બંનેએ ક્રમશઃ ૩૯૬ અને ૩૮૭ રન બનાવી ચુક્યા છે. અગાઉની મેચમાં ઉથપ્પા માત્ર એક રને આઉટ થયો હતો પરંતુ આવતીકાલે તે ધરમખમ દેખાવ કરી શકે છે. ગૌતમ ગંભીર વર્તમાન આઈપીએલમાં સૌથી વધુ રન બનાવનાર બેટ્સમેનોની યાદીમાં બીજા સ્થાને છે. તે ૪૮૬ રન કરી ચુક્યો છે. કેપ્ટન તરીકેની તેની ઈનીંગ્સ પણ જોરદાર રહી છે. બોલીંગમાં ક્રિસ વોક્સે ૧૭ વિકેટ ઝડપી છે. જ્યારે ઉમેશ યાદવે ૧૬ વિકેટો ઝડપી છે. આ બંને બોલરો પણ તેમના માટે અસરકારક સાબિત થયા છે. આ મેચનું પ્રસારણ આવતીકાલે રાત્રે આઠ વાગ્યાથી શરૂ થશે.

કોંગીમાં કકળાટ...

અનુસંધાન ૨ નુ ચાલુ..

કોંગ્રેસી નેતા અમેરિકાના પ્રવાસે જતા રહે અને દરિયા કિનારા બચાવ યાત્રામાં પ્રજા ક્યાય જોડાઈ નહીં, એટલું જ નહીં, કોંગ્રેસના કોઈ નેતાઓ કે કાર્યકર્તાઓ પણ ન જોડાણા અને હવે અત્યારે કોઈ નેતા વિવાદ સાથે ચીનના પ્રવાસે જતા રહ્યા છે. કોઈ કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ બદલવાની વાત કરે છે અને અત્યારે કોંગ્રેસના વિપક્ષના નેતા કોણ બનશે તેનો ઝઘડો કોંગ્રેસમાં ચાલી રહ્યો છે. આ બધો કોંગ્રેસનો આંતરિક મામલો ગુજરાત અને દેશની જનતા મીડિયા દ્વારા જોઈ રહી છે. આમા મીડિયા કે ભાજપ પર પ્રોપેગેન્ડાનો આક્ષેપ લગાવ્યો છે તે હાસ્યાસ્પદ છે. પંડ્યાએ જણાવ્યું તું કે અમે સામેથી કોઇ ધારાસભ્યના સંપર્કમાં નથી અમે યોજનાઓ, કાર્યક્રમો અને યાત્રાઓ દ્વારા સીધા જનતાના સંપર્કમાં છીએ. કોઇ ભાજપમાં જોડાવવા માંગતું હશે તેઓ ભાજપની વિચારધારા સ્વીકારીને અને ગુજરાતની વિકાસયાત્રામાં સહભાગી થવા માંગતા હશે તો તેનો નિર્ણય પ્રદેશ કે કેન્દ્રનું નેતૃત્વ કરશે. પંડ્યાએ વધુમાં જણાવ્યું કે, ભાજપ પોતાની સંગઠન શક્તિથી, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વવાળી કેન્દ્ર સરકાર અને મુખ્યમંત્રી વિજય રૂપાણીની રાજ્ય સરકાર એમ બંને સરકારોના વિકાસ બળથી આગામી વિધાનસભા ચૂંટણી લડશે.

રાજ્યસભાની ત્રણ...

અનુસંધાન ૨ નુ ચાલુ..

જ્યારે તેનું પરિણામ ૮મી જૂનના રોજ સાંજે પાંચ વાગે જાહેર કરવામાં આવશે. કેન્દ્રીય સ્તરે કોંગ્રેસના દિગ્ગજ નેતા અહેમદ પટેલની રાજ્યસભામાં અત્યારે આ ચોથી ટર્મ છે. ભાજપના સ્મૃતિ ઈરાનીની રાજ્યસબામાં આ પહેલી ટર્મ પુરી થઈ રહી છે, પણ તેઓ અત્યારે કેન્દ્રમાં કેબિનેટ મંત્રી હોઈ તેમને પણ પક્ષ દ્વારા રિપીટ કરવાની શક્યતા વ્યક્ત થઈ રીહ છે.

ડીસા ખાતે...

પાના નં .૩ ચાલુ

બાદ બે મિનિટનું મૌન પાળી દિવ્ય આત્માઓને ચિરશાંતિ માટે પ્રાર્થના કરવામાં આવી હતી. સમગ્ર પ્રાર્થના સભાનું સંચાલન ભગવાનભાઈ બંધુએ કર્યું હતું. પૂજ્ય સગાળબાપા અનેકવિધ સામાજિક, સેવાભાવી, ધાર્મિક, કાર્યો સાથે સંકળાયેલા હતા અને ડીસામાં પૂજ્ય જલારામ બાપાનું ભવ્ય મંદિર બને તે માટેની તેમની કલ્પનાને સાકાર કરવા ખૂબ જ સમર્પિત ભાવથી તેમણે સહકાર આપ્યો હતો.

પાલનપુરની મોદી...

પાના નં .૩ ચાલુ

આ કાર્યક્રમમાં પોરબંદર મામલતદાર ડાયાભાઈ મોદી, સુરેશભાઈ મોદી પ્રમુખ સુરત મોદી સમાજ તથા ર્ડા.નવિનભાઈ મોદી સિધ્ધપુરવાળાએ સમગ્ર કાર્યક્રમની સફળતા માટે મનનીય પ્રવચન દ્વારા શિક્ષણ માટે શુભેચ્છાઓ પાઠવી.

સમગ્ર કાર્યક્રમને યાદગાર બનાવવા માટે બનાસકાંઠા મોઢ મોદી કેળવણી મંડળના પ્રમુખ દલપતભાઈ મોદીએ તથા તેમના ધર્મપત્ની જયાબેન મોદી દ્વારા ભોજન (પ્રસાદ) આપી ઉમદા દાતૃત્વની ઝાંખી કરાવેલ છે. સંસ્થાના ઉપપ્રમુખ છનાલાલ મોદી દ્વારા દાતાઓ તથા મહાનુભાવોનો આભાર વ્યક્ત કર્યો.

૧૮ હજાર...

પાના નં .૩ ચાલુ

આજે એવી જડબેસલાક વ્યવસ્થા આ સરકારે કરી છે કે આ ૧૮૦૦૦ નવયુવાનોએ એક પણ કાણી પાઈ કોઈને આપ્યા વિના પોતાના કૌશલ્યથી સજ્જતાથી નોકરી મેળવી છે તેમ તેમણે ઉમેર્યું હતું. મુખ્યમંત્રીએ આ નવનિયુક્તિ યુવા પોલીસ કર્મીઓને પ્રેરણા આપતા કહ્યું કે, હવે આપણે એવી કડપ અને ફરજનિષ્ઠા દાખવીએ કે સમાજને રંજાડતા તત્વો, અસમાજિકો ઉપર આપણો દાબ રહે. પ્રજા તમારા ભરોસે સુરક્ષા સલામતી અનુભવે તે જ આપણો સેવા ધર્મ હોય તેમ પણ મુખ્યમંત્રી વિજય રૂપાણીએઉમેર્યું હતું. મુખ્યમંત્રી વિજય રૂપાણીએ ઉમેર્યું હતું કે, ગુજરાતના યુવાનોને સરકારી સેવામાં રોજગાર મળે તેવા સુદ્રઢ આયોજન સાથે આ સરકારે ૭૦ હજાર ઉપરાંતની ભરતી કરી છે. મુખ્યમંત્રીએ ઉમેર્યું હતું કે, ભૂતકાળમાં આરામ હરામ હૈ ના નારા આપનારાઓએ કામ ના આપીને બેકારોની ફોદજ ઉભી કરી હતી.

આ સરકારે દોઢ દાયકામાં હર હાથ કો કામનો મંત્ર સાકાર કરી યુવા પેઢીને રોજગારીના અવસર આપ્યા છે. વિજય રૂપાણીએ કહ્યું કે, આજે નયા ભારતના નવયુવાનને તક-અવસર આપવાની જરૂરિયાત છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં દેશમાં આજે નવ યુવાશક્તિને આ તક યંગ ઈન્ડિયાથી મળી રહી છે. મુખ્યમંત્રીએ કહ્યું કે, યંગ ઈન્ડિયા, યંગ ગુજરાતને સાકાર કરવા ગુજરાતમાં આપણે યુવાશક્તિને કાયદો-વ્યવસ્થાની રક્ષામાં જોડાવાની પહેલ કરી છે.

તેમણે આધુનિક સમયાનુકૃતિ ટેકનોલોજી સજ્જ યુવા પેઢી હવે પોલીસ દળમાં જોડાઈ રહી છે તેની પરિપાટીએ ગુજરાતની શાખ-પ્રતિષ્ઠા સતત ઉંચે જાય તેવું સેવા-નિષ્ઠા કર્તવ્ય બજાવવા આ નવનિયુક્તિ પોલીસ કર્મીઓની પ્રેરણા આપી હતી. તેમણે સ્પષ્ટપણે જણાવ્યું હતું કે, પોલીસની તાકાત શક્તિ અસામાજિક તત્વો પર ધાકની હોવી જોઈએ તો જ પ્રજાને સુરક્ષા સલામતીનો અહેસાસ થાય તેવા દાખલા આપણે બેસાડવા છે. ગુજરાતમાં પોલીસની જે છબિ છે, અનુશાસનની જે દ્રઢતા છે, તેની વિરાસત-પ્રભાવને નવી પેઢી વધુ નવી ઓળખ અપાવે તેવી અપેક્ષા મુખ્યમંત્રી રૂપાણીએ દર્શાવી હતી.

દીઓદર તાલુકાના ...

પાના નં .૮ ચાલુ

સર્વે કરવામાં આવ્યું છે. બે.-બે માસ થવા આવ્યા છતાં આ ગામે પીવાના પાણીનો કોઈ બંદોબસ્ત કરાયો નથી.

આ ગામમાં પ્રજાજનોનું કહેવું છે કે અમારી પીવાના પાણીની પ્રાથમિક જરૂરીયાતને સાંભળવા વાળું કોઈ નથી.રજુઆતો થાય છે પરંતુ હવામાંજ ગોળીબાર થતો હોવાનુ અહેસાસ થઈ રહ્યો છે.

ગુજરાત સરકારની ગતીશીલ સરકાર દ્વારા તાજેતરમાં યોજાયેલ ગ્રામ પંચાયતની ચુંટણીઓમાં સમરસ ગ્રામ પંચાયતો કરવાનો ખાસ અભીગમ હતો. જેના ફળ સ્વરૂપ મુલકપુર ગામે મહિલા સરપંચ સહીત ગામને સમરસ ગ્રામ પંચાયત બનાવેલ. ત્યારે આજે સમરસ ગ્રામપંચાયતોને વધુ સવલત આપવાની નેમ છે. ત્યારે અધિકારીઓની આડોડાઈના કારણે સમરસ ગ્રામ પંચાયતના ગ્રામજનો પીવાના પાણી વિના સમસમી રહ્યા છે.

ગામના સરપંચ પતિનું કહેવું છે કે નિગમ દ્વારા બોર બગડ્યા બાદ કોઈકવાર પાણી છોડવામાં આવે છે. પરંતુ અમારા ગામે ચાલતી ત્રણ લાઈનો પૈકી એકાદ લાઈનમાં માંડ માંડ પાણી આવે છે અને થોડીવારમાં બંધ કરી નાખે છે. નિગમ દ્વારા છોડાતું પાણી પુરતુ પ્રેસરથી છોડવામાં આવે અને વધુ સમય છોડવામાં આવે તો હાલ પુરતું ગામને રાહત થઈ શકે તેમ છે. પરંતુ નિગમ વાળા પુરતુ પાણી છોડતા નથી.

૭૮ વર્ષના માજીએ જણાવેલ કે અમારાથી માટલાં ઉપાડી શકાતાં નથી. માટે બરણી લઈ ૧ાા થી ૨ કી.મી.સુધી પીવાનુ પાણી ઉપાડી લાવીએ છીએ.કોઈ સાંભળતું નથી. વોટ લેવા આવે ત્યારે સૌ કોઈ માજી માજી કરતા આવે છે. પછી દેખાતા નથી. આટલી ઉંમરે અમારે પીવાના પાણી માટેના દુખના દિવસો આવ્યા છે. એક મહીલાએ જણાવેલ કે પાણીની રજુઆતો કરવા જઈએ તો ગાળો બોલે છે અને કહે છે કે ઘરના બોર બનાવી પાણી પીવો આછે ગતીશીલ ગુજરાતની તાસીર...

કૃષિ મેળાના ...

પાના નં .૮ ચાલુ

અપનાવી ખેડૂતો કાળી મજૂરી અને દેવું કરી પાકો પકવે છે. પણ તેના પોક્ષણક્ષમ ભાવો મળતા નથી. તેથી ખર્ચ પણ ન નીકળતા ખેડુતો ઉત્તરોત્તર દેવાના ખાડામાં ધરવાઈ આપઘાત કરે છે. તેમ છતાં ચૂંટણી નજીક આવતા સરકારે ફરી ખેડૂતોની આવક બમણી કરવાની ‘લોલીપોપ’ આપી છે અને કૃષિ મહોત્સવના તાયફા કરી કરોડો રૂપિયાનું આંધણ કરે છે. હકીકતમાં સરકારને ખેડૂતો પ્રત્યે લાગણી કે લેશમાત્ર સંવેદના હોય તો આ તાયફા બંધ કરી તેની રકમ સિંચાઈની સવલત અને પોષણક્ષમ ભાવ આપવા વાપરવી જોઈએ તેવો સૂર વ્યક્ત કર્યો હતો.

વધુમાં ધારાસભ્ય ગોવાભાઈ દેસાઈએ ઉમેર્યુ કે બનાસકાંઠામાં મુખ્ય દાંતીવાડા અને સિપુ ડેમ આવેલ છે પરંતુ તેનુ પાણી મોટાભાગે બીજા જિલ્લાઓને અપાય છે તેથી જિલ્લાના ખેડૂતોને તેનો લાભ મળતો નથી અને ખેડુતો ઘરઆંગણે તરસ્યા રહી જાય છે. ત્યારે રાજસ્થાનના રણમાં વેડફાતુ પાણી નહેર વાટે ડેમમાં ઠાલવવાની જરૂર છે. એટલું જ નહીં, ડીસાની બનાસ નદીમાંથી ૨૪ કલાક બોર ચલાવી પીવાનું પાણી વાવ- થરાદને અપાય છે. આ સતત ઉલેચાતા પાણીના કારણે ડીસાનું ભુગર્ભ જળ ખલાસ થઈ રહ્યું છે. ત્યારે વાવ-થરાદને નર્મદાનું પાણી શુદ્ધ કરી આપવાનું આયોજન કરી બોર બંધ કરવાની માંગ કરી હતી. તેમજ ડીસા, પાંથાવાડા, દાંતીવાડા, પાલનપુર, ધાનેરા, દિયોદર તાલુકાના ઘણા ગામોમાં નહેરો નીકળી જ નથી. તેથી આવા વિસ્તારોમાં નહેરો બનાવી નર્મદાનું પાણી આપવાની માંગ કરી હતી.

બોક્ષઃ પોકળ વચનો

ધારાસભ્ય ગોવાભાઈ દેસાઈએ જણાવ્યું હતુ કે ૨૦૦૨ માં ડીસા આવેલા તત્કાલીન મુખ્યમંત્રીએ ડીસામાં બટાટા માટે વિદેશી કંપની ફેક્ટરી નાખશે અને બટાટાનું મૂલ્ય સોનાનું થઈ જશે તેમ જણાવી દાંતીવાડા અને સિપુ ડેમ નર્મદાના નીરથી ભરી બનાસ બેય કાંઠે વહેશે તેવા વચનો આપ્યા હતા પરંતુ તેમાંનું કશુ થયું નથી. ઉલટાનું હાલમાં ચૂંટણી નજીક આવતા સર્વે કરી ડેમો ભરવાની વાહીયાત વાતો કરે છે પરંતુ ખેડૂતો હવે છેતરાય તેમ નથી.

ડીસાના વેપારી...

પાના નં .૮ ચાલુ

અને સંબંધી નરસંગજી વાલાજી રાજપૂત(સેદલા) અને તેમનો પુત્ર પ્રતિક બાકી ઉઘરાણી માટે થરાદ ગયા હતા. જ્યાં અશોકભાઈ સોની અને તેમનો પુત્ર જયદીપ હાજર હતા. તેથી મહેશભાઈ સોનીએ બાકી ઉઘરાણીની વાત કરતાં બંને પિતા -પુત્ર ઉશ્કેરાઈ ગયા હતા અને ગાળો બોલી મનીષાને બાવડેથી પકડી ઉધ્ધત વર્તન કરી મારવા લાગ્યા હતા પરંતુ નરસંગજી રાજપૂતે વચ્ચે પડી તેને માંડ છોડાવેલી એ જ રીતે મહેશભાઈ સોનીને પણ બોચીએથી પકડી દુકાનમાંથી બહાર કાઢી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. જે ધમાચકડીના પગલે લોકોનું ટોળું ભેગું થઈ ગયું હતું.

આ બાબતે મનીષાબેન મહેશભાઈ સોનીએ બંને પિતા- પુત્ર વિરૂધ્ધ ફરિયાદ નોંધાવી હતી. જેથી પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

સ્થાનિક બજાર ભાવ

ચોકસી બજાર	(કીલોના)
ચાંદી ચોરસા	**૩૮૭૦૦-૩૯૨૦૦**
રૂપુ કાચું	૩૮૫૦૦-૩૯૨૦૦
સોનુ તોલો	૨૮૮૦૦-૨૯૨૦૦
તેલ બજાર	
રાધે પામોલીન	૯૨૦
પામોલીન	૯૧૦
સોયા રીફાઈન	૧૨૧૦
રાયડાતેલ ૧૫કી	૧૧૮૦-૧૨૦૦
સીંગતેલ૧૫ લી.	૧૭૦૦
સીંગતેલ ૧૫ કી.	૧૮૦૦
સીગતેલ ૫ લી.	૫૨૫-૫૫૦
તિરૂપતી કપા.	૧૨૨૦
૫ લીટર	૩૯૦
વનસ્પતિ ઘી	૧૦૦૦-૧૧૦૦
કોપરેલ ૧૫ કિલો	૨૩૨૫
૫ કે. કોપરેલ	૮૦૦-૮૯૦
પલી. અંકુર સીંગતેલ	૫૪૦
૧૫ લીટર સનફલાય	**૧૧૭૦**
ટાયગર રાયડા તેલ ૧૫ કી.	૧૧૮૦
૫ લી.	૩૯૦
૨ લી.	૧૫૫
ચોખા-દાળ બજાર	
(૧૦૦ કીલોના ભાવ)	
ગેટવે પ્રીમીયમ	૮૫૦૦
ગેટ વ. રોયલ	૬૦૦૦
ગેટવે રેગ્યુલર	૫૨૦૦
ગેટવે રીઝાના	૪૪૦૦
ગેટવે એવરેડી	૪૦૦૦
ગેટવે ડેઈલી	૩૫૦૦
ઈ.ગેટ કલાસીક ૨૫ કી.	૧૪૦૦૦
ઈ.ગેટ કલાસીક ૧૦ કી.	૧૪૨૦૦
ઈ.ગેટ કલાસીક ૫ કી.	૧૪૨૦૦
ઈ.ગેટ કલાસીક ૧ કી.	૧૪૪૦૦
ઈ.ગેટ સુપર ૨૫+૫ કી.	૧૧૨૦૦
ઈ.ગેટ સુપર ૧૦ કી.	૧૨૩૦૦
ઈ.ગેટ સુપર ૫ કી.	૧૧૬૦૦
ઈ.ગેટ સુપર ૧ કી.	૧૦૫૦૦
ઈ.ગેટતીબાર ૨૫ કી.	૮૦૦૦
ઈ.ગેટ તી બાર ૧૦ કી.	૮૧૦૦
ઈ.ગેટતીબાર ૫ કી.	૮૫૦૦
ઈ.ગેટતીબાર ૧ કી.	૮૫૦૦
ઈ.ગેટ દુબાર ૨૫ કી.	૭૫૦૦
ઈ.ગેટ દુબાર ૧૦ કી.	૮૦૦૦
ઈ.ગેટ દુબાર ૫ કી.	૮૦૦૦
ઈ.ગેટ દુબાર ૧ કી.	૮૦૦૦
દુન પ્રીમીયમ	૯૦૦૦
દુન તીબાર ૨૫ કી.	૭૭૦૦
દુન તીબાર ૧૦ કી.	૭૨૦૦
દુન તીબાર ૫ કી.	૮૨૦૦
દુન તીબાર ૧ કી.	૮૨૦૦
હાથી ૧૧૨૧	૬૮૦૦
બેસ્ટ પ્રીમીયમ	૭૫૦૦
નર્મદા મગ પોલીસ	૬૧૦૦
મગદાળ નર્મદા સુપર	૫૮૦૦
નર્મદા મગ મોગર	૬૫૦૦
મગમોગરનર્મદાપ્રીમી	૬૫૦૦
નર્મદા અડદદાળ	૯૦૦૦
અડદદાળ નર્મદા પ્રી.	૮૬૦૦
દુન દેહરાદુન દુબાર જુના	૭૦૦૦
દુન દહેરાદૂન મીની દુબારજુના	૫૦૦૦
દુન દહેરાદૂન સુ.મો.જુના	૪૫૦૦
દુન દહેરાદૂન મી.મો.જુના	૩૮૦૦
દુન કણકી જુની	૩૦૦૦
ઈન્ડિયા ગેટ મીની જુના	૪૫૦૦
ઈન્ડિયા ગેટ મોગરો	૪૪૦૦
ઈન્ડિયા ગેટ કણકી	૨૮૦૦
ઈન્ડિયા ગેટ ગોલ્ડન સેલા	૬૮૦૦
હાથી ૮૧૭ આખા નવા	૭૭૦૦
હાથી૮૧૭ નવા દુબાર પાંણાં	૫૮૦૦
તુવરદાળ કૃષ્ણા	૮૫૦૦
તુવરદાળ રેંટીયો કિ.૫	૧૦૫૦૦
તુવરદાળ ખીડીયાર	૭૨૦૦
દાવત સીલેકટનવા	૮૮૦૦
દાવત સુપર જુના	૯૮૦૦
દાવત દીલખુશ નવા	૭૫૦૦
દાવત દીલખુશ જુના	૬૫૦૦
દાવત દુબાર જુના	૬૦૦૦
દાવત રોઝાના જુના	૫૫૦૦
દાવત ૭૦ જુના	૪૧૦૦
દાવત ૬૦ મીની જુના	૩૨૦૦
લાલ કીલ્લો મેજીસ્ટીક	૯૦૦૦
લાલ કીલ્લો પ્રીમીયમ	૮૦૦૦
લાલ કીલ્લો તીબાર	૭૦૦૦
લાલ કિલ્લો દુબાર	૫૫૦૦
લાલ કિલ્લો મોગરો	૪૫૦૦
હેરીટેઝ એક્ષએક્ષએલ	૮૫૦૦
હેરીટેજ તીબાર	૭૨૦૦
હેરીટેજ દુબાર	૫૫૦૦
હેરીટેજ મીની દુબા	૪૫૦૦
કાયનાત પી	૮૫૦૦
કાયનાત સુપર	૮૦૦૦
કાયનાત	૬૮૦૦
રાજા બાસમતી	૪૦૦૦
કુરૂક્ષેત્ર	૫૮૦૦
એપ્પલ પ્રીમીય	૪૮૦૦
ઓરેન્જ	૫૬૦૦
દાવત અપ્સરા	૫૦૦૦
જીરાસર ચંદન	૨૮૦૦
ચણાદાળ ૪૪૪	૮૮૦૦
મગદાળ સમરદીપ	૭૨૦૦
મગમોગર રીયલ	૮૦૦૦
અડદદાળ અક્ષર	૮૩૦૦૦
મગ	૫૭૦૦
અંગુર તુવેરદાળ	૭૬૦૦
અંગુરતુવેરદાળઆયાતી	૬૬૦૦
ગાય છાપ તુવેરદાળ	૬૦૦૦
કિસાન તુવેરદાળ	૬૨૦૦
પરખ ગોલ્ડ પ્રીમીયમ	૬૦૦૦
પરખ સ્પેશીયલ	૫૨૦૦
લાલપરી તીબાર જુના	૪૨૦૦
લાલપરી દુબાર જુના	૩૮૦૦
લાલપરી સ્પેશી.નવા	૪૪૦૦
લાલપરી દુબાર નવા	૩૯૦૦
રોયલ ટેસ્ટ બાસમતી	૪૦૦૦
લાલમંદિર બાસમતી	૩૬૦૦
ખાંડ બજાર	
(બોરીના ભાવ)	
ખાંડ એસ.	**૩૯૦૦-૪૦૦૦**
ખાંડ એમ.	**૪૦૦૦-૪૦૨૦**
ખાંડએલ.	૪૦૫૦-૪૧૦૦
ચા-બજાર	
સુરજ છાપ ચા	૩૦૦
હરણ છાપ ચા	૨૨૦
આખા મરચાં-હળદર	
હળદર આખી રાજાપુરી	૭૦-૧૨૦
હળદર આખી રાજાપુરી ગટ્ટા	૧૦૦-૧૪૦
હળદર આખી સેલમ	૯૦
હળદર તળેલી સાંગલી	૮૦
મરચા વન્ડર હાટ	૨૦૫૦
મરચા વન્ડર મીડીયમ	૧૭૦૦
મરચા તેજા	૧૮૦૦
મરચું ગંતુર મીડીયમ	૧૯૦૦-૨૦૦૦
મરચા ટોમેટો	૨૨૦૦
મરચા ટોમેટો મીડીયમ	૧૯૦૦
કાશ્મીરી	૯૦
કાશ્મીરી મમરી	૯૦
સુપર પટની	૧૦૫
સુપર રજવાડી	૧૯૦
મરચા ડેડીકટ	૧૨૫
મરચાં	૫૮૦૦
ગોળ બજાર	
વડેચા ગોલ્ડ ૧૦ કે	૪૪૦૦
વડેચા રજી ૧૦ કે.	૪૬૦૦
વડેચા ૫ કી.	૪૮૦૦
વડેચા ૧ કી.	૫૦૦૦
વડેચા ૨૫૦ ગ્રામ	૫૦૦૦
સાંગલી ૧૦ કે.	૪૩૦૦
ખોળ બજાર	
દાણ ૭૦ કી.ગ્રા.	૬૫૦
મોરબી ખોળ	૧૨૫૦-૧૨૮૦
જીરાળુ	૧૯૦૦-૨૦૦૦
ચૂની કોરમુ ૭૦ કિ.ગ્રા.	૯૨૦-૧૫૪૦
મકાઈ ૩૫ કી.ગ્રા.	૫૯૦
જવ ભરડો ૩૫ કી.ગ્રા.	૬૦૦
પરચુરણ	
સોજી	૮૬૦
મેંદો	૮૬૦
શ્રીફળ એમ.	૮૮૦
નિરમા સાબુ	૫૨૫
મેદી	૬૦-૧૦૦
અજમો	૧૫૦-૨૪૦
સાકરીયા	૪૫૦૦
ખાંડ બુરૂ	૪૨૦૦
કોકમ ફુલ	૧૮૦
એલચી	૧૧૦૦-૧૪૦૦
મોરૈયો	૬૫-૯૪
તલ	૯૦-૧૦૦
ખસ-ખસ	૩૫૦-૫૮૦
સીંગદાણા	૬૫-૮૦
શાકભાજી(૨૦ કિલોના ભાવ)	
દુધી	૧૨૦-૧૮૦
સુકી ડુંગળી	૧૦૦-૧૪૦
લસણ	૮૦૦-૯૦૦
ધાણા	૬૦૦-૮૦૦
મરચાં	૮૦૦-૧૦૦૦
લીબુ	૮૦૦-૯૦૦
અડવી પત્તા	૨૦૦-૪૦૦
આદુ	૬૦૦-૭૦૦
રીંગણ	૨૦૦-૩૦૦
ટામેટા	૨૪૦-૩૦૦
ભીંડા	૩૦૦-૪૦૦
કોબી	૧૮૦-૨૮૦
વટાણા	૯૦૦-૧૧૦૦
ટીંડસા	૬૦૦-૭૦૦
ગવાર	૩૦૦-૪૦૦
બાદશાહ બટાકા	૧૦૦-૧૩૦
સાંગા બટાકા	૧૨૦-૧૪૦

શ્રેણીબદ્ધ અરજીઓ પર છ દિવસ સુધી ઐતિહાસિક સુનાવણી

ત્રિપલ તલાક કેસમાં સુપ્રિમ કોર્ટે ચુકાદો આખરે અનામત રાખ્યો

નવી દિલ્હી

ત્રિપલ તલાકના મુદ્દે ૧૧મી મેથી ચાલી રહેલી સુનાવણી આખરે પૂર્ણ થઈ છે. ઐતિહાસિક સુનાવણીને લઈને છ દિવસથી તમામ લોકોની નજર સુપ્રિમ કોર્ટ ઉપર કેન્દ્રિત હતી. તર્કદાર દલીલો તમામ પક્ષો તરફથી કરવામાં આવી હતી. સુનાવણી હવે ખતમ થઈ ચુકી છે અને આજે સુપ્રિમ કોર્ટે પોતાનો ચુકાદો અનામત રાખ્યો હતો. દલીલો પર સુનાવણીને પૂર્ણ કરી લીધા બાદ હવે સુપ્રિમ કોર્ટ જુલાઈ મહિનામાં ત્રિપલ તલાકના કેસમાં તેનો ચુકાદો જાહેર કરે તેવી શક્યતા દેખાઈ રહી છે. આ ચુકાદા ઉપર માત્ર ભારતની જ નહીં બલ્કે દુનિયાના અન્ય દેશોની પણ નજર કેન્દ્રિત રહેશે. આજે સુનાવણી શરૂ થતાની સાથે જ ફરીથી તર્કદાર દલીલોનો દોર શરૂ થયો હતો. કોર્ટ સમક્ષ ઓલ ઈન્ડિયા મુસ્લિમ પર્સનલ લો બોર્ડે કબુલાત કરી હતી કે તેઓ તમામ કાઝીઓ પાસેથી એડવાઈઝરી લેશે અને સાથે સાથે તેઓ ત્રિપલ તલાક પર માત્ર મહિલાઓના અભિપ્રાય જ ન લે બલ્કે તેને નિકાહનામામાં સામેલ કરવા માટેની પણ ખાતરી કરે. હવે તમામની નજર સુપ્રિમ કોર્ટના ઐતિહાસિક ચુકાદા ઉપર કેન્દ્રિત રહેશે. બોર્ડ તરફથી રજુ થયેલા વકીલ કપિલ સિબ્બલે આજે થયેલી સુનાવણી દરમિયાન કહ્યું હતું કે ઓલ ઈન્ડિયા મુસ્લિમ પર્સનલ લો બોર્ડ આ મામલામાં કાઝીને જરૂરી સૂચના જારી કરશે પરંતુ સુપ્રિમ કોર્ટને આ પ્રથાની કાયદેસરતાને જાણવા માટે વધારે ધ્યાન આપવું જોઈએ નહીં. સિબ્બલે કહ્યું હતું કે કોઈપણ સમુદાયની રીતિ રિવાજોની કાયદેસરતાની તપાસ ખૂબ જ સંવેદનશીલ મામલો છે અને કોર્ટે આ પ્રકારની બાબતમાં પડવું જોઈએ નહીં. આ મામલામાં રજુઆત બાદ સુપ્રિમ કોર્ટે કપિલ સિબ્બલને પ્રશ્ન કર્યો હતો કે એક પ્રથા જે ધર્મશાસ્ત્રની દ્રષ્ટીએ પાપ સમાન છે તે કઈ રીતે સમુદાયના રીતિ રિવાજનો હિસ્સો હોઈ શકે છે. આ મામલામાં મુખ્ય અરજીદાર શાયરા બાનુ તરફથી ઉપસ્થિત વકીલ અમિત ચઢ્ઢાએ કહ્યું હતું કે ત્રિપલ તલાક પાપ છે અને આ એક દિવાલ તરીકે છે. જેને દુર કરવામાં આવે તે જરૂરી છે. અમિત ચઢ્ઢાએ ઓલ ઈન્ડિયા મુસ્લિમ પર્સનલ લો બોર્ડને આ બાબત સ્વીકાર કરવા માટે કહ્યું હતું કે ત્રિપલ તલાક એક દુષણ તરીકે છે અને આ વાત સ્વીકારવી જોઈએ. બુધવારના દિવસે કેન્દ્ર સરકારે પણ પોતાના તરફથી ત્રિપલ તલાકને નાબુદ કરવાના સંદર્ભમાં દલીલો કરી હતી. જે રીતે સતિ અને દેવદાસી જેવી પ્રથા દુર કરવામાં આવી છે તે જ રીતે આને દુર કરવામાં આવે. કેન્દ્ર સરકારની દલીલો સામે વાંધો ઉઠાવતા ઓલ ઈન્ડિયા મુસ્લિમ પર્સનલ લો બોર્ડે સુપ્રિમ કોર્ટમાં માહિતી આપી હતી કે મુસ્લિમ સમુદાયમાં લગ્ન એક કોન્ટ્રાક્ટ સમાન છે.

સુશાંત

અનુસંધાન ૫ નું ચાલુ

સુશાંત હાલમાં પોતાની રાબટા ફિલ્મને લઈને વ્યસ્ત બનેલો છે. રાબટામાં તેની સાથે કૃતિ સનુન કામ કરી રહી છે.તેમની વચ્ચેના પ્રેમ સંબંધોની પણ હાલમાં ભારે ચર્ચાછે. જો કે પોતાના સંબંધ અંગે વાત કરવામાં તેઓ ઈન્કાર કરે છે. કૃતિ સનુને પોતાની બોલિવુડ કેરિયરની શરૂઆત ટાઈગર સાથેની ફિલ્મ હિરોપંતિ મારફતે કરી હતી. જો કે કૃતિ દિલવાલે ફિલ્મના કારણે જાણીતી થઈ ગઈ હતી. આ ફિલ્મમાં તેની સાથે વરૂણ હતો. કૃતિ હાલમાં બરેલી કી બરફી નામની ફિલ્મમાં કામ કરી રહી છે.

સોનમ કપુર

અનુસંધાન ૫ નું ચાલુ

જેમાં સોનમ કપૂરની સાથે સાથે રણબીર કપૂર, અનુષ્કા શર્મા, પરેશ રાવલ, મનિષા કોઈરાલા, મનિષા તત્રા, વિકી કૌશલ, દિયા મિરઝાનો સમાવેશ થાય છે. મનિષા કોઈરાલા ફિલ્મમાં સંજય દત્તની માતા તરીકેની ભૂમિકામાં નજરે પડકનાર છે. જ્યારે અનુષ્કા શર્મા, સોનમ કપૂર પ્રેમિકા તરીકે નજરે પડનાર છે. જ્યારે દિયા મિર્ઝા સંજય દત્તની પત્ની માન્યતાના રોલમાં નજરે પડનાર છે. રાજકુમાર હિરાનીની આ ફિલ્મ ડિસેમ્બર મહિનામાં રજુ કરવામાં આવે તેવી શક્યતા છે. સંજય દત્તના પડકારરૂપ રોલમાં રણબીર કપૂરે મુખ્ય ભૂમિકા અદા કરી છે. રણબીર કપૂરે અગાઉ રાજકુમાર હિરાનીની પીકે ફિલ્મમાં ટૂંકી ભૂમિકા અદા કરી હતી.

સ્ટાર રાધિકા આપ્ટે ભાવેશ જોશી ફિલ્મને લઈ ખુબ ખુશ

પોતાની ભૂમિકા માટે હમેંશા ચાહકો અને ટિકાકારો તરફથી પ્રશંસા મેળવી લેનાર અભિનેત્રી રાધિકા આપ્ટે હવે ભાવેશ જોશી નામની પોતાની ફિલ્મને લઈને ભારે ઉત્સુક છે. આ ફિલ્મ એક શક્તિશાળી ગુજરાતી વ્યક્તિ પર આધારિત છે. ફિલ્મમાં હર્ષવર્ધનની મુખ્ય ભૂમિકા દેખાઈ રહી છે. બોલિવુડમાં સેક્સ સિમ્બોલ તરીકે રહેલી અભિનેત્રી રાધિકા આપ્ટે પોતાની છાપને બદલી નાંખવા માટે ઈચ્છુક છે. તે યાદગાર ભૂમિકા કરવા માંગે છે. થોડાક સમય પહેલા તે સુપરસ્ટાર રજનિકાંતની સાથે કાબલી ફિલ્મમાં નજરે પડી હતી. રાધિકા આપ્ટેએ કહ્યુ છે કે તે નવી નવી બોલિવુડમાં પ્રવેશ કરી રહેલી અભિનેત્રીઓને લઈને બિલકુલ અસલામત અનુભવ કરતી નથી. તેની પાસે અનેક ફિલ્મોની ઓફર આવી રહી છે. જો કે તે અન્યોની જેમ ઉતાવળમાં કોઈ રોલ કરવા માંગતી નથી. તે પોતાની ફિલ્મોમાં સંપૂર્ણ ધ્યાન કેન્દ્રિત કરીને આગળ વધવા માંગે છે. ભાવેશ જોશી નામની ફિલ્મની જાહેરાત વર્ષ ૨૦૧૪માં કરવામાં આવી હતી. જો કે કેટલાક કારણોસર ફિલ્મને રોકી દેવામાં આવી હતી. હવે આ ફિલ્મ ફરી આગળ વધી રહી છે. પહેલા આ ફિલ્મમાં સિદ્ધાર્થ મલહોત્રાને લેવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. જો કે અંતે હર્ષવર્ધન કપુરની પસંદગી કરવામાં આવી હતી. જુલાઈ ૨૦૧૬માં ફિલ્મ માટે મુખ્ય ફોટોગ્રાફીની શરૂઆત કરવામાં આવી હતી. મહાન અભિનેતા રજનિકાંત સાથે કામ કર્યા બાદ તેની કેરિયરમાં નવો વળાંક આવ્યો હતો. વિતેલા વર્ષોમાં તે કેટલાક બોલ્ડ સિન ફિલ્મોમાં કરી ચુકી છે.

અમિતાભ અને આમિર ખાન પ્રથમ વખત એક સાથે દેખાશે

અમિતાભ બચ્ચન અને આમીરખાન જેવા બોલિવુડના બે સૌથી મોટા સ્ટારને લઈને ફિલ્મ બનાવવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. યશરાજ બેનરની ફિલ્મ હોવાના કારણે ફિલ્મમાં તમામ સારી બાબતોને ઉમેરી દેવામાં આવનાર છે. ફિલ્મમાં અભિનેત્રી તરીકે કોણ રહેશે તેને લઈને કેટલાક નામ પર ચર્ચા ચાલી રહી છે. હવે આમાં આશાસ્પદ સ્ટાર કૃતિ સનુનનુ નામ પણ જોડાઈ ગયુ છે. માર્ચ મહિનામાં વિધીવતરીતે કામની શરૂઆત થઈ રહી છે. અભિનેત્રીનુ નામ હજુ નક્કી કરવામાં આવ્યુ નથી. ઠગ્સ ઓફ હિન્દુસ્તાનમાં આમીર ખાન અને અમિતાભ બચ્ચનની પસંદગી કરવામાં આવ્યા બાદ આલિયા ભટ્ટના નામ પર સૌથી પહેલા ચર્ચા કરવામાં આવી હતી.

આલિયાને ફિલ્મમાં લેવાના મુદ્દે આમીર ખાન અને ફિલ્મ નિર્માતા આદિત્ય ચોપડાની વચ્ચે ચર્ચા થઈ હતી. મિસ્ટર પરફેક્ટનિસ્ટ આમીર ખાન અને અમિતાભ બચ્ચન અભિનિત આ ફિલ્મ હોવાથી તમામ ચાહક વર્ગમાં આની ચર્ચા જોવા મળી રહી છે. મોટા બેનરની આ ફિલ્મને હાંસલ કરવા માટે તમામ ટોપની અભિનેત્રીઓ વચ્ચે સ્પર્ધા ચાલી રહી છે.આમીરે ભારપૂર્વક કહ્યુ હતુ કે ફિલ્મમાં આલિયા ભટ્ટને જ લેવામાં આવે. જ્યારે આદિત્ય બેફિકરે ફિલ્મની અભિનેત્રી વાણી કપુરને ફિલ્મમાં લેવા માટેનો નિર્ણય કરી ચુક્યા હતા. મોડેથી જાણવા મળ્યુ કે આલિયા પાસે તો સમય નથી. વાણીના નામ પર પણ વિરામ મુકાઈ જતા હવે નવી અભિનેત્રીના નામ પર શોધ કરવામાં આવી રહી છે. હજુ સુધી ફિલ્મની અભિનેત્રી કોણ હશે તે સંબંધમાં પાકી માહિતી જાહેર કરવામાં આવી નથી પરંતુ ટુંક સમયમાં જ આ અંગે નિર્ણય કરીને ફિલ્મને હવે આગળ વધારી દેવામાં આવનાર છે. ફિલ્મમાં શાનદાર એક્શન સીન ઉમેરી દેવામાં આવે તેમ માનવામાં આવે છે. આમીરની છેલ્લી ફિલ્મ દંગલ નવા રેકોર્ડ સફળતાના કરી ચુકી છે.

રખેવાળ ના માધ્યમથી તમારા લાડલાને અથવા સ્નેહીને જન્મદિન શુભેચ્છાઓ.....

‘જન્મદિન મુબારક’ માં ભાગ લેવા આટલું કરો

★ તમારા સ્નેહીને વિનામુલ્યે જન્મદિન-મુબારક પાઠવવાનો નીચેની કુપનમાં જણાવેલ વિગત જન્મદિવસ તારીખ અગાઉ એક સપ્તાહ પહેલાં મળી જાય તે રીતે મોકલી આપવું.

★‘રખેવાળ’ માં પ્રસિદ્ધ થયેલ કૂપન સિવાય અન્ય કાગળોમાં મોકલેલ વિગતો ધ્યાને લેવાશે નહીં.

કૂપન સાથે જન્મ તારીખના દાખલાની ઝેરોક્ષ અવશ્ય મોકલવી.

★ જન્મદિન મુબારકમાં જો આપ ફોટો છપાવવા ઈચ્છતા હોવ તો તે માટે ટીકીટ સાઈઝ ફોટા માટે રૂા. ૧૦૦/- તથા ૪ સે.મી. સાઈઝ ફોટો માટે રૂા. ૨૫૦/- ચાર્જ એડવાન્સ મોકલી આપવાના રહેશે.

જન્મદિન મુબારક

નામ :...................... પતિ/પિતા :......................
માતા : ....જ.તા. ....ઉ.વ.
પરિચયઃ ....
સરનામુ : ....
મોકલનારની સહી : ....

Website : www.rakhewaldaliy.com
E-mail : rakhewal@gmail.com
મહેસાણા, પાટણ, રાધનપુર, સિધ્ધપુર, ચાણસ્મા, ઉંઝા, વિસનગર, હિંમતનગર, ખેડબ્રહ્મા
રખેવાળ

શંખેશ્વર પાસેના પાવાપુરી જલમંદિર ખાતે ગુરૂમંદિરનું ખાતુમુહુર્ત શિલાસ્થાપન તિથિ પ્રસંગ યોજાયો

યશપાલસીંહ ટી.વાઘેલા

તાલુકા પ્રતિનિધિ થરા

શંખેશ્વર ગામ સમીપે આવેલ ગુરૂ પ્રેમધામ પાવાપુરી જલ મંદિર ખાતે વૈરાગ્યપારિધી પૂ.આ.ભ. ભક્તિસૂરીશ્વરજી મ.સા. તથા તપાગચ્છાધિપતિ ૫. પૂ.આ.ભ.પ્રેમસૂરીશ્વરજી મ.સા.ના ગુરૂમંદિરનું ખનનવિધિ તથા શિલાસ્થાપન વિધિ કરવામાં આવેલ. આ પ્રસંગે જયોતિષાચાર્ય પૂ.હેમચંદ્રસૂરિશ્વરજી મ.સા., પં.પ્ર.ભક્તિરત્ન વિ.મ.સા., મુનિ હેમદર્શન વિ.મ.સા., મૂનિ ભાગ્યચંદ્ર વિ.મ.સા., મુનિ નયશેખર વિ.મ.સા, મુનિ શૌર્યશેખર વિ.મ.સા., મૂનિ ભક્તિદર્શન વિ.મ.સા, આદિઠાણા-૭ તથા પૂ. સાધ્વીજી મ.સા. આદિઠાણા-૧૦ ની પાવન નિશ્રામાં યોજાયેલ. સવારે ૭.૩૦ કલાકે જિનાલય સમીપે પૂ.ગુરૂભગવંતોની પાવનકારી નિશ્રામાં ખનનવિધિ થયેલ. બપોરે વિજયમુહુર્તે એટલે કે ૧૨.૩૯ કલાકે બંને ગુરૂમંદિરનું શિલાસ્થાપન લાભાર્થી પરિવાર દ્વારા કરવામાં આવેલ. જિનાલય ખાતે નવગ્રહ પાટલાપૂજન, દશ દિગપાલ પાટલા પૂજન, અષ્ટ મંગલ પાટલા પૂજન, શિલાપૂજન, ભૂમિ પૂજન, ખનન વિધિ, શિલા સ્થાપન વિધિ વગેરે કરવામાં આવેલ. જ્યાં સુધી બંને ગુરૂ મંદિરનું નિર્માણ ના થાય ત્યા સુધી ચતુર્વિધ સંઘે યથાશક્તિ અભિગ્રહ ધારણ કરેલ. આ પ્રસંગે પાવાપુરી જલમંદિરના ટ્રસ્ટીવર્ય જીતુભાઈ શાહ, વિરેન્દ્રભાઈ શાહ, રમેશભાઈ શાહ, બાબુલાલજી વર્ધન, અશોકભાઈ ધોકા આદિ પરિવારે લાભ લીધેલ. આ પ્રસંગે વિશેષરૂપે જીવદયાની ટીપ કરવામાં આવેલ. આ પ્રસંગે પાવાપુરી જલમંદિર ટ્રસ્ટ દ્વારા પૂ.સાધુ- સાધ્વીજી ભગવંતોને કામળી વહોરાવામાં આવી તથા ગુરૂપૂજન કરવામાં આવેલ. આ પ્રસંગે ગુરૂ પ્રેમધામ પાવાપુરી જલમંદિરના મેનેજર રાજુભાઈ શાહે ભારે જહેમત ઉઠાવી હતી. આ પ્રસંગે મુંબઈ, સુરત, અમદાવાદ વગેરેથી મોટી સંખ્યામાં ગુરૂભક્તો ઉપસ્થિત રહ્યા હતા.

ચાણસ્મા ખાતે જનઔષધ સ્ટોરનું ઉદ્‌ઘાટન

ચાણસ્મા

દર્દીઓને રાહત દરે દવાઓ મળી રહે તે માટે સરકાર દ્વારા દરેક તાલુકાઓમાં પ્રધાનમંત્રી જન ઔષધિ સ્ટોર ખોલવામાં આવી રહ્યા છે. જે મુજબ ચાણસ્મા ખાતે સાંઈ કોમ્પલેક્ષમાં ગુરુવારે શ્રમ અને રોજગાર મંત્રી દિલીપભાઈ ઠાકોરના વરદ હસ્તે જન ઔષધિ સ્ટોરનું રિબિન કાપી ઉદ્‌ઘાટન કરાયું હતું.

આ પ્રસંગે ઉપસ્થિત નગરજનોને સંબોધતા મંત્રી દિલીપભાઈ ઠાકોરે જણાવ્યું કે, કેન્દ્ર અને રાજ્ય સરકારના સહયોગથી શરૂ કરાયેલા આ જેનરિક દવાઓના સ્ટોરમાં બજાર કરતાં ૫૦ થી ૮૦ ટકા સસ્તા ભાવે દવા મળી રહેશે. રાજ્યમાં સરકાર દ્વારા જેનરિક દવાના ૭૨ સ્ટોરની મંજૂરી મળી ગઈ છે, જે પૈકી ૫૨ સ્ટોર્સ ચાલુ થઈ ગયા છે. ૬૬ સ્ટોરની અરજીઓ આવી છે. મંત્રીએ જણાવ્યું કે, સરકારે મા વાત્સલ્ય કાર્ડ માટે આવકની મર્યાદા રૂા. ૧.૨૦ લાખ હતી, તેને વધારી રૂા. ૧.૫૦ લાખની આવક મર્યાદામાં આવી જાય છે, જેનો દરેક વ્યક્તિને લાભ લેવા હાકલ કરી હતી.

આ પ્રસંગે પ્રદેશ ભાજપ મહામંત્રી કે.સી.પટેલ, જિલ્લાના પૂર્વ પ્રમુખ દશરથજી ઠાકોર, જિલ્લા ભાજપ ઉપપ્રમુખ મુકેશ પટેલ, મંત્રી વિનયસિંહ ઝાલા સહિત સ્થાનિક અગ્રણીઓ વગેરે હાજર રહ્યા હતા.

વિવિધ બજાર ભાવ

ડીસા

એરંડા	૮૮૦-૯૦૦
રાયડો	૬૫૦-૬૬૧
ઘઉં	૩૩૦-૪૩૪
બાજરી	૨૫૪-૨૭૦
રાજગરો	૬૯૦-૮૪૧
ગવાર	૬૩૯-૬૫૩
તમાકુ	૭૫૦-૧૦૧૧

પાલનપુર

ઘઉં	૨૯૦-૩૫૧
જુવાર	૪૨૫-૪૬૧
બાજરી	૨૬૩-૨૭૫
ચણા	૧૦૦૦-૧૦૦૬
ગવાર	૫૭૧-૬૬૮
એરંડા	૮૮૧-૯૦૫
રાયડો	૬૫૩-૬૬૮
રાજગરો	૭૬૨-૮૨૫
વરી.	૯૦૦-૧૭૬૩

લાખણી

એરંડા	૮૭૦-૮૯૫
રાયડો	૬૫૨-૬૮૦
રાજગરો	૭૬૦-૭૭૦
સવા	૭૭૧-૯૦૦
બાજરી	૨૪૦-૨૭૦
ચીકુડી	૭૦૦-૧૦૨૫
વરી.	૭૭૦-૧૦૬૦

થરા

જીરૂ	૨૭૦૧-૩૪૫૦
એરંડા	૯૦૦-૯૨૦
વરીયાળી	૯૦૦-૧૪૫૦
રાયડો	૬૪૫-૬૭૦
ગવાર	૬૬૭-૬૮૦
ઘઉં	૨૯૭-૩૫૮
બાજરી	૨૭૦-૩૧૦
રજકો	૨૭૦૦-૩૩૯૬

થરાદ

જીરૂ	૨૫૨૫-૩૪૫૦
મેથી	૫૭૦-૮૮૦
એરંડા	૮૭૦-૮૮૮
રાયડો	૬૬૦-૬૯૫
ઈસ.	૨૦૦૦-૨૨૧૦
વરી.	૭૭૫-૯૭૧
ગવાર	૬૩૫-૬૭૧
ચીકુડી	૮૦૦-૯૫૦
અજમો	૯૫૦-૨૦૦૦
ઈસ.	૧૯૫૦-૨૨૨૨
રજકો	૨૮૦૦-૩૧૦૦

રાહ

રાયડો	૬૬૦-૬૭૦
એરંડા	૮૮૦-૮૮૫
બાજરી	૨૯૦-૩૨૧
ચીકુડી	૯૭૦-૧૦૦૦

ધાનેરા

ઘઉં	૨૯૭-૩૪૧
બાજરી	૨૮૧-૩૧૩
મગ	૯૦૦
જવ	૩૦૭
ગવાર	૬૫૧-૬૬૪
સરસવ	૮૫૦
રાયડો	૬૨૦-૬૭૮
એરંડા	૮૫૦-૮૯૮
ઈસ.	૧૮૫૦-૨૦૨૫
જીરૂ	૨૭૦૦-૩૩૧૭
મેથી	૫૫૧-૬૨૧
તલ	૧૧૦૦
સુવા	૮૫૦-૯૭૦
વરી.	૮૯૧-૧૦૭૩
રાજગરો	૬૨૧-૭૬૭
રજકો	૨૦૫૬-૨૫૪૯
અન્ય	૭૦૦-૯૮૦

વડગામ

ઘઉં	૩૧૮-૩૩૫
બાજરી	૨૫૩
એરંડા	૮૮૫-૮૯૦
રાયડો	૬૪૫-૬૬૫
રાજગરો	૬૦૦-૭૭૦

સિધ્ધપુર

જીરૂ	૧૬૦૦-૩૧૬૦
વરી.	૮૭૧-૧૧૦૦
ઈસ.	૧૫૫૧-૧૮૦૦
રાયડો	૬૫૧-૭૪૭
એરંડા	૮૬૫-૯૧૯
મેથી	૫૦૦-૫૭૨
જુવાર	૩૮૦-૪૩૫
ગવાર	૬૪૦-૬૭૬
ઘઉં	૩૦૦-૩૮૨
બાજરી	૧૮૦-૩૧૫
જવ	૩૧૧-૩૧૨
સવા	૭૬૦-૯૮૬

રાધનપુરમાં ભાજપના યુવા મોરચા દ્વારા છાશનું વિતરણ

કમલ ચક્રવર્તી

પ્રતિ રાધનપુર

રાધનપુર શહેરમાં લગ્ન સિઝન હોવાના કારણે ગ્રામ્ય જનતા અને શહેરના લોકો ખરીદી કરવા બજારમાં આવતા હોવાથી કાળઝાળ ગરમીમાં ત્રાહીમામ પોકારી જાય છે. આ ગરમીમાં રાહત આપવા માટે ભાજપના યુવા મોરચા દ્વારા ઠંડી છાશનું વિતરણ કરવામાં આવ્યું હતું. જલારામ સોસાયટીની સામે સામિયાણો તૈયાર કરીને રાહદારી અને ઠંડી છાશ આપીને શિતળતાનો અહેસાસ કરાવવામાં આવ્યો હતો. આ પ્રસંગે પ્રવિણભાઈ મહાલક્ષ્મી, ડાં.વિષ્ણુ ઝુલા, બાબુભાઈ ચૌધરી, જશુભાઈ રાવલ, ભરતભાઈ પ્રજાપતિ, મધુબેન ઓઝા, ચકનભાઈ આચાર્ય અને યુવા મોરચાના ચીકાભાઈ રબારી, વિજયભાઈ સુથાર સહિત કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

પાટણ ખાતે હેમચંદ્રાચાર્ય ઉ. ગુ.યુનિવર્સિટીના ૩૨ મા સ્થાપના દિનની ઉજવણી કરાઈ

પાટણ.

પાટણ ખાતે હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીનો ૩૨ મો સ્થાપના દિવસની ઉજવણી શિક્ષણ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, સંસદીય સચિવ રણછોડભાઈ દેસાઈ, યુનિવર્સિટીના કુલપતિ બી.એ. પ્રજાપતિ, પૂર્વ કુલપતિ કુલિનચંદ્ર યાજ્ઞિક, જિલ્લા કલેકટર આનંદ પટેલ, કાર્યકારી કુલ સચિવ ડાં. ડી.એમ.પટેલ ઉપસ્થિત રહ્યા હતા.યુનિવર્સિટીના ૩૨ મા સ્થાપના દિવસની ઉજવણી પ્રસંગે બે પુસ્તકોનું વિમોચન, વિવિધ ક્ષેત્રોમાં શ્રેષ્ઠ દેખાવ કરનાર વિદ્યાર્થીઓનું સન્માન તેમજ યુનિવર્સિટીના કર્મયોગી કર્મચારીઓનું સન્માન કરવામાં આવ્યું છે. હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી પ્રગતિના પંથ તરફ આગળ વધી રહી છે ત્યારે છ ગ્રેડ મેળવી સંતોષ ન માનવા, વધુ છછ+ ગ્રેડ પ્રાપ્ત કરવા ટીમવર્કથી કામ કરવા અનુરોધ કર્યો હતો. પ્લાનીગ અને દીર્ઘદ્રષ્ટિ સાથે રાજયમાં પ્રથમ તેમજ રાષ્ટ્રકક્ષાએ ૧ થી ૫ નંબરે તેમજ વર્લ્ડ કક્ષાની યુનિવર્સિટી બનાવવા ટીમવર્કથી પ્રયત્નો કરવા દિશા નિર્દેશ કર્યો હતો. હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી આજે પ્રથમ હરોળમાં સ્થાન ધરાવે છે. જે ગૌરવની બાબત છે. ૧૯૮૬ થી ૩૧ વર્ષની મંજીલ પુરી કરી છે. જેમાં પાંચ જિલ્લાના ૧.૩૪ લાખ વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. યુનિવર્સિટી વધુમાં વધુ પ્રગતિ કરી નવા સોપાનો સર કરે તેવી શુભકામનાઓ પાઠવી હતી.

હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીના પ્રથમ કુલપતિશ્રી કુલિનચંદ્ર યાજ્ઞિક દ્વારા લિખિત યુનિવર્સિટીના સ્થાપનાનો વૃત્તાંત પુસ્તકનું વિમોચન કરાયું હતું. આ પ્રસંગે હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ ડાં. બી.એ. પ્રજાપતિએ તેમના કાર્યકાળના પ્રારંભથી અમલી બનાવેલ પરીક્ષા પધ્ધતિ, મૂલ્યાંકન સીસ્ટમમાં ફેરફાર કરવાથી વિદ્યાર્થીઓને ટુંકાગાળામાં રીઝલ્ટ આપી શકાય છે. યુનિવર્સિટીના વિવિધ કામો અને પ્રોજેકટો માટે રૂ. ૩૮ કરોડની દરખાસ્ત કરવામાં આવી છે. યુનિવર્સિટીની વિવિધ ફલકોની રૂપરેખા રજુ કરી હતી. કાર્યક્રમની શરૂઆતમાં ડાં. દિલીપ પટેલે સ્વાગત પ્રવચન કર્યું હતું. આભારવિધિ રજીસ્ટારશ્રી ડાં. ડી.એમ.પટેલે કરી હતી. આ કાર્યક્રમમાં કારોબારી સભ્યો, યુનિવર્સિટીના અધ્યાપકો, કર્મચારીઓ, ટ્રસ્ટીઓ, કોલેજોના આચાર્યો, કમીટીના સભ્યો અને વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહયા હતા.

ચાણસ્માના ખોખલા ગામનું તળાવ પાણી વિના સુકુ ભઠ્ઠ: પાણી ભરવા લોકોની માંગ

ચાણસ્મા

હાલમાં પડી રહેલી કાળઝાળ ગરમીના કારણે પાટણ જિલ્લાના મોટાભાગના ગામ તળાવો ખાલીખમ પડ્યા છે, તો સરહદી રાધનપુર- સાંતલપુર પંથકમાં પૂરતું પાણી મળતું ન હોઈ પીવાના પાણીના ગામેગામ પોકાર પડી રહ્યા છે. એકબાજુ રાજ્ય સરકાર 'ટેન્કર મુક્ત ગુજરાત' ના દાવા કરી રહી છે. બીજી બાજુ આજે એવા કેટલાય ગામો છે જ્યાં તંત્રને ટેન્કરથી પાણી પહોંચાડવું પડે તેવી નોબત આવી છે. તે પણ અપૂરતા હોઈ ગામલોકોની હાલત દયનિય બની ગઈ છે. આ વિસ્તારમાં વહેલી તકે પાણીની વ્યવસ્થા નહીં કરે તો સરહદી પંથકની પ્રજા આગામી વિધાનસભા ચૂંટણીમાં હિસાબ સરભર કરવાના મૂડમાં જણાય છે.

પાટણ જિલ્લાના ચાણસ્મા તાલુકાના ખોખલા ગામે આવેલું ૧૨૦૦ વીઘાનું વિશાળ સિંચાઈ તળાવ આજે સૂકુભઠ્ઠ પડ્યું છે. આ તળાવ ભરવામાં આવે તો આસપાસના ૮ થી ૧૦ ગામોના ખેડૂતોને લાભ થાય તેમ છે. આમ છતાં કોણ જાણે કેમ સરકારી તંત્રને આ તળાવ ઊંડુ કરવામાં કોઈ રસ જણાતો નથી. બીજી બાજુ, જે ગામોમાં છુટથી પાણી મળી રહે તેવી વ્યવસ્થાઓ છે, તેવા ગામોના તળાવોમાં નર્મદાનું પાણી ભરવામાં આવે છે.આ મામલે છેક મંત્રી સ્તર સુધી રજૂઆત કરવામાં આવી હોવા છતાં કોઈ જ પગલાં નહી લેવાતા આ વિસ્તારના ગામલોકોમાં ભાજપ સરકાર સામે ભારોભાર રોષની લાગણી જન્મી છે.

બીજી બાજુ, પાટણ જિલ્લાના સરહદી રાધનપુર, સાંતલપુર, સુઈગામ પંથકના ગામોમાં પીવાના પાણીની ભારે બૂમરાડ ઉઠી છે. અંતરિયાળ ગામો સુધી પુરતા ફોર્સથી પાણી પહોંચતું ન હોઈ મહિલાઓ તેમજ બાળકોએ પાણી માટે દર દર ભટકવું પડે છે. કેટલાક ગામોમાં સરકાર દ્વારા ટેન્કરની વ્યવસ્થા કરવામાં આવી છે. પરતુ આ ટેન્કર બે- ત્રણ દિવસે એકાદવાર આવતું હોઈ ગામલોકો ટેન્કર આવતાં જ દોટ મૂકી .પર ચડી પાઈપોથી ભરવા લાગી જાય છે. પાણી ભરવા માટે 'માટલા યુદ્ધ' રોજના દ્રશ્યો બની ગયા છે. સરકાર ગામે ગામે પીવાના પાણીની પૂરતી સુવિધા કરવામાં આવી હોવાના વાર તહેવાર યોજાતા સમારંભોમાં ગાણાં ગાતાં થાકતી નથી. બીજી બાજુ સરહદી પંથકના ગામોની સ્થિતિ સાવ વિપરીત છે. અહીં એક એક ટીપાં પાણી માટે લોકોએ દર દર ભટકવું પડે છે. માનવીની આ હાલત છે, તો અબોલ જીવોની તો શી હાલત હશે તે વિચાર જ ધ્રુજાવી દે તેવો છે અનેક લોકોએ હિજરત પણ કરી લીધી છે. ત્યારે એસી ઓફિસોમાં બેસી કાગળ ઉપર માસ્ટર પ્લાનમાં ઘોડા દોડાવતા અધિકારીઓ અને પ્રજાના મતોથી ચૂંટાયેલા પદાધિકારીઓ ઉનાળાની ૪૩-૪૪ ડિગ્રી ગરમીમાં આ ગ્રામીણ પ્રજા કેવી રીતે જીવી રહી છે તે જોવા બહાર નીકળે તેવી માંગ ઉઠી છે.

મકાન સહાય પુરી પાડવાની સરકારની યોજનામાં મોટાપાયે ગેરરીતિની રાડ

ચાણસ્મા

રાજ્ય સરકાર દ્વારા વિકસિત જાતિ કલ્યાણ ખાતા દ્વારા જે - તે જિલ્લા પંચાયતના સમાજ કલ્યાણ વિભાગ દ્વારા પંડિત દિનદયાળ ઉપાધ્યાય આવાસ યોજના અંતર્ગત લાભાર્થીઓને મકાન સહાય પુરી પાડવાની યોજના ચલાવવામાં આવી રહી છે. જે અંતર્ગત પાટણ જિલ્લામાં આ યોજના પૂરતા પ્રમાણમાં લાભાર્થીઓ નહીં મળવાના કારણે જિલ્લાને ફાળવેલ લક્ષાંક પૂરો કરવા પાટણ જિલ્લાના તમામ તાલુકાઓમાં આ યોજનાના કેટલાક લાયકાત ન ધરાવતા અરજદારોનો સમાવેશ કરવા જિલ્લા-તાલુકા અને વચેટિયાઓની અહમ ભૂમિકા સાથે મોટાપાયે ભ્રષ્ટાચાર આચરવામાં આવતો હોવાની ફરિયાદ ઉઠી છે.

પંડિત દિનદયાળ ઉપાધ્યાય આવાસ યોજનામાં પોતાના નામે ઘરથાળનો પ્લોટ કે કાચું મકાન ધરાવતા લાભાર્થીઓને મકાન બાંધવા માટે રૂા. ૭૦ હજારની સહાય ચૂકવવામાં આવે છે. પાટણ જિલ્લામાં સમાવિષ્ટ પાટણ, ચાણસ્મા, સમી, હારિજ, શંખેશ્વર, રાધનપુર, સિદ્ધપુર, સાંતલપુર અને સરસ્વતી સહિતના તાલુકા મથકે જિલ્લા પંચાયત સમાજ કલ્યાણ કચેરીમાંથી નિયુક્ત થયેલ. જે- તે નિરીક્ષકો દ્વારા લાભાર્થીઓ પાસેથી અરજીઓ મંગાવવામાં આવે છે. ચાલુ વર્ષે ટૂંક સમયમાં પાટણ જિલ્લાને આ યોજના નીચે લક્ષાંક ફાળવવામાં આવનાર છે. ત્યારે તાલુકા કક્ષાએ ફાળવેલ લક્ષાંક પ્રમાણે નિરીક્ષકો દ્વારા અરજીઓ મેળવવાની કામગીરી હાલમાં ચાલુ છે. બીપીએલ લાભાર્થી ન હોય પરંતુ વારસામાં મકાનની પાત્રતા ન ધરાવતા હોય અને ઘરથાળનો પ્લોટ કે કાચુ મકાન ધરાવતા હોય તેવા લાભાર્થીને જરૂરી સાધનિક કાગળો રજૂ કર્યા બાદ લાભાર્થીમાં પસંદગી થયેથી પ્રત્યેક લાભાર્થીને મકાન બાંધવા રૂા. ૭૦ હજાર સહાય ચૂકવવામાં આવે છે. બાકીની રકમ જે- તે લાભાર્થીને પૂરી પાડવાની થાય છે. લક્ષાંક સામે પૂરતા લાભાર્થીઓ ન મળવાના કારણે જે- તે નિરીક્ષકો વચેટિયાઓને સાથે રાખી પાત્રતા ન ધરાવતા હોવા છતાં લક્ષાંક પૂરો કરવાની લ્હાયમાં બોગસ દસ્તાવેજો ઉભા કરી તગડી કમાણી કરતા હોવાની ચર્ચાએ જોર પકડ્યું છે. જે- તે ગ્રામ પંચાયત દ્વારા ગામે બોગસ લાભાર્થીઓને લાભ આપવાના આશયથી ગામના મકાન આકારણી પત્રકમાં રાતોરાત લાભાર્થીના નામે પાકું મકાન હોવા છતાં તેમાં ફરેફાર કરી કાચુ મકાન બતાવી કે પડતર પ્લોટ બતાવી લાભાર્થીઓને મકાન સહાય અપાવવા સાજીસ કરી રહ્યા હોવાની ફરિયાદો પ્રકાશમાં આવી છે અને આ સમગ્ર કટકી કૌભાંડમાં જિલ્લામાં સમાજ કલ્યાણ ખાતાના કર્મચારીઓ, જે - તે તાલુકાના નિરીક્ષકો તેમજ ગ્રામ પંચાયતના પદાધિકારીઓની અહમ ભૂમીકા હોવાનું ચર્ચાઈ રહ્યું છે, ત્યારે લાભાર્થીઓની આખરી યાદી તૈયાર થાય તે પહેલાં ગામેગામ જઈ રેકર્ડ આધારિત દસ્તાવેજોની ચકાસણી કર્યા બાદ જ પ્લોટ સહાય મંજૂર કરવામાં આવે તે ખૂબ જ જરૂરી છે.

શ્વેતક્રાંતિએ આર્થિક ઉન્નતિના દ્વાર ખોલ્યા છે : મંત્રી બાબુભાઇ બોખરીયા

મહેતાપુરા ખાતે રૂ. ૩.૫૩ કરોડ ખર્ચે નવનિર્મિત નવિન કચેરીનું લોકાર્પણ કરાયું

હિંમતનગર

સાબરકાંઠા જિલ્લાના મુખ્યમથક હિંમતનગર ખાતે ઘનિષ્ઠ પશુસુધારણા યોજના અંતર્ગતના રૂ. ૩.૫૩ કરોડના ખર્ચે નવનિર્મત કચેરીનું લોકાપર્ણ પશુપાલન મંત્રી શ્રી બાબુભાઈ બોખીરીયા તથા જિલ્લા પ્રભારી અને વાહન વ્યવહાર મંત્રી શ્રી વલ્લભાઈ કાકડીયાના હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

પ્રાસંગિક ઉદ્દબોધન કરતા પશુપાલન મંત્રી બાબુભાઈ બોખીરયાએ જણાવ્યું હતુ કે, રાજય સરકારની નેમ છે કે ખેડૂતની આવક બમણી કરવી છે તેથી ખેતીના સાથે પશુપાલનને પુરકને બદલે મુખ્ય વ્યવસાય તરીકે ઉભર્યો છે જેમાં બહેનો ફાળો ઘણો જ મહત્વનો છે. મંત્રીશ્રી બે દાયકા અગાઉની પરિસ્થિતિની વાત કરતા જણાવ્યું હતુ કે ગ્રામ્ય વિસ્તારમાં પાકા રસ્તાઓનો અભાવ હતો જેને દૂધ સાચવવાના મોટા પ્રશ્નો ઉભા થતા આજે ગામડાના દૂધઘરમાં મિલ્ક ચિલિંગ સેન્ટર શરૂ કરવામાં આવ્યા છે.

વધુમાં મંત્રીએ પશુ સુધારણા કાર્યક્રમને વેગ આપવામાં આવતુ હોવાનું જણાવી તેમણે રાજયમાં ત્રણ નવિન સીમેન સેન્ટર ઉભા કરવામાં આવશે તેમ તેમણે ઉમેરી પશુઓની નવી જાત શ્વેતક્રાંતિ સર્જી પશુપાલકોના આર્થિક ઉન્નતિના દ્વાર ખોલશે તેમ જણાવ્યું હતું. કાર્યક્રમમાં ઉપસ્થિત જિલ્લા પ્રભારી અને વાહન વ્યવહાર મંત્રી વલ્લભભાઈ કાકડીયાએ સાબરકાંઠા જિલ્લાએ શ્વેતક્રાંતિમાં હરણફાળ ભરી છે. સાબર ડેરી ધ્વારા ૬ લાખ લિટર દૂધનું ઉત્પાદન કરી દેશ-પરદેશમાં મોકલવામાં આવી રહ્યુ છે. રાજય સરકારના ત્વરીત નિર્ણય શક્તિથી પ્રજાની સુખાકારીના નવા આયામ ખોલ્યા છે. કાર્યક્રમ દરમિયાન શ્રેષ્ઠ પશુપાલકોનું સન્માન ઉપરાંત સહાયના લાભાર્થીઓને સહાયનું વિતરણ મંત્રીશ્રીના હસ્તે અર્પણ કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે સાસંદ દિપસિંહ રાઠોડ, હિંમતનગરના ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ચાવડા, હિંમતનગર નગરપાલિકા પ્રમુખ શ્રીમતી નિલાબેન પટેલ, જિલ્લા કલેકટરશ્રી પી.સ્વરૂપ, જિલ્લા વિકાસ અધિકારી હર્ષ વ્યાસ, પશુપાલન નિયામક શ્રીમતી ડૉ.હિતાબેન પટેલ, નાયબ પુશપાલન નિયામક ડૉ.પી.કે. મિસ્ત્રી, જનકભાઈ પટેલ સહિત અન્ય અધિકારી-કર્મચારીગણ ઉપ્રાંત મોટી સંખ્યામાં પશુપાલકો ઉપસ્થિત રહ્યા હતા.

દૂધ મંડળીમાં દૂધ ભરવા આવેલી પરિણીતાની લાજ લૂંટવાનો પ્રયાસ

મોડાસા

અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકાના જીવણપુર ગામની સહકારી દૂધમંડળીમાં ગત સોમવારે વહેલી પરોઢે એક પરિણીતાની એકલતાનો લાભ લઈ શારિરીક અડપલાં કરીને તેની લાજ લુંટવાનો પ્રયાસ કર્યાની ઘટનાએ ભારે હોબાળો મચાવી દીધો હતો.

દરમ્યાન પરિણીતા સાથે છેડછાડ કરનાર યુવકના માતા પિતા વગેરે ત્યાં દોડી આવ્યા હતા અને પોતાના દિકરાનું ઉપરાણું લઈને પરિણીતાને જાનથી મારી નાંખવાની ધમકી આપી હોવાના આક્ષેપથી ચકચાર મચી ગઈ હતી.

આ બનાવ અંગે મોડાસા રૂરલ પોલીસે પરિણીતાની ફરિયાદના આધારે ગામના (૧) સંજય અમરતભાઈ ખાંટ (૨) અમરતભાઈ મોહનજી ખાંટ (૩) સમુબેન અમરતભાઈ ખાંટ અને (૪) આશાબેન સંજયભાઈ ખાંટના વિરૂધ્ધમાં ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી છે.

પોલીસ ફરિયાદમાં જણાવ્યા અનુસાર સોમવારે વહેલી પરોઢે સાડા પાંચ વાગે ગામની દૂધ મંડળીમાં પરિણીતા દૂધ ભરાવા આવી હતી. આ સમયે ડેરીમાં અન્ય કોઈ હાજર ન હતું. આથી ત્યાં આવી ચડેલા આરોપીએ પરિણીતાનો હાથ પકડી 'તું મને બહુ ગમે છે!'' તેમ કહી શારિરીક અડપલાં કર્યા હતા. અને ઈજ્જત લેવાની હરકત કરી હતી. આથી પરિણીતાએ બૂમરાડ મચાવતા આરોપીના માતાપિતા ત્યાં દોડી આવ્યા હતા અને પોતાના દિકરાનું ઉપરાણું લઈ પરિણીતાને ચૂપ રહેવા સુચના આપી હતી અને વધુ હોબાળો મચાવીશ તો જાનથી મારી નાંખવાની ધમકી આપતાં પરિણીતાએ ફરિયાદ નોંધાવી હતી.

ઈડરના માઢવા ગામે કિશોરી પર દુષ્કર્મ આચરવાનો પ્રયાસ

હિંમતનગર

સાબરકાંઠા જિલ્લાના ઈડર તાલુકાના માઢવા ગામે રહેતા પરિવારની સગીર વયની કિશોરીને મોડી રાત્રે એકલતાનો લાભ લઈ ગામના જ યુવકે તેણી પર દુષ્કર્મ આચરવાનો પ્રયાસ કરતી એક ફરિયાદ જાદર પોલીસ મથકે નોંધાઈ છે, પોલીસના જણાવ્યા મુજબ સગીરાની ફરિયાદના આધારે ધવલ રમેશભાઈ પરમાર નામના યુવક વિરૂધ્ધ ઈપીકો કલમ ૩૫૪ (એ) તથા પોક્સો ધારા હેઠળ ગુનો દાખલ કરીને વધુ તપાસ હાથ ધરાઈ છે.

જાણવા મુજબ માઢવા ગામે રહેતી સગીર કિશોરી ગત શનિવારની મોડી રાત્રિએ ઘર નજીકની નવેરીમાં કુદરતી હાજતે જવા નીકળી હતી. ત્યારે આરોપી તેની પાછળ ચાલ્યો આવ્યો હતો. બાદમાં સગીરાના મોઢા પર રૂમાલ દબાવીને શારિરીક છેડછાડ શરૂ કરી તેની સાથે દુષ્કર્મ આચરવાનો પ્રયાસ કર્યો હતો. જે બાબતે ફરિયાદ નોંધાવામાં આવી હતી.

પ્રાંતિજ તાલુકામાં નદીના પટમાં આકસ્મિક ચેકીંગ હાથ ધરાયું

ગેરકાયદે ઉત્તખનન કરતા ૧૪ વાહનો જપ્ત કરાયા

પ્રાંતિજ

કુદરતની અમુલ્ય ખનીજ ભંડારોને ગેરકાયદે રીતે ઉત્ખનન કરનાર સામે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા લાલ આંખ કરાઈ છે. જે અંતર્ગત આજે પ્રાંતિજ તાલુકામાં નદીના પટમાં આકસ્મિક ચેકીંગ હાથ ધરી ગેરકાયદે ઉત્તખનન કરતા ૧૪ વાહનો જપ્ત કરાયા હતા.

કલેકટરશ્રી પી.સ્વરૂપ, સાબરકાંઠાના માર્ગદર્શન હેઠળ પ્રાંત ઓફીસર અને મામલતદારશ્રી પ્રાંતિજ તેમજ મહેસુલી કર્મચારીઓ અને સ્થાનિક પોલીસની વિશેષ તપાસ સમિતિ નીમી જિલ્લામાં ગેરકાયદે કુદરતી સંપત્તિનું ગેરકાયદે ઉત્તખનન કરતા તત્વો સામે કડક હાથે પગલાં લેવાની કવાયત હાથ ધરી હતી. જેમાં પ્રાંતિજ તાલુકાના વાઘપુર, સાંપડ, ગેડ અને સીતવાડા ગામોની સીમના નદીપટમાં આકસ્મિક ચેકીંગ હાથધરી અનઅધિકૃત ખનીજવહન કરતા ટ્રક નંગ-૫, ટ્રેકટર નંગ-૮ અને હિટાચી મશીન નંગ-૧ મળી કુલ ૧૪ વાહનો જપ્ત કરી પોલીસ સ્ટેશન પ્રાંતિજના હવાલે મુકવામાં આવેલ છે. જે અંગેની ભુસ્તરશાસ્ત્રી, હિંમતનગર દ્વારા જરૂરી કાર્યવાહી હાથધરવામાં આવશે એમ પ્રાંતિજ મામલત દારશ્રી દ્વારા જણાવાયું છે.

પાટણના ભદ્ર વિસ્તારમાં આવેલા ગણેશ મંદિરમાં ચોરીનો પ્રયાસ

પાટણ

પાટણ શહેરના ભદ્ર વિસ્તારમાં આવેલ ગજાનંદ પેઢી ગણેશ વાડીના મંદિરમાં રાત્રિ દરમ્યાન અજાણ્યા તસ્કરોએ મંદિરના દરવાજાનું તાળુ તોડી અંદર પ્રવેશ કરી જુના રેકર્ડની ઉથલ પાથલ કરી કંઈ હાથ ન લાગતા પલાયન થઈ ગયા હતા. આ બાબતની જાણ મંદિરના ટ્રસ્ટીઓને થતાં પોલીસને જાણ કરવામાં આવી હતી. તો બીજી તરફ વર્ષ દરમ્યાન મંદિરમાં ત્રીજી વાર ચોરીનો પ્રયાસ થયો હોવાનું પ્રકાશમાં આવ્યું હતું.

પાટણના ભદ્ર વિસ્તારમાં આવેલા પ્રાચીન ગણેશ મંદિરમાં રાત્રિ દરમ્યાન અજાણ્યા તસ્કરોએ મંદિરના દરવાજાના તાળાં તોડી મંદિરમાં પ્રવેશ કર્યો હતો, પરંતુ મંદિરમાં કોઈ મોટો મુદ્દામાલ હાથ ન લાગતાં જુના રેકર્ડની ઉથલ પાથલ કરી હતી. બાદમાં તસ્કરો પલાયન થઈ ગયા હતા. આ બાબતે પાટણ શહેર એ ડિવીઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવામાં આવી હતી.

ËeykuËh íkk÷wfkLkk {w çku {kMkÚke ÃkeðkLkk

{rn÷kyku Äku{Ã¾íkkt íkkÃk{kt çkuzkt WÃkkze Ãkkýe ÷kðu A

íkk÷wfk «íkrLkrÄ Ë MkqÞoLkkhkÞý Mk] fk¤Ík¤ økh{e ðhMkkðe hì íÞkhu Mkhfkh îkhk f rðMíkkhLke «ò ÃkeðkL rðLkk Lk x¤ð¤u íku {kxu ykÞkusLkku fhðk{kt yk yLkuf {kMxh Ã÷kLkku çkL yrÄfkheyku fu MÚ ÃkËkÄefkheykuLkkt ykt¾ fu çkuËhfkheLkk fkhýu æÞuÞ Mkkhku nkuðk A ÷k¼ Úke ðt[eík hk¾ðk{kt yLku «ò {uLkus{uLxLkk çku {kMkÚke ÃkeðkLkk Ãkkýe xÄð¤e hne Au. íÞkhu ík fwt¼fýo ®Lkÿk{kt ÃkkuZe ynuMkkMk ÚkkÞ Au. MÚkkrLkf ÃkËkrÄfkheyku ÃkkuíkkLkk {íkrðMíkkhLke «ò {kMkÚke Ãkkýe rðLkk x¤ðe hne

(yþkuf þuX)

økk{Lkku çkkuh çkøkzâku Au. rLkøk{Lk Ãký {kuf÷kÔÞku Au. ËkuZ {rnLkku ÚkÞku Au fhe økÞk Au. Ãkhíkwt nsw fkuE fk{ þY ÚkÞwt ðøkuhuLku òýfkhe ykÃke Au. yuf xuLfh ðkík fhu Au. ykðzk {kuxk økk{{kt yuf xuLfh

í½zkLkkt {w¤ ÚkkÞ ðÄw xuLfhku Ãkkýe yÃkkÞíkkus

- MkqÞkçkuLk SðýS Xkfkuh MkhÃkt[

ze,k™k h,kýk „k{™ku ƒ™kð

{k rðnkuýk ƒu ,tŒk r…Œkyu Íuhe Ëðk

Ãkk÷L

MktsÞ òu»ke

zeMkk íkk÷wfL økk{u {swhe fheL h¤íkk feíkeo¼kE Xkfkuh fkuEf fkhýkuMkh Íuhe Ëð íku{Lku „t¼eh Ãkk÷LkÃkwh r,rð÷{kt Mkkhðkh {kxu ¾,uzkÞ níkk. MktíkkLkku yLke÷ yLku Mkwhs rÃkíkkyu Íuhe Ëðk íkuyku Mkeðe÷{kt rÃkíkkLke Mkkò ÚkðkLke hkn

r[ºkk,ýe ™Sf ,ku™„Z …k,u ƒ

y™u xÙf™k yfM{kŒ{k …kt[½kÞ÷

½kÞ÷ku™u …k÷™…wh r,rð÷{kt ¾,uzkÞk

ku{™e 108 ðkLk Ãkk÷LkÃkwh rMkrð÷ Mkkhðkh {kxu ¾,uzkÞk níkk.

yk yfM{kík{kt fi÷k,S ™kS nehk„h W.38, fi÷kbS nehk„h W. 32, fi÷kbS nehk„h W.4, fi÷kbS nehk„h W. 5, nòhe Œk. ®…zðkzk

çkkfe W½hkýeLkk {wÆu

ÚkhkËLkk ðuÃkkhe yLku íkuLkk Ãkwºk rðY ÃkkuLkku

h011 Úke h014 MkwÄe Ú MkkuLkkLkk íkiÞkh ËkøkeLk zeMkkÚke çkkfe W½hkýe ykðu÷ ðuÃkkhe yLku íkuLk ÚkhkËLkk ðuÃkkhe rÃkíkk-Ãkwºk {nuþ¼kE ÃkkuÃkx÷k÷ ðuÃkkhe yLku Mkkuf ðuÃkkhe ðuÃkkh yLku nku÷Mku÷Lkku Mkkuf ðuÃkkhe Ãký fhu Au. su{Lk

y{eh„Z Œk÷wfk{kt ¾å[h ½kuzk{kt øk÷uLzð™k hku„Úke Ëkuzk{k

74 …ife 5 ™ku …kuÍexeð rh…kuxo ykÔÞku

Ãkk÷LkÃkwh

y{eh„Z Œk÷wfk{kt ¾å[h{kt ø÷uLzh ™k{™ku hku„ ËuŒk Œtºk{kt ËkuzÄk{ {[e Au. 74 …ufe 5 ™ku rh…kuxo ykÔÞku nkuðk™wt ,qºkku ykÔÞku Au. y{eh„Z …þw r[rfí÷Þ™k su 5 …þw{ktÚke 2 Œƒeƒ zkì.ze.,e.„Zðe yu sýkÔÞwt fu, y{eh„Z Œk÷wfk{kt ykðu÷k #xku™k ¼èk …k™™k

yeh„Z ™k Ak…hk „k{u [zkuŒY Úkðk™e ykþtfk

MktsÞ òu»ke

[zkuŒhk™e ykþtfk yuðk÷„ku ¾zfkÞku …ku÷e, fkV÷k …k÷™…wh

f]r»k {u¤kLkk íkkÞVk çktÄ fhe ¾uzqíkkuLku Ãkku»kýûk{ ¼kð ykÃkku : økkuðk¼kE ËuMkkE

¼ksÃkLke ¾uzqík rðhkuÄe Lkerík ¾uzqíkku ÃkkÞ{k÷ : [qtxýe ykðu ykðf çk{ýe fhðkLke ¾uzqíkkuLku ÷ku÷eÃkkuÃk

zeMkk

¼ksÃk MkhfkhLke ¾uzqík rðhkuÄe LkeríkLkk fkhýu ÃkkÞ{k÷ ÚkE økÞk Au. íÞkhu Mkhfkh f]r» íkkÞVk çktÄ fhe ®Mk[kELke Mkw Ãkku»kýûk{ ykÃkðk{kt Vk¤ðu çkunk÷ ¾uzqík çkuXku ykÃk yk¢kuþ zeMkkLkk økkuðk¼kE ËuMkkEyu ÔÞõík fÞkuo Au.

íkkífkr÷f òuEyu Au

yLkw¼ðe / çkeLk yLkw¼ðe (1) E÷ufxÙef÷ MkwÃkhðkEÍh

(h) MkuVxe ykurVMkh

MkkExLkwt Lkk{ : {wzuXk, ¼e÷ze ÃkkMku, zeM

ÞkuøÞ ÔÞrfíkyu ÃkkuíkkLkk çkkÞkuzuxk íkÚkk YçkY Lke[uLkk yuzÙuMk Ãkh {¤ðwt.

M/s su.yu[. ÃkhçkeÞkk(.÷e{exuz

LÞw ErLzÞk hkuz : Mk{eh yuÃkkxo{uLx y÷fkÃkwhe, EzMkELz çkUf Mkk{u, ðzkuËhk

íkkhe¾ : h3-0Ãk-h017, Mkðkhu 11.00 f

VkuLk Lkt. 0h6Ãk - h339Ãkh6, {ku. 966h

òuuh yk¼kh

ÃkLkuhk íkk÷wfkLkk hrðÞk økúk [qtxýe{kt zuÃÞwxe MkhÃkt[íkhefu ðhýe ÚkE íku çkË÷ hksfeÞ ykøkuðk Ãkt[kÞíkLkk MkÇÞku, økúk{sLkku, þw¼uåAfkuyu {Lku su MkkÚk Mknk çkË÷ ËhufLkku ÔËÞÃkqðof òuuh yk¼kh

hksÃkwík çk¤ðtíkrMktn Mk{hík

LkðrLkÞwfík zuÃÞwxe MkhÃkt[

hrðÞk økúk{ Ãkt[kÞík, íkk.ÃkLkuhk, rs.çk.fkt.

çkuMkýwt

Mð. ðfíkwçkuuLk fkLkS¼kE [kiÄhe

Mð.íkk. 16/0Ãk/h017, {tøk¤ðkh

y{khk {kík]©e Mð. ðfíkwçkuLk fkLkS¼kE [kiÄhe (Ãkqðo MkËMÞ-fktfhus íkk÷wfk Ãkt[kÞík) íkk. 16/0Ãk/h017 Lku {tøk¤ðkhLkk hkus Ëuð÷kuf ÃkkBÞk Au. ¼økðkLkLku økBÞwt íku ¾Y.

MkËTøkíkLkwt çkuMkýwt íkk. h0/Ãk/h017 Lku þrLkðkhLkk hkus Mk{ksLkk rhík-rhðks {wsçk y{khk rLkðkMk MÚkkLk f]»ýLkøkh (yÄøkk{) íkk. fktfhus ¾kíku hk¾u÷ Au.

r÷.

fkLkS¼kE LkkÚkk¼kE [kiÄhe

nhS¼kE fkLkS¼kE [kiÄhe

f]»ýLkøkh (yÄøkk{) íkk.fktfhus (çkLkkMkfktXk) {ku

çkuMkýwt / ç

Mð. ÷û{eçkuLk ÷økÄehS Xkfkuh

Mð. íkk. 1Ãk/Ãk/h017

y{khk Ãkq.{kík]©e ÷û{eçkuLk ÷økÄehS XkfkuhLkwt Ëw:¾Ë yðMkkLk íkk. 1Ãk/Ãk/2017 Lkk hkus ÚkÞu÷ Au («¼wLku økBÞwt íku ¾Y) MkËTøkíkLkwt çkuMkýwt / çkÃkkuhku íkk. 19/Ãk/2017Lkk hkus Lke[uLkk MÚk¤u hk¾u÷ Au.

MÚk¤ : ðkzehkuz, {u÷ze {kíkk Lkk {trËhLke çkksw{kt, zeMkk {ku. 9898141462

r÷.

şÞtrík¼kE ÷økÄehS Xkfkuh (Ãkwºk)

h{uþ¼kE ÷økÄehS Xkfkuh (Ãkwºk)

ËþhÚk¼kE ÷økÄehS Xkfkuh (Ãkwºk)

¼hík¼kE ÷økÄehS Xkfkuh (Ãkwºk)